RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# માસિક પત્રિકા

Issue : 6, Year: 69, September, 2022, Pages: 52, Price Rs. 7.00




આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ


નવરાત્રિ

# ઝાલાવાડી સ્થા. જૈન સભા મુંબઈ





## લોનાવલા સેનેટોરીયમ નવીનીકરણ યોજનામાં

પરમ પૂજ્ય પિતાશ્રી છબીલદાસ ચુનીલાલ શાહ (ગેડીવાળા)

ની ૫૧ મી પુણ્યતિથિ નિમિત્તે





તેમના પરિવાર હસ્તે

### રૂા. ત્રણ લાખનું અનુદાન

અ.સૌ. ઈલા ભરત શાહ — અ.સૌ. ભારતી ઈલેશ શાહ

પ્રીતિ રાજેશ શાહ — અ.સૌ. દક્ષા સંજય શાહ

હાલ - સાયન - ઘાટકોપર

## લોનાવલા સેનેટોરીયમ નવીનીકરણ યોજનામાં

ચુડા નિવાસી હાલ (માટુંગા / સાયન)




### રૂા. ત્રણ લાખનું અનુદાન

ગીતાબેન અતુલભાઈ શાહ — દિવ્યાબેન પંકજભાઈ શાહ

મોનલ પારસ શાહ — પ્રાચી પલક શાહ

અર્પિતા પ્રતીક સરૈયા — ઝીલ પ્રિયાંક સંઘવી




H. Kantilal & Co. - Sakinaka

સ્વ. લીલાવંતી કાન્તીલાલ શાહ — સ્વ. કાન્તીલાલ ઉજમશી શાહ

## શૈક્ષણિક ઉત્કર્ષ યોજના

જોરાવરનગર નિવાસી હાલ અંધેરી - મુંબઈ




### સ્વ. ભારતભાઈ શશિકાંતભાઈ શાહ
### સ્વ. શશિકાંતભાઈ મોહનલાલ શાહના સ્મરણાર્થે

ડૉ હસુમતીબેન શશિકાંતભાઈ શાહ

ચિ. રાજાભાઈ શશિકાંતભાઈ શાહ — ચિ. અ.સૌ. મોનાલી રાજા શાહ

ચિ. અ.સૌ. ઉર્જા અક્ષયકુમાર એના

ચિ. રિયા, ચિ. રોહન





# BIO-DATA

## PERSONAL DETAILS

| | | |
|---|---|---|
| *Name* | – | *Jay Ajmera* |
| *Date of Birth* | – | *26th August'1996* |
| *Birth Time* | – | *09.35 AM* |
| *Birth Place* | – | *Rajkot, Gujarat* |
| *Height & Weight* | – | *5'-9" & 68 kgs* |
| *Caste* | – | *Zalawadi Sthnakwasi Jain* |
| *Native Place* | – | *Vichiya, Near Jasdan (Gujarat)* |
| *Hobbies* | – | *Cricket & Music* |
| *Contact No* | – | *98749-83078* |
| *E-mail* | – | *jay_ajmera@hotmail.com* |

## EDUCATION

- ISC from La Martinere for Boys Kolkata
- B.Com (H) from Calcutta University
- M.Sc in Innovation, Strategy and Entrepreneurship from Grenoble Ecole De Management, Grenoble, France

## PROFESSION

Family Business

J J House Pvt Ltd ● J J Gold Refinery Pvt Ltd ● J J Hallmarking Centre

## FAMILY DETAILS

GRAND FATHER – Lt. Jayantilal Chaganlal Ajmera
GRAND MOTHER – Lt. Jayaben Jayantilal Ajmera
FATHER – Harshadbhai Jayantilal Ajmera - 98300 42105
Occupation – Business
J J House Pvt Ltd ● J J Gold Refinery Pvt Ltd ● J J Hallmarking Centre
MOTHER – Pritiben Harshadbhai Ajmera – 98300 50524

## MATERNAL DETAILS

| | | |
|---|---|---|
| Maternal Grand Father | – | Lt Ratilal Matalia |
| Maternal Uncle | – | Rameshbhai Matalia – 93310 35003 |
| | | Lt Jitubhai Matalia - (Harshadaben – 98300-58040) |
| Paternal Uncle (Fua) | - | Vijaybhai Shah, Mumbai - 98690 22107 |
| Paternal Aunty (Faiba) | - | Charuben Shah, Mumbai - 99207 85962 |

## CONTACT DETAILS

Residence – Rameswara, 10th Floor, Flat # 10A,
10/4A Lala Lajpatrai Sarani, (Elgin Road)
Kolkata – 700 020
98300-42105 / 98300-50524

Advt.

BIO DATA

# APURV ASHVIN VASANI



**DATE OF BIRTH**
13th FEBRUARY 1997

**PLACE, TIME OF BIRTH**
VASAI ROAD, 6:10PM

**HEIGHT, WEIGHT**
5' 11", 70kg

**EDUCATIONAL QUALIFICATION**
- M.B.A (FINANCE) from I.C.F.A.I BUSINESS SCHOOL - MUMBAI.
- B.COM from MITHIBAI COLLEGE, MUMBAI.

**RELIGION**
VISHA SHRIMALI STHANAKWASI JAIN

**NATIVE PLACE**
RANPUR

**INTEREST**
CRICKET, MOVIES, TRAVELLING.

**OCCUPATION**
IMPORTER OF PACKAGING MATERIALS
AERISTO PACKAGING, VASAI ROAD

**FAMILY DETAILS**

**FATHER**
ASHVIN CHIMANLAL VASANI (M) : 9324802311

**OCCUPATION**
IMPORTER (SEAL PACK CORPORATION)

**MOTHER**
FALGUNI ASHVIN VASANI (M): 9321883250

**YOUNGER BROTHER**
ABHEE ASHVIN VASANI
(PURSUING EC ENGG. - 3RD YR)

**CONTACT DETAILS**

**RESIDENTIAL ADDRESS**
C/301-302, SHANTIVAN,
VASANT KARISHMA COMPLEX,
AMBADI ROAD, VASAI ROAD (WEST),
DISTRICT - PALGHAR, PINCODE - 401202.

**OFFICE ADDRESS**
GALA NO. A/17, PRASAD INDUSTRIAL ESTATE;

GALA NO. 13 & 24,
TUNGARESHWAR INDUSTRIAL ESTATE
SATIVALI ROAD, VASAI ROAD (E),
DISTRICT - PALGHAR, PINCODE - 401208.

**CONTAT NO.**
8369056559, 9324802311

**E-MAIL**
APURVVASANI@GMAIL.COM

**RELATIVE DETAILS**

**GRANDPARENTS**
LATE SHRI CHIMANLAL UJAMSHI VASANI
SMT. PUSHPABEN CHIMANLAL VASANI

**MOTA PAPA**
RAJESH CHIMANLAL VASANI (M) - 9324802344

**MOTI MUMMY**
JAYSHREE RAJESH VASANI (M) - 7977254610

**FAIBA - FUVA**
LEENA MUKESHBHAI PAREKH (M) - 9879522112
HEENA MILESHBHAI SHAH (M) - 9137939244

**MOSAL**
LATE SHRI BALWANTRAI PREMCHAND PATEL
SMT. PRAGNABEN BALWANTRAI PATEL
MITESH B. PATEL (WANKANER) (M) - 9898527408
ALPESH B. PATEL (WANKANER) (M) - 9428293456

**MASI-MASA**
VAISHALI JIGNESH SHAH (M) - 9377980700
ARCHANA NEMISH SAPANI (M) - 9409663464

Advt.

# MATRIMONIAL BIODATA

| | | |
|---|---|---|
| **NAME** | : | **BHUMESH PRAFUL VORA** |
| DOB/Time/POB | : | 18th July,1989/ 11:56 AM/ Vasai |
| Height/weight | : | 5'-5''/ 66 kgs |
| Caste | : | Sthanakvasi Jain (Zalawadi Visha Shrimali) |
| Native | : | Botad (Gujarat) |
| Appearance | : | Fair complexion |
| Contact details | : | 09923663936 (M) / bhumeshvora25@gmail.com |
| Residence 1 | : | A-503, Harmony Building Co. Housing Society Ltd, Mahavir Nagar, Kandivali (W) |
| Residence 2 | : | A/601/602, Palms Residency, Suncity Area, Opp. St Francis School, Vasai Rd (W) |



## ABOUT ME:

**Education:**
- B.E. (Computer) – Atharva College of Engineering

**Occupation:**
- Business (Stainless Steel Nuts and Screw Manufacturing)
- Off. Address: Arihant Fasteners, Gala no. 12/13,
  Azad Nagar, Opp. Merchant Ind. Est, Golani, Vasai Rd (E) – 401202

**Interests:**
- Watching movies, listening music, travelling, dancing, photography,cricket

## FAMILY PROFILE:

| | | |
|---|---|---|
| Father | : | Mr. Praful Shantilal Vora (09322260112/ 7021156968) (Bhumesh Enterprises – Hardware & Steel Trading) |
| Mother | : | Mrs. Manish Praful Vora (08329237505) (Home Maker) |
| Brother | : | Vivek Praful Vora (B.E. Instrumentation) Engaged to Vidhi Dilip Zangda (Bhuleshwar) |


## Paternal Native:

| | | |
|---|---|---|
| Grand Parents | : | Late Shri Shantilal Vardhaman Vora<br>Late Smt. Savitaben Shantilal Vora |
| Uncles | : | Mr. Jitubhai Shantilal Vora (M-092255948596)-Vasai W<br>Mr. Kirtibhai Shantilal Vora (M-09324422644) -Vasai W |

## Maternal Native:

| | | |
|---|---|---|
| Grand Parents | : | Late Shri Dineshchandra Manilal Shah<br>Smt. Bhartiben Dineshchandra Shah<br>(M-09029146397)-Dombivali |
| Marital Status | : | Divorced (Mutually in 6 Months) |

Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

સપ્ટેમ્બર ૨૦૨૨
વર્ષ : ૬૯ : : અંક: ૬
: તંત્રી :
સંધ્યાબેન બિપિનભાઈ શાહ
માલિક:
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
: મુદ્રક અને પ્રકાશક :
પ્રવીણચંદ્ર જી. શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો.: ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન:૦૨૨–૩૫૭૪૦૮૧૧
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–
છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦


*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રકાશિત થતા લેખોમાં દર્શાવેલા વિચારો લેખકના પોતાના છે, તેની સાથે સભાના હોદ્દેદારો અને તંત્રી સંમત છે તેમ માની લેવું નહિ.*



## આત્મશુદ્ધિના પાવન મહાપર્વ

# પર્યુષણના

## પુનિત અવસર પર

## ગત વર્ષમાં થયેલ

## જ્ઞાત અજ્ઞાત, અવિનય,

## રાગ–દ્વેષ માટે

# મિચ્છામિ દુક્કડમ્








# મધુબની ચિત્રશૈલી

મધુબની ચિત્રશૈલીનો ઉદ્ભવ મિથિલામાં થયો હોવાથી તેને મિથિલા ચિત્રશૈલી તરીકે પણ ઓળખવામાં આવે છે. બિહારના મિથિલા, દરભંગા અને નેપાળના જનકપુર જેવા તરાઈ પ્રદેશોમાં આ શૈલી ખૂબ જ વ્યાપક છે. પૌરાણિક કથાઓના આધાર અનુસાર મિથિલાના રાજા જનકે રામ-સીતાના વિવાહ વખતે આખી મિથિલા નગરીને શણગારવા રસ્તા પર રંગોળીના રૂપમાં અને ઘરોની દીવાલો પર મધુબનીનું ચિત્રણ કરાવ્યું હતું. ભારતની આ ભવ્ય અને પ્રાચીન ચિત્રકળા આજે પણ એટલી જ પ્રસિદ્ધ છે. પહેલાના સમયમાં ઘરોની દીવાલો પર કે રંગોળીના રૂપમાં જોવા મળતી અને ફક્ત બ્રાહ્મણ મહિલાઓ દ્વારા જ કરવામાં આવતી, પરંતુ હાલમાં મિથિલાંચલ ક્ષેત્રની લગભગ દરેક મહિલા આ ક્ષેત્રમાં નિપુણ છે અને પુરુષો પણ તેનું ચિત્રણ કરવા લાગ્યા છે, અને આ ચિત્રોની લોકપ્રિયતા વધતા વ્યવસાયીકરમ માટે તે કપડાં, કાગળ અને કેનવાસ પર પણ કરવામાં આવે છે.

મધુબનીના ભીંતીચિત્રો માટીની દીવાલો પર કરવામાં આવે છે. ભગવાનના ઓરડામાં, વિવાહિતોના ઓરડામાં અને ઘરમાં પૂજા, તહેવાર, ઉત્સવ, લગ્ન કે ઉર્પનયન જેવા પ્રસંગોએ તે ઘરની બહારની દીવાલો પર કરવામાં આવે છે. મધુબની ચિત્રોમાં દેવી-દેવતાઓના, સૂર્ય, ચંદ્ર, વૃક્ષો, તુલસીનો છોડ, સામાજિક સમારોહ તથા રાજદરબારોનાં દૃશ્યો દોરવામાં આવે છે, વચ્ચે રહેલી ખાલી જગ્યાઓ પશુ, પક્ષી, ફુલ, પાંદડા વગેરેને ચિત્રોથી ભરવામાં આવે છે. ચિત્રોમાં વધુ કરીને ઘેરા તથા ઓછા પ્રમાણમાં આછા રંગોનો ઉપયોગ થાય છે. બધા જ રંગો ઘરવપરાશની અથવા કુદરતી વસ્તુઓમાંથી મેળવવામાં આવે છે. જેમ કે સફેદ રંગ ચોખાના લોટમાંથી કાળો રંગ કાજળ અને ગોબરના મિશ્રણથી, લાલ રંગ પીપળાની છાલ કે પલાશના ફૂલમાંથી, હળદરમાંથી પીળો વગેરે રંગો મેળવવામાં આવે છે. ચિત્રો બનાવવા તથા રંગકામ માટે વાસની કલમ, આંગળી, બ્રશ માચીસની સળીઓ વગેરેનો ઉપયોગ થાય છે. આ કળાની પરંપરા પેઢી દરપેઢી ચાલતી રહેતી છે. ભારત સરકાર દ્વારા આ કળાને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે, ખેતી ઉપરાંત આવકના સાધન રૂપે કાગળ કે કેનવાસ પર કરી તેને વિશ્વના બજારોમાં વેચવામાં આવે છે, મધુબની ચિત્રકળા બિહારની આદિવાસી પાસવાન જેવી અનેક જાતિઓની આવકનું મુખ્ય સાધન છે.



❖❖❖



# મિચ્છામિ દુક્કડમ્

□ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

જૈન દર્શનમાં ક્ષમાપનાના બે પ્રકાર બતાવ્યા છે ! એક દ્રવ્ય-ક્ષમાપના અને બીજી ભાવ-ક્ષમાપના, દ્રવ્ય-ક્ષમાપનામાં માત્ર ઔપચારિકતા હોય છે. વ્યક્તિ એનો અર્થ જાણતી હોય છે પણ જેની સાથે ક્ષમાપના કરવાની હોય એને ખરા હૃદયથી એ ક્ષમાપના કરતી ન હોય. ખરા હૃદયથી થતી ક્ષમાપના એ ભાવ-ક્ષમાપના છે. જેની પાસે સમ્યગ્ દૃષ્ટિ છે એ જ આત્મા ભાવ-ક્ષમાપના કરી શકે છે. અનંતાનુબંધી કષાયોના ઉપશમાદિ-ભાવે ભાવ ક્ષમાપના પ્રગટે છે. કોઈ ભૂલ એવી હોય છે જે દિવસમાં જ સમજાઈ જાય, કોઈ ક્રોધ એક દિવસ ચાલે, કોઈ પંદર દિવસ ચાલે તો કોઈ ચાર મહિના ચાલે છે. કોઈ ક્રોધ પાણીમાં પડેલી કાંકરી જેવો હોય છે, કોઈ ક્રોધ નદીની રેતીમાં દોરેલી લીટી જેવો હોય છે જે પવન આવતા ભૂંસાઈ જાય. કોઈ ક્રોધ શિલાલેખ જેવો હોય છે. આથી જ દૈનિક પ્રતિક્રમણથી ચોવીસ કલાકની ભૂલની ક્ષમા માગી શકાય. પાક્ષિક ક્ષમાપનાથી પખવાડિયાની, ચોમાસી પ્રતિક્રમણથી ચાર મહિનાની ભૂલોની ક્ષમા માગીએ છીએ. પરંતુ કોઈનો ક્રોધ હઠીલો હોય તો એના વેરની ગાંઠ વર્ષે ખૂલે. આને માટે સંવત્સરી પ્રતિક્રમણ છે.

દૈનિક ક્ષમાપનાથી કષાયોની મંદતા થાય છે. પાક્ષિક ક્ષમાપનાથી સંજવલના ક્રોધ, માન, માયા, લોભ રૂપ કષાયોનો ઉપશમ કે ક્ષયોપશમ થાય છે. ચાતુર્માસિક ક્ષમાપનાથી પ્રત્યાખાની કષાયો અત્યંત ઉપશમ પામે છે, અને સાંવત્સરિક ક્ષમાપનાથી અપ્રત્યાખાની ક્રોધ, માન, માયા, લોભરૂપ કષાયોનું જોર ટળે છે અને અનંતાનુબંધી -કષાયોનો ઉદય થતો નથી.

ક્ષમા તારક છે, રાગ મારક છે. ક્ષમાનો બુદ્ધિમાં ઉદય થાય તો વેર અને વિરોધ પ્રગટી શકતા નથી પરંતુ રજોગુણી કે તમોગુણી બુદ્ધિથી થયેલી ક્ષમાપના આત્મશુદ્ધિ લાવતી નથી. સાત્ત્વિક બુદ્ધિથી થયેલી ક્ષમાપના અનેક પાપકર્મોનો નાશ કરે છે અને ભવિષ્યમાં નવા કર્મો બંધાતાં અટકી જાય છે. જો એક વર્ષની મુદતમાં કોઈના પર દ્વેષ જાગ્યો હોય કે વેર થયું હોય તો એની ક્ષમાપના કરી લેવી જોઈએ. જો આમાં ચૂકી જઈએ તો કર્મની પાટી પર એ ભૂલ વ્રજલેખ બની જશે. આમ થાય તો વ્યક્તિનું સમ્યકત્વ ટળી જાય અને મિથ્યાત્વ ઉદયમાં આવે, આથી પર્વાધિરાજનું ક્ષમાપનાનું કર્તવ્ય ખૂબ જ મહત્ત્વનું બની રહે છે.

સાધનાના સાત દિવસ પૂર્ણ થતાં સિદ્ધિનો સંવત્સરિ દિન ઊગ્યો છે. વેરના અંધારકૂપમાં, દ્વેષના દાવાનળમાં, બદલાની બૂરી ભાવનામાં જીવતા માનવીને માટે આત્મીય પ્રેમને કાજે પ્રાયશ્ચિતનું પર્વ ઊગ્યું છે. આજે મહિમા છે 'મિચ્છામિ દુક્કડમ્' નો પરંતુ માત્ર ક્ષમાપનાના કાર્ડ લખ્યા કે હાથ જોડી ક્ષમા માગીએ એટલું પૂરતું નથી. આજે ક્ષમાપનાની કક્ષા વિચારવી જોઈએ અને તેમાંથી સાચી ક્ષમાપનાની ખોજ કરવી જોઈએ.

શાસ્ત્રગ્રંથોએ ક્ષમાપનાના પાંચ પ્રકાર દર્શાવ્યા છે. પ્રથમ પ્રકાર છે ઉપકારક્ષમા. ક્યારેક ઉપકારને કારણે વ્યક્તિ ક્ષમાવૃત્તિ ધારણ કરતો હોય છે. ક્ષમાનું કારણ એ હોય છે કે જો એ ક્રોધ કરે તો સામી વ્યક્તિ પાસેથી પ્રાપ્ત થતાં ઉપકારકો અટકી જાય. આજીવિકા માટે નોકર શેઠનો ગુસ્સો સહન કરે કે નોકરી માટે પોતાના અધિકારીનો ઠપકો સહન કરે તેને ઉપકાર ક્ષમા કહે છે.

ક્ષમાનો બીજો પ્રકાર છે અપરાધ ક્ષમા. સામી વ્યક્તિએ અપરાધ-અપકાર કર્યો હોય અને તેમાં છતાં એને ક્ષમા આપવી પડે. કોઈ શક્તિશાળી તે સત્તાશાળીએ દુર્વર્તન કર્યું હોય તો નિર્બળ એને એના અપરાધની ક્ષમા આપી દેશે. આમ અપકાર કરનારી વ્યક્તિ સત્તા, સંપત્તિ કે સામર્થ્યવાન હોય ત્યારે ભયને કારણે એને ક્ષમા આપવામાં આવે તેનું નામ છે અપકાર ક્ષમા.

ક્ષમાનો ત્રીજો પ્રકાર છે વિપાક ક્ષમા. ક્રોધનાં કડવાં ફળ આપણે જોયા હોય, એનાથી કુટુંબમાં સળગેલી કંકાસની હોળી નિહાળી હોય ત્યારે કોઈ ક્રોધનું કારણ મળે પરંતુ ક્રોધના પરિણામ જાણકારી વ્યક્તિ સાવચેત બની જાય અને ક્રોધ કરવાને બદલે ક્ષમા કરે. આને વિપાક ક્ષમા કહેવામાં આવે છે.

આ ત્રણ પ્રકારની ક્ષમા મિથ્યાદૃષ્ટિ જીવને પણ થઈ શકે છે. પરંતુ બાકીની બે ક્ષમા સમ્યક્દર્શનની પ્રાપ્તિ વિના શક્ય નથી. અને આ બે ક્ષમા છે વચન ક્ષમા અને ધર્મ ક્ષમા. વચનક્ષમામાં પરમાત્માના વચનો સ્મરીને શ્રાવક ક્ષમા આપતો હોય છે. જિનેશ્વરની આજ્ઞા એ જ સાચો જીવનપંથ દર્શાવનારી છે. એ આજ્ઞા પ્રમાણે જીવવું એ જ પરમ અને ચરમ કર્તવ્ય છે.

આવું સમજનારી વ્યક્તિ ક્રોધ જગાડે તેવા સંજોગોમાં પણ વિચારશે કે ક્રોધ કરવો નહીં તેવી જિનઆજ્ઞા છે તેથી આવા પ્રતિકૂળ સંયોગોમાં પણ ક્ષમા રાખવી. આ રીતે પરમાત્માની તારક વાણીને પરિણામે ક્ષમા આપે છે અને તે છે વચન ક્ષમા.

સાધનાના પ્રારંભે વ્યક્તિ પ્રયત્નપૂર્વક કે જુદા જુદા ઉપાયો અજમાવીને ક્રોધને જીતવાનો પ્રયાસ કરતી હોય છે. પરંતુ સમય જતા ક્ષમા એ વ્યક્તિનો સ્વભાવ બનવી જોઈએ. પહેલા ક્ષમા રાખવા માટે એ પ્રયત્નશીલ હોય, પછી એને માટે ક્ષમા અનાયાસ અને સાહજિક બની જાય. વિચાર અને ભાવના દ્વારા ક્ષમા એના આત્મામાં પરિણમે છે અને તેને પરિણામે કોઈપણ વિપરિત પરિસ્થિતિમાં એનો આત્મા પ્રસન્નતા જ પ્રગટાવતો રહેશે. આ પ્રકારની ક્ષમાને ધર્મરક્ષા કહે છે. આજે 'મિચ્છા મિ દુક્કડમ્' કહીએ ત્યારે વચનક્ષમા અને તેથી પણ આગળ ધર્મક્ષમા પામવાનો સંકલ્પ કરીએ.

# હૂંફ એટલે શું ?

**આ**જે એ યુવક ફરીથી એની ઘરડી માને નાના બાળકની જેમ એક લાંબી ચાદર જેવા કપડામાં લપેટી, એનો એક છેડો પોતાને ખભે ભરાવી બહાર બગીચામાં લટાર મારવાં નીકળ્યો તો હું પૂછયા વગર ન રહી શકી.

એને એક બેંચ પર બેસેલા જોતાજ હું મારો સવાલ લઈ એની પાસે પહોંચી ગઈ...

તમે રોજ સાંજે અહીં આવો છો. હું તમને જોવું છું. એમાં કોઈ શક નથી કે તમે ખૂબ સારા સંતાન છો જે પોતાની ઘરડી જનેતાને આટલું સાચવે છે છતાં મને એમ થાય કે તમે એમને આમ ઉચકીને કેમ લાવો છો ? તમે વ્હિલચેર કેમ નથી વાપરતા ?''

એ યુવક મારી સામે જોઇને સહેજ હસ્યો. પછી કહ્યું,

''જ્યારે હું નાનો હતો ત્યારે બહું કમજોર હતો. વારે વારે બીમાર પડી જતો. જરીક વાતાવરણ બદલાય કે તરત મને તાવ આવી જતો. એ વખતે આ મારી મા મને આમજ કપડામાં લપેટીને, એની છાતિસરસો બાંધીને રાખતી. મને એ વખતે બહું સારું લાગતું. એક અનેરી હૂંફનો અહેસાસ થતો. હું ઘણો મોટો થયો ત્યાં સુંધી માનો એ ક્રમ ચાલુ રહેલો...

આજે હું સ્વસ્થ છું. મારી મા વૃધ્ધ થઈ છે, અશક્ત છે. એ હવે લાંબુ નહિ ખેંચે એમ ડોકટરે કહી દીધું છે. જીવનની ભાગદોડમાં હું વ્યસ્ત થઈ ગયેલો. મારી માને મારી જરૂર હોઇ શકે, એ આટલી કમજોર બની જશે એવું મેં વિચાર્યું જ ન



હતું. ડોક્ટરના શબ્દો સાંભળીને મને મારી પોતાની જાત ઉપર ખૂબ ગુસ્સો આવેલો. બસ, ત્યારથી નક્કી કર્યું કે રોજ વધારે નહિ તો અડધો કલાક હું મારી મા સાથે ગાળીશ. હવે એ બોલી કે સાંભળી નથી શકતી પણ અનુભવી શકે છે. જ્યારે હું બોલી નહતો શકતો ત્યારે મારી મા મને આમ ઉઠાવતી હતી. આજે એ બોલી-સાંભળી નથી શકતી તો હું એને મારી જેમ બને એમ નજીક રાખું છું...જેથી એને સારું લાગે ! સાચું કહું તો આમ કરવાથી મને પોતાને બહું સારું લાગે છે. મારું વજન પહેલા બહુ વધી ગયું હતું એ હવે કાબૂમાં આવી ગયું, મારા મારી પત્ની સાથેના નાના ઝઘડા બંધ થઈ ગયા. એણે મહેસૂસ કર્યું કે જે પુરુષ પોતાની ઘરડી, અશક્ત માનું આટલું ધ્યાન રાખી શકે એ એને પોતાનેય આમ જ સાચવશે ! મારા બાળકોની નજરમાં મારા માટે, મારી મા માટે આદર છે ! ઘરમાં કોઈ વડીલ હોય તો એનું કેમ ધ્યાન રાખવું એ, એ લોકો મને જોઈને શીખી રહ્યા છે...!!''

અચાનક થોડી ઠંડી હવા ફૂંકાતા એ યુવક ચાદર જેવા એ કપડાંને એની માના શરીરે થોડું સરખી રીતે લપેટીને ચાલતો થયો, ''માને ઠંડી લાગી જશે...મારે નીકળવું પડશે.''

હું હજી એને જતો જોઈ રહી છું. ત્યાંજ બાબાગાડીમાં સૂતેલા મારા દીકરાને લઈને આયા આવી.

મેં એને ઉઠાવીને, મારી છાતી સાથે ભીંસીને તેડી લીધો અને આયાને કહ્યું કે આ બાબાગાડી તું જ રાખી લે. મારે હવે એની જરૂર નથી !

મારી આંખોમાંથી અનાયાસ જ આંસુ વહી આવ્યા આજે મારા વરસના થવા આવેલા બાબલાએ મને પહેલીવાર''મા'' કહ્યું !

❖❖❖

# રાષ્ટ્રીય ભિક્ષુક મણિભાઈ કોઠારીની પાવન સ્મૃતિ

કવિગુરુ રવીન્દ્રનાથ ટાગોર ગુજરાતમાં હતા. દાંડીકૂચ આસપાસનો એ સમય હતો. ગુજરાત તથા ભારતમાં મહાત્માની હાકલને કારણે મુક્તિ માટેનો સંગ્રામ પુરજોશમાં ચાલતો હતો. કવિગુરૂ ગાંધીજીને અમદાવાદમાં મળે છે. ગુરુદેવને શાંતિનિકેતન ચલાવવા માટે ગુજરાતના રાજવીઓ તેમજ શ્રેષ્ઠીઓએ સારી એવી મદદ કરી હતી તે જાણીતી વાત છે. ગુરુદેવ ટાગોર મહાત્માને મળે છે ત્યારે તેમને ખબર છે કે ગાંધીજી સારા કામો માટે ફાળો ઉઘરાવવામાં કાબેલ વ્યક્તિ છે. કવિવર આ સંદર્ભમાં ગાંધીજીને પૂછે છેઃ ''બાપુ, ફંડ ઉઘરાવવામાં આપ મણિલાલજી કરતા પણ વિશેષ અસરકારક છો ? મહાત્મા પોતાની આદત મુજબ વિચારપૂર્વકનો જવાબ આપે છેઃ ફાળો એકત્રિત કરવામાં અસરકારક તો હું ખરો પરંતુ મને પાઈ-પૈસો મળે અને મણિલાલને માણેક-મોતી મળે !'' ગાંધીજીએ મણિભાઈને તેમની ફાળો ઉઘરાવવાની ક્ષમતાના કારણે 'રાષ્ટ્રીય ભિક્ષુક'નું બિરૂદ આપ્યું હતું. મહાત્માની પોતાના એક સાથી માટેના ભાવથી મણિભાઈ વિશે કેવા શબ્દો વાપરે છે તેમાં મહાત્માની મોટાઈ અને મણિભાઈની પ્રતિભા એ બંને બાબતો એક સાથે સ્પષ્ટ થાય છે. સ્વાભાવિક રીતે જ મહાત્માના મુખેથી આવું બિરૂદ પ્રાપ્ત કરનારા મણિભાઈ કોઠારી વિશે જાણવાનું મન થાય. મણિભાઈ સુરેન્દ્રનગર જિલ્લાના હતા. આ જિલ્લાએ આઝાદીના સંગ્રામમાં અનેક વીરોની ભેટ આપી હતી. એમ બનવાનો સંભવ છે કે આ તેજસ્વી સીતારાઓમાંથી કેટલાકને પૂરતી પ્રસિદ્ધિ ન પણ મળી હોય. તેમના નામ બહુ જાણીતા ન પણ હોય. અનેક કારણોસર આવી સ્થિતિ હશે પરંતુ તેનાથી આવા વીરોનું યોગદાન સહેજ પણ ઓછું કે ઉતરતું ગણાશે નહિ. મણિભાઈ કોઠારીને તો ગાંધીજીએ અહોભાવ થાય તેવું પ્રમાણપત્ર આપ્યું. પરંતુ ઘણા એવા હશે કે જેમને જગત ઓળખતું નહિ હોય. મણિભાઈએ ફુલચંદભાઈ શાહ કે અમૃતલાલ શેઠ (રાણપુર)ની હરોળમાં મૂકી શકાય તેવા મહત્વના સ્વાતંત્ર્ય સેનાની છે.

મણિભાઈ કોઠારીનો જન્મ સાતમી ઓગસ્ટ, ૧૮૯૦ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા તાલુકાના ભૃગુપુર ગામમાં થયો હતો. મણિલાલ કોઠારીનું અવસાન ૧૯૩૭માં અમદાવાદમાં થયું. જીવનભર તેઓ દેશની મુક્તિ માટે ઝઝૂમતા રહ્યા. પોતે માતૃભૂમિની મુક્તિનું દર્શન ન કરી શક્યા પરંતુ તેનું સ્વપ્ન અનેક લોકોના મનમાં રોપીને આ જગતમાંથી ગયા.

મહાત્મા ગાંધીએ માર્ચ-૧૯૩૦માં ઐતિહાસિક દાંડીકૂચનો પ્રારંભ કર્યો. દાંડીકૂચ દરમિયાન મહાત્મા ગાંધીની ધરપકડ થશે તેવી એક વ્યાપક માન્યતા હતી પરંતુ તેમ થયું નહિ. દાંડીકૂચનાં અંતે છઠ્ઠી એપ્રિલ, ૧૯૩૦ના રોજ દાંડી પાસેના કરાડીના દરિયાકાંઠેથી મીઠું ઉપાડીને ગાંધીજીએ કાનૂનભંગ કરવો તેમ નિર્ણય થયો હતો. આ દિવસે આખા દેશમાં પણ મીઠાના અન્યાયી કાયદાનો ભંગ કરવાનો બાપુનો સંદેશ હતો. મીઠા જેવી સામાન્ય માણસને ઉપયોગી એવી વસ્તુ પર અંગ્રેજ સરકારે આકરો વેરો (ફ્રિંઢ) ઝીક્યો હતો તેની સામેનું બાપુએ આદરેલું આ ધર્મયુદ્ધ હતું. દાંડીકૂચનો નિર્ણય એ અનેક લોકોને ગળે ઉતર્યો ન હતો. તેવા લોકોનું મંતવ્ય એવું હતું કે અંગ્રેજ સત્તાને ખરેખર ઝાટકો આપવો હોય તો વધારે જલદ પગલાં ભરવા જોઈએ. પરંતુ આ દેશના સામાન્ય જનસમુદાયની નાડી પારખવાની શક્તિ મહાત્મા ગાંધીમાં હતી. બાપુ બરાબર જાણતા હતા કે છેવાડાના માણસને પણ સ્પર્શ કરી જાય તેવા મુદ્દા પર લડત થાય તો જ દેશમાં જનજુવાળ પેદા કરી શકાય. ક્રાંતદ્રષ્ટા બાપુ સાચા પુરવાર થયા. સમગ્ર દેશમાં એક નૂતન ચેતનાનો સંચાર થયો. કવિ કૃષ્ણલાલ શ્રીધરાણીએ દાંડીકૂચનાં પ્રારંભે લખ્યું :

*આવવું ન આશ્રમે ના મળે સ્વતંત્રતા,*
*જીવવું મુવા સમાન ના યદિ સ્વતંત્રતા*

એપ્રિલ -૧૯૩૦ની છઠ્ઠી તારીખે જ્યારે બાપુ મીઠું ઉપાડીને સવિનય કાનૂનભંગ કરે ત્યારે દેશભરમાં આ લડતનો પ્રારંભ કરવાનો નિર્ધાર થયો હતો. ગુજરાતમાં ધોલેરા તથા વિરમગામ એ બંને મહત્વના સંઘર્ષના કેન્દ્રો હતા. ધોલેરાની લડતનું નેતૃત્વ અમૃતલાલ શેઠને સોંપવામાં આવ્યું હતું. વિરમગામ ખાતેની લડાઈ મણિલાલ કોઠારીના સબળ નેતૃત્વમાં ચલાવવાનું નક્કી થયું હતું. આ બાબત જોતા સ્પષ્ટ થશે કે મણિભાઈનું મહત્વનું સ્થાન તે સમયે કોંગ્રેસ તેમજ સંગ્રામસેનામાં હતું. વઢવાણથી મણીભાઈના નેતૃત્વમાં નીકળેલી સંઘર્ષસેના વિરમગામ સ્ટેશન પર પહોંચી. પ્લેટફોર્મ પર મહાત્મા ગાંધીના નામનો બુલંદ જય-જયકાર થયો. કાબેલ તથા યુવાન વકીલ મણીભાઈના નેતૃત્વમાં પંચાવન જેટલા વીરો ફના થવાની તૈયારી સાથે વઢવાણથી નીકળ્યા હતા.

વિરમગામમાં એક વિશાળ સરઘસ નીકળ્યું અને વઢવાણથી આવેલા શૂરાઓનું સન્માન થયું. અંગ્રેજ સત્તાનો ભય આ સમયે વિરમગામવાસીઓએ દૂર ફેંકી દીધો હતો. તેઓ ગાંધીના રંગે રંગાયા હતા. યુવાન એડવોકેટ મણિભાઈ હૈયાના લાગણીઓને નિયંત્રણમાં રાખી સ્વસ્થતાપૂર્વક એક પછી એક પગલાં ભરતા હતા. કદાચ કોઈના માન્યામાં પણ ન આવે કે દાંડીકૂચ શરૂ થવાના થોડા દિવસો પહેલા જ મણિભાઈના સદગુણી તથા ધર્મપરાયણ પત્નીનું અવસાન થયું હતું. બે નાની દીકરીઓ હતી. તેમનું રુદન પથ્થરને પણ પીગળાવે તેવું હતું. આવાં સંજોગોમાં પણ મણિભાઈ પોતે આપેલા દેશ માટેના કમિટમેન્ટમાં બાંધછોડ કરવા માંગતા ન હતા. સફળ એડવોકેટ તો તેઓ હતા જ. તેમની છટાદાર દલીલો કરવાની શક્તિથી ન્યાયધીશો પણ તેમનાથી પ્રભાવિત હતા. ન્યાયધીશની મોભા તથા સુખસુવિધાવાળી નોકરીની ઓફર તેમણે આઝાદીની લડતમાં ભાગ લઈ શકાય તે માટે એક ક્ષણના પણ વિલંબ સિવાય ઠુકરાવી હતી. ગાંધીના ગોવાળ મણિભાઈ મહાત્માના માનીતા સાથી હતા. સાતમી ઓગસ્ટ, ૧૮૯૦ના રોજ મણિભાઈનો જન્મ થયો હતો. આથી આ સમય તેમનું સ્મરણ વિશેષ રીતે કરવાના છે. ૧૯૩૭ના ઓક્ટોબરમાં તેઓ ગયા. મહાત્મા ગાંધીએ હરિજનબંધુના ૧૯-૧૦-૩૭ના અંકમાં પ્રિય સાથીને અલવિદા આપતા કહ્યું :

''મણિભાઈની ખોટ એમના કુટુંબને લાગે જ પરંતુ બીજા અનેક સેવાના ક્ષેત્રોમાં તેમની ગેરહાજરી ઘણાં કાળ સુધી જણાયા વિના નહિ રહે. ઈશ્વર એમના આત્માને શાંતિ બક્ષે.''

મહામુલા મણિભાઈની સ્મૃતિને વંદન કરવાનો આ સમય છે.

વસંત ગઢવી

## પત્તાનો અર્થ !



આપણે પત્તા રમીએ છીએ, મજા કરીએ છીએ.પરંતુ કદાચ બહુ ઓછા લોકો જાણતા હશે કે પત્તાની ડિઝાઈનનુ વિજ્ઞાન શું છે! અને સાથે જ તે પ્રકૃતિ સાથે પણ સંબંધિત છે. લિસ્સા લંબચોરસ કાગળમાંથી બનેલા પત્તાં ચાર પ્રકારના હોય છે.

દરેક જાતનાં ૧૩ કાર્ડ દરેક મળીને કુલ ૫૨ કાર્ડ બને છે.

પત્તાં એકથી દશ અંક સુધીના કાર્ડ + ગુલામ, રાણી અને રાજા સુધી ચિત્રો !

(૧) ૫૨ પત્તાં = ૫૨ અઠવાડિયા
(૨) ૪ પ્રકારના રંગ = ૪ ઋતુઓ
(૩) દરેક રંગના ૧૩ પત્તાં = દરેક ઋતુના ૧૩ અઠવાડિયા.
(૪) બધા કાર્ડના અંકનો સરવાળો એટલે
૧ થી ૧૩ = ૯૧ x ૪ = ૩૬૪
(૫) જોકર. ૩૬૪ + ૧ = ૩૬૫ દિવસ = ૧ વર્ષ
(૬) + એક વધારાનો જોકર, ૩૬૫ +૧= ૩૬૬ દિવસ એટલે લીપ વર્ષ
(૭) ૫૨ કાર્ડ્સમાં ૧૨ ચિત્ર કાર્ડ = ૧૨ મહિના.
(૮) લાલ અને કાળો રંગ = દિવસ અને રાત!

૨. દુગ્ગી = પૃથ્વી અને આકાશ,
૩. તીડી = બ્રહ્મા,વિષ્ણુ, મહેશ,
૪. ચોકી = ચાર વેદ
૫. પંજો= પંચ પ્રાણ (પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન, સમાન)
૬. છક્કી- ષડરિપુ (કામ, ક્રોધ, મદ, આસક્તિ, મત્સર, લોભ)
૭. સત્તો - સાત સમુદ્ર
૮. અઠો- અષ્ટ સિદ્ધિ
૯. નવો - નવ ગ્રહ
૧૦. દશો- દસ ઈન્દ્રિયો
૧૧. ગુલામ - મનની વાસના
૧૨. રાણી- માયા
૧૩. રાજા - મન બધી ઈન્દ્રિયોનો શાસક અને અંત મા જ્યાંથી શરુ થાયછે તે..
એક્કો- માણસનો અંતરાત્મા!

❖❖❖

# વિશ્રંભકથા

□ ધીરૂબેન પટેલ

મણિકર્ણિકાના ઘાટ ઉપર એ લોકોનો ભેટા થઈ ગયો.

વિશ્વાસની ચીડનો કંઈ પાર નહોતો. એક તો તેને શેમાંય શ્રદ્ધા નહીં, વળી પાછું પત્નીને મૂકીને આવવું પડ્યું તેથી તે બહુ નારાજ થઈ ગયો હતો. રસ્તે જાતજાતનો ખોરાક ખાઈને વેઠેલી શિક્ષા પૂરતી ન હોય તેમ અહીં આવ્યા પછી પણ ગોરને ત્યાં જમવાનું જ નક્કી થયું હતું. વિશ્વાસને એ જરાકે નહોતું ગમ્યું.


ઍરોપ્લેનમાંથી હમણાં જ ઊતરતો અંગ્રેજ પણ ન અનુભવે એટલી ઘૃણાથી તે આસપાસની ભક્તિભાવભરી મેદનીને જોતો હતો અને ચિતાના ધૂમાડાથી બળતી આંખો રૂમાલથી દાબ્યા કરતો હતો. આટલા લોકોના દેખતાં આવા ગંદા પાણીમાં નહાવું તે તેને શરમજનક લાગતું હતું. અને એવું કાર્ય કરનારાં જનકરાય અને મંગળા પોતાના માબાપ છે એ વાત બને તો ક્ષણભર ભૂલી જવાનો તેનો પ્રયત્ન હતો.

'શી અંધશ્રદ્ધા ! શું અજ્ઞાન !' તે મનમાં જ કચવાયો. માથે સૂરજ ચડ્યો હતો, સવારનું કશું ખાવા મળ્યું નહોતું અને લોકોનો કોલાહલ ક્ષણે ક્ષણે વધતો જતો હતો.

'યજમાન રાજાકી જય હો !'એક બ્રાહ્મણે આવીને તેને ચાંલ્લો કરવા હાથ લંબાવ્યો. વિશ્વાસને ઈચ્છા થઈ કે એકાદ તમાચો ચોડી દેવો. જેમ તેમ વશમાં રાખીને તેણે ખૂબ કરડી આંખે બ્રાહ્મણ સામે જોયું. પેલો ધીટ હતો. તેણે પૂછયું, બાબુજી ! કહાં ઠહરેંગે ?''

'જહન્નમમાં.' ધીરેથી બબડી વિશ્વાસે એકદમ પીઠ ફેરવી. મંગળા હજુ દેખાતી નહોતી. બ્રાહ્મણનો માખી જેવો બણબણાટ જાણે કાને પડતો જ નથી એમ રાખીને તે કેટલીક વાર ઊભો રહ્યો, પણ અંતે તેનાથી ન રહેવાયું.

મંગળાને લઈને આવવાનું વિશ્વાસને સોંપીને જનકરાય તો ક્યારના ઉતારે ચાલી ગયા હતા; ભલું હશે તો તે જમવા પણ બેસી ગયા હશે.



તે વિચારથી તેને વધારે ગુસ્સો આવ્યો. શી દુનિયા હતી ? તે પોતે કામ બગાડીને આ લોકોને જાત્રા કરાવવા નીકળ્યો હતો, પણ કોઈના મનમાં તલભારેય અહેસાન નહોતો. બીજી કોઈ મા હોય તો બે દહાડાના પડાવમાં પણ ઊની રસોઈ કરીને જમાડે. આ તો દેવદર્શન ને નદીનાળાંમાંથી ઊંચી જ નહોતી આવતી ને !

બાપુ પણ એવા હતા. શા માટે તેઓ એને હુકમ નહોતા કરતા કે દિવસમાં બે વાર નહીં તો એક વખત રાંધવું જ જોઈએ ? ખરું જોતાં એણે વિશ્વાસનાં કપડાં ધોઈ આપવાં જોઈએ. આવાં કરચલીવાળાં મેલાં કપડાં પહેરીને તે ફરાતું હશે ?

વખત સ્થિર થઈ ગયો હતો, માત્ર ગરમી વધતી જતી હતી. ભૂખ અને તરસથી વિશ્વાસ ખૂબ જ અકળાઈ ગયો હતો. આ પળે મંગળા દેખાય તો તેને શું કહી નાખવું તે નક્કી કરીને પણ હવે તે થાકી ગયો હતો. કેટલાયે લોકો નહાઈ નહાઈને ચાલ્યા, કેટલાક બ્રાહ્મણો પણ ચાદર અને ચંદનની વાટકી લઈને ઊઠવા માંડ્યા, પણ હજી મંગળાનો પત્તો નહોતો.

ઓચિંતો તેને વિચાર આવ્યો. લાખ તોયે આ જાત્રાનું ધામ કહેવાય. મંગળા ક્યાંક ખોવાઈ ગઈ હશે તો !

લોકોની આ અપાર ગિરદી - એ બિચારી આ પહેલી વાર જ ઘર છોડીને નીકળી હતી... વિશ્વાસને પેટમાં કંઈક થવા લાગ્યું. તેને પરસેવો વળી ગયો. હાંફળો ફાંફળો થઈને લોકોની ભીડમાંથી મારગ કાઢતો તે મંગળાને શોધવા લાગ્યો.

ન તેને હિંદી બોલતા આવડે, ન પૂરું નામ સરનામું આપતાં આવડે. કયા ગોરને ત્યાં જવાનું છે તેય તેને ક્યાં ખબર હતી ? બે ચાર પળમાં જ વિશ્વાસનો ગભરાટ વધી ગયો.

ક્યાંય ભૂરા રંગની સાડીવાળી બાઈ દેખાય કે તરત વિશ્વાસ એ બાજુ વળતો પણ કાં તો તે વધારે પડતી જાડી હોય કાં ઊંચી હોય, કાં મોટે મોટેથી ઘાંટા પાડી બોલતી હોય. મંગળાનો ઊંચો સૂર જ કોઈએ સાંભળ્યો નહોતો. હંમેશ તે ઘરમાં કામ કર્યા કરતી, બધાંને મરજી મુજબ રસોઈ બનાવી આપતી. કોઈનું કંઈ ખોવાય તો શોધી દેતી, જે કાંઈ વઢવા બેસે તેનું સાંભળી લેતી. હંમેશા તે બધાથી દબાતી આવી છે. પહેલાં સાસુ સસરાથી, પછી પતિથી, અને હવે વહુ-દિકરાથી.

કોઈ દિવસ કોઈ ચીજ તેણે પોતાની મરજીથી કરી હોય કે કોઈના કહેવાનો વિરોધ કર્યો હોય એવું વિશ્વાસને યાદ નથી.

તેને બહુ ઓછું બોલવાની આદત હતી. બોલે ત્યારે પણ નેણ નીચાં નમેલાં હોય, મુખ પર કોઈ ભાવ ન હોય વિશ્વાસ મોટો થયા પછી વિચારતો, માને વ્યક્તિત્વ જેવી કોઈ ચીજ જ નથી. સદાકાળ તે આવી જ રહેવાની. શું કરવું તે કહેનાર ન હોય તો તેનું શું થાય ? સહેજ ગર્વથી તે પોતાની પત્નીનો વિચાર કરતો, અને હરખાતો.

નાનપણથી જ તે માને દબડાવતો આવ્યો છે, એમાં કોઈ દિવસ અજુગતું નથી લાગ્યું. આજે આ અજાણ્યા શહેરના ઘાટ ઉપર આવી મેદનીમાં માને શોધી રહ્યા છે ત્યારે પણ તેના મનમાં એક જ વિચાર છે મા મળે ત્યારે તેને સારી પેઠે ધમકાવવી.

સાચે જ, તેને કંઈ ભાન નથી. વેળા કવેળા તે કશું જ સમજતી નથી. અહીં બે ડૂબકી મારીને બહાર નીકળ્યા પછી માણસ આટલાં પગથિયાં ચડીને ઉપર આવતાં કરી કરીને પણ કેટલી વાર કરે ?

કદાચ તે બ્રાહ્મણ પાસે પૂજા કરાવતી હશે. આટલી વારમાં તો સત્તર પેઢીના પૂર્વજોનો ઉદ્ધાર થઈ જાય...ઓ રહી એ !

એક બ્રાહ્મણની મોટી રંગીન છત્રીની પાસે ઊભી ઊભી બે સ્ત્રીઓ એક બીજીને ખભે હાથ મૂકીને ખૂબ રસપૂર્વક વાત કરી રહી હતી. ઘડીભર તો વિશ્વાસના પગ ખંચકાયા. ન હોય એ મંગળા ! પણ હતી તો એ જ.

ક્રોધથી આકળે થઈને વિશ્વાસ એ તરફ ધસ્યો. રસ્તામાં કોણ અથડાયું, કોણ પડ્યું, કોણે ગાળો દીધી તે કશું તેણે જોયું નહીં. મંગળાની છેક પાસે જઈને તેણે કહ્યું, 'મા !' પણ બેમાંથી કોઈએ એની સામે જોયું નહીં. બન્ને વાતના રસમાં તલ્લીન હતાં. એક સમાધિ લાગી ગઈ હતી. ખુલ્લા પગ બળતા નહોતા, લોકોની ભીડનો કંટાળો નહોતો, માથે સૂરજનો તાપ નહોતો, મણિકર્ણિકાનું જીવનની નશ્વરતા વડે ગમગીની પ્રેરતું વાતાવરણ પણ ત્યાં નહોતું.

બીજી સ્ત્રીએ તાળી આપતાં કહ્યું, 'મની, યાદ છે તે વખતે નાટકમાં તું રાજા થઈ હતી ને પેલી યશોદા બધું બોલવાનું જ ભૂલી ગઈ હતી તે ?'

'નામદાર... જહાંપનાહ... નામદાર...' કોઈકની નકલ કરતી, હસતાં હસતાં બેવડ વળી જતી આ સ્ત્રી શું પોતાની મા મંગળા હતી ? ખૂબ આશ્ચર્યથી વિશ્વાસ એની સામે જોઈ રહ્યો.

'અને શાંતિ, પેલું યાદ છે ? દિવાળીમાં ફટાકડા ફોડતી વખતે —'

'હા, એ તો મને બરાબર યાદ છે. તે વખતે તેં મને ખેંચી ન લીધી હોત તો હું બળી જ મરવાની હતી.'

'હવે જા, અને...'

વાતનો કોઈ અંત નહોતો. બે અલ્લડ કિશોરીઓની સ્નેહભરી મૈત્રી કેટલાંય વર્ષોના ગાળા પછી ફરી પાછી પાનેપાને સજીવન થઈ ઊઠી હતી. બે આધેડ સ્ત્રીઓના ચહેરા પર ફરી પાછા એના એ કુમળા આનંદના, અનંત કુતૂહલના ભાવો રમવા લાગ્યા હતા, વિશ્વાસ સ્તબ્ધ થઈને બધું સાંભળ્યા કરતો હતો.

કેટલીય વાર પછી મંગળાની નજર તેના પર પડી. તરત તેનું મોં વિલાઈ ગયું. ગભરાઈને તે બોલી ઊઠી.

'ક્યારનો ઊભો છે ભાઈ ?'

'આ-હમણાં જ.' વિશ્વાસ હળવેકથી બોલ્યો.

'આ શાંતિ મળી ગઈને એટલે. ક્યાં ગયા તારા બાપુજી ?'

'એ તો ગયા ઉતારે. ચાલ આપણે જઈશું ?'

'હંઅ, ચાલ ને !' અપરાધી ભાવે તે ઝટ ઝટ ભીનાં કપડાંની પોટલી ઊંચકવા લાગી.

'રહેવા દે, મા !' કહી વિશ્વાસે પોટલી લઈ લીધી અને સ્મિત સાથે તે પેલી અજાણી બાઈ તરફ ફર્યો.

'લાવો ને, તમારી પોટલી પણ લઈ લઉં.'

'લે ભાઈ, જીવતો રહે. તું તો શાનો ઓળખો માસીને ? હું ને તારી બા તો નાનપણમાં સાથે રમેલાં.'

રમેલાં... આ મા પણ એક દિવસ રમતી હતી ! એ એક નાનકડી છોકરી હતી ! વિશ્વાસના મનમાં કેટલાયે અજાણ્યા ભાવો મેઘધનુષ્યના રંગની પેઠે ઊમટી આવ્યા. ઉત્સાહભર્યો તે માને કંઈક કહેવા ગયો. વળી પાછાં એ બન્ને વાત કરતાં હતા.

'આ તારો છોકરો ? શું નામ ?'

'વિશ્વાસ.'

'નામ તો સારું છે. છોકરો પણ સારો છે.' જરા વાર બધાંએ ચાલ્યા કર્યુ.

પછી એકાએક શાંતિ બોલી ઊઠી. પણ એનું મોં વિનાયક જેવું તો સહેજે નથી !'

વિશ્વાસ આઘાત પામી મંગળા સામે જોવા લાગ્યો. એના મોં પર શાહી ઢળી ગઈ હતી. માંડ કરીને થડકાતા અવાજે એ બોલી. 'પણ શાંતિ, પછી મારો વિવાહ જ બીજી જગ્યાએ થયો હતો ને !'

બધાં શાંત રહી ગયાં. દરેકના મનમાં બેચેની હતી. બાળકના હાથમાંનો મોટો સાબુનો પરપોટો એની ચમકતી સપાટી પરના બધા રંગ સાથે ઓચિંતાનો ફૂટી ગયો હોય એવું લાગવા માંડ્યું. ઘાટનાં પગથિયાંનો પાર જ નહોતો આવતો. માથે સૂર્યનો તાપ પણ અસહ્ય હતો.

ઉપર જઈને મંગળાએ કહ્યું, 'ભાઈ, માસીને તારા બાપુજીનું નામ કહે.'

નામસરનામાં લઈને બેય ગૃહિણીઓએ ઠાવકાઈથી એક બીજાની વિદાય લીધી. પણ મિલન તો ત્યાં ઘાટને નીચલે પગથિયે જ પૂરું થઈ થયું હતું.

❖❖❖

# પ્રેમ અશક્યને શક્ય બનાવે છે

**અવંતિકા ગુણવંત**

**આ**ત્રેયી રોજ એની મમ્મી સુચિત્રાને મળવા આવે છે. પહેલાં તો અઠવાડિયે એક વાર આવતી હતી પણ હમણાં હમણાંથી એનું આવવાનું વધી પડ્યું છે, લગભગ રોજ આવે છે. એક જ શહેરમાં રહેતી દીકરી માને મળવા આવે એમાં નવાઈ નથી, એ મળવા ના આવે તો નવાઈ; પણ સુચિત્રા મૂંઝાય છે કે દીકરી આવે તો છે પણ કેમ કંઈ બોલતી નથી ?



મા-દીકરીનો સંબંધ એવો આત્મીય ગણાય છે કે કશું કહ્યા વિના ઘણું બધું કહેવાય જાય છે અને સમજાઈ જાય છે. દીકરીને જોઈને સુચિત્રાને એટલું સમજાય છે કે દીકરી બેચેન છે, કોઈ અજંપો એને પીડી રહ્યો છે. એ મને કહે નહીં તો શી રીતે આવશે એની સમસ્યાનો ઉકેલ ? શી રીતે દૂર થશે એની બેચેની, અજંપો ?

સુચિત્રા દીકરીની બાજુમાં બેસીને એને પંપાળે છે, એની ઉદાસ મુખમુદ્રા અને નિસ્તેજ આંખો જોઈને ચિંતામા ડૂબી જાય છે. એને થાય છે દીકરી કંઈ બોલે, એની મૂંઝવણ વિશે કંઈ કહે પણ દીકરી કંઈ કહેતી નથી. છેવટે સુચિત્રાએ સ્નિગ્ધ સૂરે પૂછ્યું, ''દીકરી, કંઈ તો બોલ. કોણે તને દુભાવી કે તું આટલી બેચેન બની ગઈ છે ?''

''મમ્મી, બહારની કોઈ વ્યક્તિએ મને દુભાવી નથી હું મારા કારણે જ દુઃખી છું.'' આટલું કહીને આત્રેયી થોડી વાર અટકી અને પછી બોલી, ''મેં ઝંખ્યુ હતું એ મને અરૂપમાં દેખાયું, એટલે તો અરૂપ સાથે હું જોડાઈ. ત્યારે મારી જાતને હું નસીબદાર માનતી હતી પણ... પણ હવે મને અરૂપના સંગે કોઈ સુખ નથી લાગતું.''

''કંઈ સમજાય તેવું બોલ.'' ઉચાટભર્યા સૂરે સુચિત્રા બોલી.

''મમ્મી, હવે મારા જીવનમાં મને ખાલીપો અનુભવાય છે, બધે સૂનકાર વરતાય છે, જાણે લગ્ન કરીને મેં કંઈ મેળવ્યું નથી. હું આખી જિંદગી હારી ગઈ, મેં બધું ગુમાવી દીધું હોય એવું લાગ્યા કરે છે. ત્યારે મને લાગતું હતું કે મારું સ્વપ્નું સાકાર થયું. હું મુગ્ધાવસ્થામાં પ્રવેશી ત્યારથી મારા મનમાં એક સ્વપ્નું રચાતું ગયું હતું કે હું લખલૂટ સંપત્તિની સ્વામિની બનીશ. હું દુનિયાના દેશોન સફર ખેડીશ. દેશ દેશની કલાત્મક વસ્તુઓ - ખાસ તો એન્ટીક પીસ ખરીદીને મારું ઘર સજાવીશ. મારા ઘરમાં અલગ એક લાઈબ્રેરી હશે જ્યાં પુસ્તકો જ પુસ્તકો હશે, ત્યાં દીવાલ પર સુંદર પેઈન્ટિંગ હશે મારી જિંદગીમાં કોઈ અભાવ નહીં હોય, અછત નહીં હોય.

મમ્મી, અરૂપ સાથે લગ્ન કરવાથી મને વૈભવી જિંદગી મળી, હું ધારું એટલા પૈસા ખરચી શકું છું છતાં હું સુખી નથી, મમ્મી હું સુખી નથી. મને સંતોષ નથી.''

સુચિત્રા ઠરેલ અને પરિપક્વ હતી. એ દીકરીની સાથે લાગણીમાં ઘસડાઈ નથી જતી પણ સ્વસ્થ અવાજે કહે છે, ''આત્રેયી, સદીઓથી દરેકે-દરેક માણસ સુખ શોધે છે. પણ કેટલાકને સુખ મળે છે અને સંતોષથી જીવે છે જ્યારે કેટલાક સુખ માટે વલખાં મારે છે પણ સુખી નથી થતા. જિંદગીભર તેઓ તડપ્યા જ કરે છે. દીકરી, વ્યક્તિએ વ્યક્તિએ સુખની વ્યાખ્યા અલગ હોય છે. માનસશાસ્ત્રીઓ કહે છે. માણસની મન વિચિત્ર છે. જે વસ્તુ એ ઝંખતો હોય અને એને એ મળે પછી એનું એને આકર્ષણ નથી રહેતું. ના મિલે સોના - મિલે તો મિટ્ટી.''

''તો મમ્મી, શું હું ચંચળ છું ? અસ્થિર મગજની છું ? મારે શું જોઈએ છે એ બાબતે હું સ્પષ્ટ નથી ? શું હું મારી જાતને સમજી શકી નથી ?''

''આત્રેયી તું ખોટી રીતે ઉશ્કેરાઈ ના જા, હું કહું છું એ શાંતિથી સાંભળ. તું તારા મનને સમજી શકી નથી એવું કશું નથી કહેતી.

યુવાનીમાં દરેકનાં સ્વપ્નાં તારા જેવાં જ હોય, લખલૂટ સંપત્તિ, વૈભવી સુંવાળી જિંદગીનાં જ અરમાન હોય અને જે માત્ર સપાટી પર જીવતું હોય એને મોજશોખ ભરી સીધી સરળ જિંદગીથી સંતોષ થઈ જાય છે. પણ કેટલીક વ્યક્તિઓ એવી હોય છે કે માત્ર ભૌતિક સાધન-સંપત્તિથી એમનું હૈયું નથી ભરાતું. હા, થોડીક ક્ષણો માટે એ

ભોગવિલાસની સામગ્રી એમને સુખ આપી શકે છે, પણ પછી એ વસ્તુઓ તુચ્છ લાગવા માંડે છે. મન ઉત્સાહહીન અને સુસ્ત બની જાય છે. તેમને થાય છે, મેળવવા જેવું એમને મળ્યું નથી.''

''મમ્મી હવે તો મને ડર લાગવા માંડ્યો છે કે મારી આ ઉદાસીનતા અમારા દામ્પત્યજીવનમાં તિરાડ ના પાડે. હું મનોમન કોચવાયા કરતી હોઉં, ભીતરમાં કોઈ અભાવથી પીડાયા કરતી હોઉં, અને અરૂપના સંગે પણ ખીલી ના ઊઠું તો અરૂપને પૂર્ણ સુખનો અનુભવ ના થાય, એનેય મારી ઉદાસીનતા ખટકે, એનેય કંઈક ખૂટતું લાગે તો એના માટે હું જ ગુનેગાર ગણાઉં ને ?

મારી આ મનોદશા એ સરળ સ્નેહાળ માણસને ખુંચે તો ખરી જ ને ! મમ્મી, પણ મારા સ્વપ્ન પુરુષ સાથે એનો મેળ નથી ખાતો. મેં ધારણા રાખી હતી કે એને મારી જેમ સાહિત્ય, સંગીત અને કલામાં રુચિ હશે, પણ એને એ વિષયોમાં રસ નથી. મેં એનામાં જે જોવાની અપેક્ષા રાખી હતી એ સંતોષાઈ નથી. એ આખું ઘર સપાટી પર જીવનારું છે. એનાં મમ્મી, પપ્પા, એની બહેન ઋતા સાવ ફ્લેટ છે.

સ્વભાવે તેઓ સારા છે. મળતાવડા છે, કોઈનું બૂરું કરે નહીં કે ઈચ્છે નહીં, સદાચારી છે. પણ અહીં ટાગોર કે નરસિંહ મહેતા અને મીરાંબાઈનાં ગીતોની વાતો નથી થતી. માઈકલએન્જેલો કે રેમ્બ્રોના નામ એમણે સાંભળ્યા નથી.

એમનામાં સૌંદર્યદષ્ટિ નથી, માધુર્ય નથી, રંગ નથી, ત્યાં સાહસભર્યા પુરુષાર્થની વાતો થતી નથી.

ક્યાંય પ્રવાસે જઈએ તો પ્રકૃતિના સૌંદર્યની વાત કરવાના બદલે કઈ હોટલમાં કેવી સગવડો છે ને શું ચાર્જ છે ને ત્યાં ખાવાનું કેવું છે એની વાતો થાય છે.

રોજ સાંજ પડે બધાં ભેગાં મળીને લીવિંગરૂમમાં બેઠાં હોઈએ ત્યારે કોઈ બૌદ્ધિક વિષયની ચર્ચા તો કદી થતી નથી. થાય છે કારનાં લેટેસ્ટ મૉડલની વાતો, અને ફૅશનોની વાતોથી આગળ તેઓ વધતાં નથી. એમની માનસિક ક્ષિતિજો વિસ્તરી નથી. એમની પાસેથી આપણને માહિતી મળી શકે પણ જ્ઞાન કે ડહાપણની વાત ના મળી શકે. તેથી એમની વાતોમાં મને રસ નથી પડતો. તેમની વાતો મને ક્ષુલ્લક લાગે છે.

તેમની પાસે મબલક પૈસો છે. એ પૈસો ધાર્મિક પૂજાવિધિ અને અનુષ્ઠાનોમાં વપરાય છે પણ સાચો ધર્મ કોને કહેવાય એનો કદી તેઓ વિચાર નથી કરતાં. સાચી આધ્યાત્મિકતાનો એમને પરિચય નથી. એમની વિચારસરણીમાં હું ના જોડાઈ શકું. તેઓ કૂપમંડુક છે. હા, તેઓ મારી પર હેત રાખે છે. મને કોઈ રોકટોક નથી કરતા કોઈ વાતે મારી પર દબાણ નથી લાવતા, છતાંય મને એમની સાથે રહેવામાં કંટાળો આવે છે.

મેં તો કેવાં કેવાં સ્વપનાં જોયાં હતાં. પણ અહીં તો સાવ શુષ્ક જિંદગી છે. જિંદગીનાં વિવિધ સ્વરૂપો અને માનવમનનાં ઊંડાણ અને ગતિવિધિ જાણવાની એમને જિજ્ઞાસા નથી. એમની માનસિકતા અને જીવનશૈલીમાં કોઈ સુધારો નથી થયો. બાપદાદા વખતના રીતરિવાજ ચાલ્યા કરે છે. એમાં કોઈ નવીનતા કે તાજગી ઉમેરાયાં નથી.

તેઓ મને કોઈ ત્રાસ કે પીડા આપતા નથી છતાં ત્યાંના વાતાવરણથી હું થાકી ગઈ છું, ત્યાં હું ગુંગળાઉં છું, પળેપળે મરતી જાઉં છું. મારા ઠેકાણે બીજી કોઈ યુવતી હોત તો એ આટલો વૈભવ અને આવા સાલસ સાસરિયાં મેળવીને ધન્યતા અનુભવત. જ્યારે મારા માટે જિંદગી એક બોજ બની ગઈ છે. મને ત્યાં ગમતું નથી. મને થાય છે પસંદગી કરવામાં મેં ભૂલ કરી છે. ઉતાવળ કરી છે.''

''તું બે ત્રણ વાર મળી હતી અને તારી મેળે તે નિર્ણય કર્યો હતો...'' સુચિત્રા બોલી.

''ત્યારે મેં એમની બાહ્ય જીવનશૈલી જોઈ, એમની સંપત્તિ જોઈ અને મને થયું અહીં હું મનમાની રીતે જીવી શકીશ. સ્વભાવ ઋજુ અને સરળ છે તેથી કોઈ વિખવાદ નહીં થાય. જીવન સુસંવાદી અને હર્યુંભર્યું હશે. ત્યારે મને ખ્યાલ જ ના આવ્યો કે હું જે ધારણા બાંધું છું એ પ્રમાણે ના પણ હોય.''

''બેટા, આવો ચિરકાળનો સંબંધ ધારણા અને અનુમાન પર ના બંધાય. ધારણા ખોટી પણ ઠરે.''

''ત્યારે તેં મને કેમ ચેતવી નહિ કે પસંદગીમાં ઉતાવળ ના કર.'' આત્રેયીએ મને પૂછ્યું.

''બેટા, જિંદગીમાં કયાંય પસંદગી છે ખરી ? લગ્નમાં પસંદગી છે એવો લોકો ભ્રમ સેવે છે. તેઓ માને છે અને જીવનસાથીની પસંદગી કરી, પણ ત્યાંય તમે ગમે તેટલું વિચારી, ગણતરી કરીને નિર્ણય કરો તોય ઘણું બધું આપણા હાથમાં નથી, અનુમાન સાચાં નથી ઠરતાં.

માટે શ્રેષ્ઠ માર્ગ છે કે પસંદગી જ ના કરવી, અમારા જમાનામાં બધું ઈશ્વરના હાથમાં છોડી દેવાતું હતું. ખરી રીતે તો 'પસંદગી ના કરવાની' પસંદગી કરીને જે પાત્ર મળે એની સાથે અનુકૂલન સાધવું જોઈએ.'' માની વાત સાંભળીને આત્રેયી છેડાઈ પડી, ''જા, જા હવે જિંદગીનો મહત્ત્વનો નિર્ણય એમ ના કરાય. આ જમાનામાં તો તું કહે છે એ રીત સાવ જુનવાણી, મૂરખામીભરી ગણાય. આંખ

મીચીને કોઈ અજાણ્યાની સાથે જીવન ના જોડાય.''

''અરે એમાં તો ખરો રૉમાન્સ છે. આંખ મીચીને કોઈ અજાણ્યાના હાથમાં મૂકી દેવો અને ભવિષ્યના અગોચર પ્રદેશમાં ઊડવું.'' આવું કહીને હસતાં હસતાં સુચિત્રાએ દીકરીને નિરાશામાંથી બહાર કાઢી, અને હળવાશથી મૂડમાં લાવી દીધી પછી બોલી, ''આત્રેયી, કોઈ એક સ્વપ્નું લઈને તેં નવજીવનનો પ્રારંભ કર્યો પણ તને વાસ્તવનો અનુભવ કંઈક જુદો થયો. તારી અપેક્ષા મુજબ જીવન આકાર નથી લેતું એમાં આટલું નિરાશ શું થવાનું ? તારી ઉદાસીનતા, નિરાશા ખંખેરી નાખ.

તારે તારી જીવનદૃષ્ટિ બદલવાની જરૂર છે. જીવન જીવવાની એક કલા છે, તે એક ખાસ નજર અને કૌશલ માગી લે છે. તને જે મળ્યું છે તેનો જરાય વસવસો કર્યા વિના વાસ્તવિકતાનો સંપૂર્ણ મનથી સ્વીકાર કર. તું સાત્ત્વિક, જીવનલક્ષી પ્રેરણાત્મક સાહિત્ય વાંચ એટલે તારી દુર્બળતા જતી રહેશે. તારું મન દૃઢ બનશે. જીવનમાં ઊભો થયેલો પડકાર તને ગભરાવી નહીં મૂકે, અને તું એક વાત યાદ રાખ કે માણસનું મન પરિવર્તનશીલ છે. માણસને ખબર ના પડે તેમ એ બદલાતો રહે છે એને જેવો સંગ મળે તેવો એ બને છે.

અરૂપને તારા પર પ્રેમ છે. તેથી ધીરે ધીરે તારી પસંદ એની પસંદ બની જશે. એ તારી રીતે વિચારતો થઈ જશે. બેટા, પ્રેમમાં અગાધ તાકાત હોય છે. માટે તું ધીરજ રાખ, સમતા રાખ, સંયમ રાખ અને આશાવાદી બન.

બે વ્યક્તિ બે મટીને એક થવાનો પડકાર ઝીલે એ બહું મોટું સાહસ છે, માર્ગમાં નાનીમોટી સમસ્યાઓ તો આવે જ. નિર્ભેળ, નર્યું સુખ જીવનમાં કોઈ નસીબદારને જ મળે, જીવનમાં ધાર્યા પ્રમાણે ના થાય ત્યારે ગભરાવાનું નહીં કે ખોટી શંકા, કુશંકા નહિ કરવાની, પ્રેમમાં શ્રદ્ધા રાખવાની, પ્રેમ નહીં ધારેલા ચમત્કાર સર્જે છે.

દામ્પત્યજીવનની સફળતા માટે પતિ-પત્ની બેઉએ મથવાનું છે. લગ્ન આપમેળે સ્વયંભૂ સફળ નથી નીવડતાં, એને સફળ બનાવવા સભાન પ્રયત્ન કરવો પડે છે. એ ગુડ મેરેજ મસ્ટ બી ક્રિએટેડ ડેઈલી.

અને તું યાદ રાખ, દરેક માણસનું મન અકળ હોય છે. કઈ ઘડીએ કઈ લાગણી અનુભવશે એ કહી શકાતું નથી. ક્યારેક આશા-અપેક્ષા મુજબ સામેથી પ્રત્યુત્તર ના મળે તોય કોઈ નકારાત્મક વિચાર નહિ કરવાનો, પતિ-પત્ની વચ્ચેની આત્મીયતાનો લય ખોરવાવો ના જોઈએ.

બેટા, લગ્ન કર્યા પછી આદર્શ પતિના શોધાય. પતિનાં પારખાં ના લેવાય પણ પ્રેમ કરાય. સ્નેહ, સહિષ્ણુતા, ઉદારતા, સંબંધ ટકાવી રાખવાની ખેવના, સમય પારખવાની સૂઝ, ક્યારે બોલવું, ક્યારે મૂંગા રહેવું એની સમજ, નમ્રતા અને ખાસ તો જિંદગીને અખિલાઈપૂર્વક જોવાની પરિપક્વતા પતિપત્ની બેઉમાં હોવાં જોઈએ. તો જ લગ્ન સફળ થાય.

પતિપત્ની માટે અન્યોન્યમાં ખામી શોધવી સહેલું છે. પણ એમ કરવામાં જીવનમાંથી ઘણી બાદબાકી થઈ જાય છે. અને યાદ રાખ કે કોઈ પણ લગ્ન પરફેક્ટ નથી હોતાં. થોડી ચિંતનશીલતા દાખવવાની, થોડી બાંધછોડ કરવાની અને પ્રિયજનની ભીતર ડોકિયું કરવાનું. તો એને સમજી શકાશે અને શાંત, ગહન પ્રેમની અનુભૂતિ થશે. બેટા, તારું જીવન સુખભર્યું બનાવવાનું તારા હાથમાં છે.''

માની સ્નેહભરી વાતો સાંભળીને આત્રેયી ચિંતામુક્ત થઈ. એના હૃદયમન પરથી મોટો બોજો હટી ગયો. ફરી એક વાર એના જીવનમાં આશા ઉમંગ જાગ્યાં.

હવે અરૂપના સંગે એ ઉદાસ નથી થઈ જતી પણ આવતી કાલ એની જ હશે એવા ભરોસે એ ખુશખુશાલ રહે છે.

❖❖❖

મધદરિયે ઉઠેલું નાનકડું મોજું ઊછળતું - કૂદતું કિનારા તરફ આગળ વધતું હતું. શીતળ પવન, ખુલ્લું આકાશ, વિશાળ જળરાશિની વચ્ચે એ ખૂબ ખુશ હતું. ત્યાં જ એણે જોયું કે એનાથી આગળ જતાં બધાં મોજાં દરિયાકાંઠે અથડાઈને વેરવિખેર થઈ જતાં હતાં. એણે વિચાર્યું; 'ઓહ, ભગવાન આ તો બહુ ભયાનક છે ! જુઓ તો, બધાં મોજાં સાથે શું બને છે ? મારી સાથે પણ એવું જ બનશે ?'

એને મૂંઝાયેલું જોઈ એક મોજું નજીક આવ્યું અને પૂછ્યું ? તું આટલું બધું નિરાશ કેમ થઈ ગયું છે ? નાનું મોજું રડતું રડતું બોલ્યું ? 'જો તી, કિનારે અથડાયા પછી બધાં મોજાનું શું થાય છે ? કિનારે અફળાઈને તૂટી પડે છે. શું આ જ આપણો અંત છે ? બીજા મોજાએ કહ્યું ? તું સમજતું નથી, વાત અંતની નથી, ખરી મજા તો કિનારા સુધી પહોંચવા આપણે કરેલી યાત્રાનું છે. એક વાત યાદ રાખજે, તું કોઈ ક્ષુલ્લક મીજું નથી, આ વિશાળ મહાસાગરની એક હિસ્સો છે. એક તારા અસ્તિત્વની સાર્થકતા છે.'



# અહિંસા

ડૉ મોહનભાઈ પટેલ

શ્રીમદ્ ભગવદ્ગીતામાં અહિંસાને પરમ જ્ઞાન કહીને એનો ભારે મહિમા કર્યો છે. જ્ઞાનરૂપી શસ્ત્રથી વ્યક્તિ જગતનો સમ્રાટ પણ બની શકે છે. અંગ્રેજીમાં એક પ્રચલિત કહેવત મુજબ જ્ઞાન તો શક્તિ છે. એ વાત ધ્યાનમાં લઈએ તો અહિંસા જો જીવન-વ્યવહારમાં આચરીએ તો અનેક મુશ્કેલીઓમાંથી પાર ઊતરી શકાય છે.

ઓશો રજનીશે અહિંસાની વાત કરતાં સરસ કહ્યું છે કે - હિંસા ન કરવી એટલે અહિંસા એમ કહેવું ભૂલ ભરેલું છે. અહિંસાનો ખરો અર્થ તો એ છે કે પ્રાણીમાત્ર ઉપર પ્રેમ રાખવો.

એ વાતનો સ્વીકાર તો સૌ કોઈ કરશે કે પ્રેમ એવું અમોઘ શસ્ત્ર છે કે ગમે તેવો શક્તિશાળી શત્રુ પણ એનાથી વશ થઈ જાય છે. અહિંસાનું વ્રત ધારણ કરનાર પ્રેમપૂર્વક વર્તતો હોય છે એટલે એક વાત તો એ કે તેને કોઈની સાથે વેર થવાનો સંભવ જ ન હોય. હવે માનો કે સામી વ્યક્તિ ઈર્ષાખોર હોય અને અહિંસક માણસની એ ઈર્ષા કરે તો કેટલા સમય સુધી કરે ? સામેથી પ્રતિકાર જ ન થતો હોય તો ઈર્ષાખોર વ્યક્તિ ટાઢી પડી જ જવાની. અહિંસા આચરનાર તો પાછો પ્રેમ જ વહાવતો રહે એટલે ઈર્ષાખોર એને કરી કરીને કેટલું નુકસાન કરવાનો ?

કાકાસાહેબ કાલેલકરે અહિંસાનું એક - જબરું પાસું છતું કર્યું છે. એમના મતે તો - અહિંસા એટલે બીજાના જીવન પ્રતિ તેમના વ્યક્તિત્વ પ્રત્યે આદર.

આ આદરભાવ દર્શાવનાર વ્યક્તિની જીવનદૃષ્ટિ જ વિશાળ હોય છે. તેવી વ્યક્તિ તિરસ્કાર કે ધિક્કાર વરસાવવામાં માનતી



જ ન હોય. સૌ કોઈને તે આદરપૂર્વક જ જોશો. તેનો વિનય, તેનો વિવેક, આદર આપવાની તેની રીત - આ બધું તેનું જમા પાસું છે. તેના આ સદ્ગુણનો બદલો એને એ રીતે મળે છે કે અન્ય લોકો પણ એની સાથે આદરપૂર્વક વ્યવહારો કરવાના.

અહિંસાને પોતાના જીવનનું કેન્દ્રબિંદુ બનાવનાર ભગવાન મહાવીર સ્વામીએ અહિંસાના ચાર પ્રકાર ગણાવ્યા છે : કાર્યોની, હૃદયની, વિચારોની અને વ્યવહારની અહિંસા.

તેઓ કહે છે કે -

અહિંસા એટલે કાર્યોની અહિંસા,

જીવદયા એટલે હૃદયની અહિંસા,

અનેકાન્ત એટલે વિચારોની અહિંસા,

અને અપરિગ્રહ એટલે વ્યવહારની અહિંસા છે.

કેટલાક એવું વિચારે છે કે માણસ શક્તિશાળી ન હોય, હિંમતવાળો ન હોય તો એ અહિંસાનો આશરો લે છે. પણ આ મંતવ્ય અયોગ્ય છે. જે કૃષ્ણમૂર્તિના મતે તો–

હિંસા એ કાયર માણસનું છેલ્લું આશ્રયસ્થાન છે, જ્યારે અહિંસા એ વીરનું ભૂષણ છે.

અહિંસા આચરનાર શક્તિશાળી હોઈ શકે છે. એનામાં રહેલો કરુણાભાવ, એની પ્રેમવૃત્તિ અને હિંસા કરતાં રોકે છે. તે અહિંસક વલણ દાખવીને પ્રાણીમાત્ર ઉપર રાજ કરી શકે છે કારણ કે આ જગતમાં તેનો કોઈ શત્રુ જ નથી રહેતો. તેની વાતમાં અહિંસાનું જે બલ હોય છે તેનાથી સર્વ કોઈ પ્રભાવિત થાય છે.

મહાભારતમાં મંગલ કરવું એટલું પૂરતું નથી, અન્યોનું મંગલ ઈચ્છવું એટલું પણ પૂરતું નથી. જૈનેન્દ્રકુમાર કહે છે તેમ-

અન્યોનું ભલું કરવા માટે આગળ વધવું જોઈએ. આવી ભાવના એટલે જ અહિંસા.

❖❖❖

ઘણી વાર બે વ્યક્તિઓ એક જ સોપાન પર ઊભેલી દેખાય છે પણ બંનેના માર્ગ જુદા હોય છે. એક વ્યક્તિ ઉપર જઈ રહી હોય છે, બીજી નીચે આવી રહી હોય છે. બંનેનું સોપાન દેખીતી રીતે તો એક જ છે પણ તાત્ત્વિક રીતે સાવ જુદું છે. જે સોપાન નીચેથી ઉપર જનારનું હોય તે જ સોપાન ઉપરથી નીચે આવનારનું હોઈ શકે ? બસ એક પગલું ભરાશે ને તફાવત સ્પષ્ટ થઈ જશે. ને અંતમાં એક વ્યક્તિ શિખર પર હશે, બીજી તળેટીમાં.

રશિયાની રાજધાની મોસ્કોની દિવાલો ઉપર લખ્યું છે કે, ''ધર્મ જનતાને માટે અફીણની ગોળી સમાન છે.'' સાચે જ ધર્મ અફીણની ગોળી છે ? ધર્મ નહિ પણ ધર્મને નામે વ્યાપેલી સામ્પ્રદાયિકતા જ વસ્તુતઃ અફીણની ગોળી છે. ધર્મ ખરાબ નથી પણ ધર્મને નામે થતા લડાઈ ઝગડા ખરાબ છે. ધર્મનાં સ્વરૂપ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય કોઈ ખરાબ નહીં કહી શકે. સૌ કોઈ તેમને વતી ઓછી માત્રામાં માને જ છે, પણ તેમને નામે ઊભી થતી સામ્પ્રદાયિકતા ખરાબ છે, ઝેર છે, તે અફીણની ગોળી સમાન છે. તેથી ધર્મનો નહીં પણ તેવી સામ્પ્રદાયિકતાનો ત્યાગ કરવો જોઈએ.

# છેડાછુટ્ટા

☐ પારુલ કંદર્પ દેસાઈ



'પ્રીતિ, મને ખબર છે. આજે પણ તું મારી રાહ જુએ છે. હવે હું આવું જ છું. જીવનનાં વર્ષો તારી સાથે વીતાવવાં છે.' - તારો જ આકાશ.

ઈ-મેલ વાંચતા જ પ્રીતિને થયું આટલાં વર્ષો પછી આકાશે ન ફોન, ન પત્ર ને સીધો ઈ-મેલ કર્યો ! ક્યાંથી મેળવ્યું હશે તેણે પોતાનું ઈ-મેલ આઈ.ડી. ? વળતી પળે તેની આંખની કોર ભીની થવા લાગી પણ આંસુ બિંદુ બની ટપકે ન ટપકે ત્યાં તેણે લૂછી નાખ્યું. સૂકા રણ જેવા બની ગયેલા તેના મનને ભીનાશનો આ સ્પર્શ અજાણ્યો લાગતો હતો. કમ્પ્યૂટર એમ જ ખુલ્લું રાખીને તે ઓરડામાં આંટા મારવા લાગી. સામે જ એનો અને આકાશનો લગ્નસમયનો ફોટો ટીંગાડેલો હતો. હા, એ રાહ જોતી હતી આકાશની. આજ સુધી દિવસ, માસ, વરસનો - પળેપળનો હિસાબ આકાશને આપવાનો હોય એમ જીવી છે. દિવસ ઊગે ને થાય આજે આકાશના સમાચાર આવશે. એની રાહમાં દિવસ આથમી જાય. વળી નવો દિવસ નવી આશા લઈને આવે. સંસાર-વ્યવહારનાં બધાં કામ કરતાં કરતાં ય મન તો બસ ઉંબરે ઊભી રાહ જોયા કરતું હોય. ક્યારેક અડધી રાતે દરવાજો ખટખટાવવાનો અવાજ સંભળાતો ને તે બારણું ખોલવા દોડી જતી ને પકી ઊંઘ વેરણકેરણ થઈ જતી. આકાશ તેને બરાબર ઓળખતો હતો એટલે જ આટલાં વર્ષો દૂર રહ્યાં પછી, કોઈ પણ કારણ બતાવ્યા વિના બસ લખી દીધું - હું આવું છું. પ્રીતિને અકળામણ થવા લાગી. એબહાર બાલ્કનીમાં ગઈ. ઢળતી સાંજના ઠંડા પવનનો સ્પર્શથી સારું લાગ્યું. પંખીઓ ધીમે ધીમે પાછાં ફરી રહ્યાં હતાં. વીજળીના તાર પર પંખીઓનું ટોળું બેઠું અને તેમની સાથે આખુંય આકાશ ઝૂલવા લાગ્યું.

***

'મૉમ' અચાનક પાછળથી આવીને અનુષ્કા તેને વળગી પડી હતી. એના પપ્પાની પણ આ જ ટેવ. એ રસોડામાં કામ કરતી હોય કે વૉશિંગ મશીનમાં કપડાં નાખતી હોય. અચાનક પાછળથી આવીને આંખો બંધ કરી દે અને પ્રીતિનો ગભરાયેલો ચહેરો જોઈને ખડખડાટ હસી પડે.

'અનુ, તારી આ ટેવ બહુ ખરાબ છે. તું હંમેશાં આમ પાછળથી આવીને મને ચોંકાવી દે છે.' અનુષ્કાને હતું હંમેશની જેમ મમ્મી હમણાં આવું કહેશે, પણ પ્રીતિ કશું ન બોલી. અનુ તેની સામે આવી અને પ્રીતિનો ચહેરો જોઈને બોલી ઊઠી : 'વૉટ્સ ધ મૅટર, મૉમ, તું માંદી છે ? તારો ચહેરો તો જો !'

પ્રીતિ અનુષ્કા સામે જોઈ રહી. અનુ આઠ વર્ષની હતી ત્યારે અમેરિકા છોડીને ઈન્ડિયા પાછા આવવું પડ્યું હતું. બિઝનેસમાં આવેલી ખોટને કારણે આકાશ ભાંગી પડ્યો હતો. મંગળસૂત્ર સિવાય પ્રીતિના બધા જ દાગીના વેચાઈ ગયા હતા તોય દેવું પૂરું ભરાયું ન હતું. અપાર્ટમેન્ટ કાઢી નાખવો પડે એવી પરિસ્થિતિ ઊભી થઈ હતી. ઈન્ડિયા પાકા જવાનો નિર્ણય લેતી વખતે આકાશે કહ્યું હતું. 'વિશ્વાસ રાખજે પ્રીતિ, બધું સારું થઈ જશે. અહીંયાં બધું સમેટી લઈને હું જલદી પાછો આવી જઈશ. ઈન્ડિયામાં આપણે નવું જીવન શરૂ કરીશુ.' કેટલા વર્ષ થયાં હહતાં એ વાતને, પૂરાં પંદર વર્ષ અગિયાર મહિના બાર દિવસ અને મિનિટ ને સેકન્ડનો હિસાબ કરવા બેસીએ તો...

'મૉમ' અનુએ પ્રીતિને ઝંઝેડીને કહ્યું 'શું થયું છે તને ?'

અનુને કહેવું તો પડશે આ ઈ-મેલ વિશે. પણ અત્યારે નહીં, કંઈ નહીં, બેટા, આજે બૅન્કમાં કામ વધારે હતું એટલે થોડો થાક લાગ્યો કે. તું ફ્રેશ થઈ જા એટલે આપણે જમી લઈએ.

'બસ, આ છેલ્લું વર્ષ મૉમ. આ ઈન્ટર્નશિપ પૂરી થાય એટલે તારી દીકરી ડૉક્ટર બની જશે. પછી હું તને નોકરી નહીં કરવા દઉં. પકી તું આરામથી તારી બાલ્કનીમાં બેસજે અને તારા વહાલાં વહાલાં પંખીઓને જોયાં કરજે.'

હવાની લહેરખી સમી અનુ એના રૂમમાં દોડી ગઈ. પ્રીતિને પોતાની ઉંમર યાદ આવી. આ ઉંમરે તો એનાં લગ્ન થઈ ગયાં હતાં. અમેરિકાથી લગ્ન માટે ઈન્ડિયા આવેલા આકાશે પ્રીતિ સાથેની પહેલી મુલાકાતે જ હા પાડી દીધી હતી. હજી તો બી.એ.ની પરીક્ષા આપી હતી ને એમ.એ. કરી લેક્ચરર બનવાની ઈચ્છા હતી. પણ અમેરિકા જવાના મોહની જીત થઈ હતી. તરત જ ઘડિયાં લગ્ન લેવાયાં અને પાંચ મહિનામાં તો વિઝા મેળવીને પ્રીતિ અમેરિકા

પહોંચી ગઈ હતી. લાલ-ગુલાબી ને પાણીદાર ચળકતા દાડમના દાણા જેવા એ દિવસો. એ વર્ષો... પહેલી વાર અમેરિકામાંનું વિશાળ ઍરપોર્ટ, અડધી રાતે એ પ્લેનમાંથી ઊતરી ત્યારે એની આંખો અંજાઈ ગઈ હતી. આકાશ ક્યાંય દેખાયો નહીં ને એ બેબાકળી બી ગઈ હતી. હૃદયમાં થડકારો થયો હતો. આ અજાણ્યા પ્રદેશમાં પોતે એકલી... ત્યાં જ આકાશ દેખાયો. સામે હાથ હલાવતો એનો હસતો ચહેરો. એ વખતે અંદરથી જે હાશકારો થયો હતો. પણ આજે આ ઈ-મેલ...

***

ભીતર બળબળતી ને બહાર સ્વસ્થ દેખાવા મથતી પ્રીતિ રોજિંદા કામમાં પરોવાઈ. આજે રવિવાર હતો. બૅન્કમાં રજા હતી. અનુ તો સવારથી જ લાઈબ્રેરીમાં વાંચવા જતી રહેલી. પ્રીતિ નિરાંતે નાહી. ઘસી ઘસીને વાળ ધોયાં. શૅમ્પૂની સુગંધ ચૉતરફ ફરી વળી. આકાશને આ સુગંધ બહુ ગમતી. કેવો દેખાતો હશે આટલાં વર્ષો પછી તે ? પ્રીતિએ અરીસામાં જોયું. વીતી ગયેલાં વર્ષોની છાપ તેની જેમ આકાશના ચહેરા પર પણ દેખાતી હશે. તેના વાંકડિયા વાળમાં પણ સફેદ ઝાંય ફરફરતી હશે. પ્રીતિની નજર ઓરડામાં ફરી વળી. ગુલાબી રંગનાં ફૂલોની ડિઝાઈનવાળા પડદા અને આછા ગુલાબી રંગની ચાદર... ના, આ નહીં ચાલે. આકાશને તો નેવી બ્લ્યૂ કલર બહુ જ પ્રિય કે. કાલે પહેલું કામ નવા પડદા અને ચાદર ખરીદવાનું. પ્રીતિનું તનમન જાણે કે આકાશને જોવા-મળવા-સ્પર્શવા ઉત્સુક થઈ ગયું ! આકાશ આવશે એટલે રવિવારે તે એકલી નહીં હોય. આકાશને ભાવતી આદુની ચા બનાવીને બંને બેસશે બાલ્કનીમાં. ધીમે ધીમે ચાની ચુસકીઓ લેતાં લેતાં વાતો માંડશે. વીતી ગયેલા સમયની. કેટલું બધું કહેવાનું કે. આકાશને અને કેટલું બધું સાંભળવાનું છે ! પછી તો તે આ નોકરી પણ છોડી દેશે. ધામધૂમથી અનુનાં લગ્ન કરશે. હવે તે એકી નહીં હોય. તેની સાથે આકાશ હશે. હા. તેની સાથે આકાશ હશે. પહેલાંની જેમ જ !

પ્રીતિની અંદર દરિયો ઊછળ્યો ને પૂરેપૂરી ભીંજાઈ ગઈ હોય એવો અનુભવ થયો પણ ક્ષણવારમાં જ જાણે દરિયો પાછો જતો રહ્યો ને સૂકીભઠ્ઠ પથરાળ ભોંય દેખાઈ. એ બળબળતી જમીન જેના પર ચાલીને તે અહીંયાં સુધી પહોંચી હતી. પગ જ નહીં. અંગેઅંગ કોલાયાની એ પીડા. એ ઘા આજે ય રુઝાયા ન હતા. બહારથી ભલે એવું લાગે કે સઘળું સમથળ થઈ ગયું કે પણ હજી અંદર તો સળગે કે જ્વાળામુખી.

અનુને આંગળીએ વળગાડીને પ્રીતિ અમદાવાદ આવી ત્યારે હતું કે થોડા દિવસોનો સવાલ છે, પણ થોડા દિવસ વર્ષોમાં લંબાતા ગયા, 'આવું છું,' 'આવું છું'નું રટણ કરતા આકાશના ફોન અને પત્રો આવતા બંધ પણ થઈ ગયા. પૈસા મોકલવાનું તો ક્યારનું ય બંધ થઈ ગયું હતું. એક એક પૈસો બચાવવા માટેનો એ સંઘર્ષ.. એ તો નસીબ સારાં કે પપ્પાની ઓળખાણને કારણે પ્રીતિને કૉ-ઑપરેટિવ બૅન્કમાં નોકરી મળી ગઈ. એ વહેલી સવારે ઊઠી જતી ને એની દોડાદોડી શરૂ થઈ જતી. સવારનો નાસ્તો. અનુને તૈયાર કરી સ્કૂલે મૂકવા જવાનું, બપોરનું જમવાનું બનાવવાનું. સાંજે બૅન્કમાંથી આવીને નાનાં બાળકોનાં ટ્યુશન કરતી. રસોઈ કરતાં કરતાં અનુ સાથે બીજાં બાળકોને પણ ભણાવતી ને રાત પડે એ સાવ થાકી જતી પણ ઊંઘ કેમે ય કરીને ન આવતી. અનેક પ્રશ્નોની વણઝાર એની આંખોમાં ઉજાગરા આંજતી. તેણે તો હંમેશા દરવાજો ખુલ્લો જ રાખ્યો છે પણ આકાશે જાણે તમામ દરવાજા બંધ કરી દીધા છે. ક્યારેય એના વિશે જણાવ્યું નથી. એ ત્યાં શું કરે છે ? કેવી રીતે રહે છે ? પોતે કયું આકર્ષણ કે જે આકાશને અમેરિકા રોકી રાખે છે ? પોતે ક્યાં ઊણી ઊતરી ! હમેશાં એણે આકાશને સાથ આપ્યો છે. એણે જે કહ્યું તે સ્વીકાર્યું છે. આકાશ અહીં સાવ પાસે ન હોય એ બરાબર પણ દૂર રહીને ય એણે ક્યારેય સાથે હોવાનો અનુભવ નથી કરાવ્યો. અનુ તો તેની લાડકી દીકરી હતી. એનો પોતાનો અંશ. એને મળવાની પણ ક્યારેય ઈચ્છા નહીં થઈ હોય ?


અનુ સાક્ષી હતી આ કપરા દિવસોની. પ્રીતિએ અનુથી ક્યારેય કશું ય છુપાવ્યું નથી. વર્ષો, દિવસો, અરે પ્રત્યેક ક્ષણને એણે નીરખી નીરખીને જોયાં કરી કે. નાની હતી ત્યારે કહેતી : 'હું મોટી થઈશ એટલે ડૅડને પકડીને લઈ આવીશ.' પણ સમજ આવ્યા પછી એણે ક્યારેય પ્રીતિને પપ્પા વિશે કશું ય પૂછ્યું નથી. કેવી રીતે સામનો કર્યો હશે તેણે પપ્પા વિશેના પ્રશ્નનો. પપ્પાના ઈમેઈલ વિશે જાણ્યું કે તરત જ અનુ બોલી ઊઠી હતી. 'ડૅડ ! પાછા આવે છે ? જેણે વર્ષોથી સારસંભાલ તો શું કેમ છો એવું પણ નથી પૂછ્યું એ પપ્પા આવે છે ? એક સમય હતો મૉમ કે મારે પપ્પાની જરૂર હતી એ સમયે મારી પાસે પપ્પા ન હતા. તું હતી અને છે. આજે પણ મારે મન તો તું જ મમ્મી અને તું જ પપ્પા છે.'

પ્રીતિને યાદ આવ્યું. એક વાર વીણાએ કહ્યું હતું : 'પ્રીતિ, ક્યાં સુધી રાહ જોઈશ. હજી તો તારે ઘણાં વર્ષો કાઢવાનાં છે. તારી જિંદગી પૂરી નથી થઈ. છૂટાછેડા આપી દે એને, ને નવી જિંદગી શરૂ કર. મિ. પરીખને તારામાં રસ કે. અનુને પણ એ પિતાની હૂંફ આપશે.' ત્યારે આવું વિચારવું ય પ્રીતિને

પાપ લાગતું હતું. વળી અંદર ક્યાંક ઊંડે એને વિશ્વાસ હતો કે આકાશ આવશે. કોઈ પણ સંબંધ ટકી રહેતો હોય કે પરસ્પર વિશ્વાસ પર. આકાશે એ ભરોસાને તોડ્યો હતો. અત્યારે એ આવે છે એ પણ પ્રીતિ કે અનુ માટે નહીં. પોતાના સ્વાર્થ માટે. જીવનનાં છેલ્લાં વર્ષો તારી સાથે વીતાવવા છે. એટલે શું ? વચ્ચેનાં વર્ષોનાં અવકાશને એ શી રીતે પૂરશે ?

પ્રીતિ બાલ્કનીમાં આવી. સામે વીજળીના થાંભલા પર એક પક્ષી બેઠું હતું. માંડ બે સેકન્ડ સ્થિર બેસે અને પાંખો ફફડાવતું ઊડી જાય. પ્રીતિને થયું હવે એ નહીં આવે. પહોંચી ગયું હશે દિશાઓની પેલે પાર. એના જવાથી ખાલી આકાશ વધારે ખાલી લાગતું હતું. આકાશમાં એક પણ વાદળ નહીં, નરી વૈશાખી લ્હાય. ત્યાં જ પેલું પંખી પાછું આવ્યું. વીજળીના તાર પર બેઠું અને એના થડકારે જાણે આખું ય આકાશ હીંચકવા માંડ્યું. ક્ષણવારમાં જ પ્રીતિની ઉદાસી દૂર થઈ ગઈ. મનમાં આનંદ આનંદ થઈ ગયો. પણ આ ક્ષણ બહુ લાંબી ન ચાલી. પંખી તો પાછું ઊડી ગયું. ખાલી આકાશ વધારે ખાલી થઈ ગયું. આ પંખીની ઉડાઉડ, આ આકાશનું ખાલી થવું-ભરાવું ના, ના, હવે નહીં. પ્રીતિની ચહેરાની રેખાઓ ખેંચાઈને દૃઢ થઈ. કાલ સાંજની જે વાતે એને આખો દિવસ આકળવિકળ રાખી હતી એનો જાણે કે ઉકેલ મળી ગયો. એ બાલ્કનીમાંથી અંદર રૂમમાં આવી. ટેબલ પર પડેલા કમ્પ્યૂટર સામે જોઈ રહી. એની નજર એના અને આકાશના ફોટા પર પડી. ફોટો ખીંટીએથી ઉતારી તેણે ટેબલના ખાનામાં ઊંધો મૂકી દીધો. ધીમેથી કમ્પ્યૂટર ખોલ્યું. પાસવર્ડ નાખ્યો અને ઈ-મેલ ખોલ્યો. જવાબ લખવા માટે આંગળીઓ કી બોર્ડ પર ગોઠવી. આંગળીઓ સહેજ કંપી સ્થિર થઈ અને પછી સડસડાટ ચાલવા માંડી. ફરી નથી જ વાંચવું એવો સંકલ્પ કરી તરત જ ઈ-મેલ રિપ્લાય કરી દીધો અને પછી ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગી. કેટકેટલાં વર્ષોથી સંગોપી રાખેલાં આંસુ અને હીબકાથી ખાલી ઘર ભરાઈ ગયું.

❖❖❖



# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે. **સેનિટોરિયમનું ઓનલાઈન બુકિંગ ચાલુ છે. પત્રિકામાં છપાતી જાહેર ખબરની રકમ તથા સંસ્થાને મળતું ડોનેશન હાલમાં online સ્વીકારવામાં આવે છે.**

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt પ્રદીપભાઈને મોકલવા વિનંતી.**

લોનાવલા : મિલનભાઈ
9860125136
પંચગીની : નિરવભાઈ
9819012468

માથેરાન તથા સંસ્થાના અન્ય કામ માટે સભાના મેનેજર શ્રી પ્રદીપભાઈ તુરખિયાનો સંપર્ક કરવો. 9867748120

પત્રિકા જાહેરખબર
દેવલાલી :
આશાબેન
9819956529

સુરેન્દ્રનગર અતિથિ ભવન
સુરેન્દ્રનગર - કેતનભાઈ શાહ
9099350644 / 9426756100
મુંબઈ - મિલનભાઈ તુરખિયા
9860125136 / 7208472884

**તા. ૪-૧-૨૦૨૧થી સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

**Please Note Office New Mobile No.**

# 7208472884 • 7208481791 • 7208472744

**ઝાલાવાડી સભાના સભ્યોને વિનંતી કે જેમના વડીલ અવસાન પામ્યા હોય તેમની માહિતી ઓફિસમાં જણાવવી. ઘરના અન્ય વ્યક્તિએ નવું સભ્યપદ લેવાનું રહેશે. આપણા સ્થાનિક પ્રતિનિધિઓ પાસે માહિતી હોય તો ઓફિસમાં જણાવી તેમના ઘરના અન્ય વ્યક્તિને નવા મેમ્બર બનવા માટે જણાવવા વિનંતી.**

**મુંબઈ ઑફિસ**

Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street,**
**(Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM • Lunch Time : 1.00 To 2.00 PM**

**Please Note Office New Mobile No.**

# 7208472884 • 7208481791 • 7208472744

# પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ
# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૧૫ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશા સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **પાણી પરબ, નોટબુક, સ્વધર્મી સહાય તથા મેડિકલ રાહત યોજના** (પ્રત્યેકના રૂા. ૩૦૦૦/-) એટલે **કુલ ૧૨,૦૦૦/- રૂપિયાના બદલે ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત ચારેય યોજનાનો સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, તૃષાતુરને તૃપ્તિ આપી શકીએ અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

આપણે જૈનો 'Really, we are blessed one.' લક્ષ્મીજીની કૃપા સદૈવ આપણા પર રહી છે. આમ પણ સત્કાર્ય સિવાય જીવનમાં કશું સાથે આવતું નથી એ આપણે સમજીએ છીએ. ઝાલાવાડી સભાના ૬૨૦૦ પરિવાર આખા વર્ષમાં કેવળ એક જ વખત ૧૧,૦૦૦/- રૂા.નું અનુદાન કરી સભાના પ્રકલ્પોને વેગવાન બનાવે. સભા સાથેનું સાતત્ય જાળવી રાખે એવી અમારી નમ્ર અરજ છે. વર્ષભરમાં આવતા મંગલ પ્રસંગોની સ્મૃતિમાં સભા તમારા હૈયે રહેવી જોઈએ એવી અપેક્ષા છે. ઝાલાવાડી સભાના આધારસ્તંભ બનવાનું ગૌરવ અને સંતોષ આપને પ્રાપ્ત થશે એટલું ચોક્કસ...

- આપનો ચેક 'Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

## આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- રાજેન્દ્ર હિંમતલાલ શાહ તરફથી સ્વ. નીનાબેનની પુણ્યતિથિ નિમિત્તે હસ્તે રિતેશ તથા હેમાલી (હાલ - મુંબઈ)
- વર્ષાબેન મુકેશચંદ્ર શાહ તરફથી ચિ. મિહિરના ૩૦ ઉપવાસની તપશ્ચર્યા નિમિત્તે હસ્તે કવિતાબેન
- ચિ. વિયાન સુરીલ શાહના ૮ મા જન્મદિવસ પ્રસંગે હસ્તે મુકેશ ન્યાલચંદ શાહ બોરીવલી
  Suman Metalloys Darukhana & Rajkot સુમન ગ્રુપ
- આશાબેન ચેતનભાઈ ગાંધી ના સ્મરણાર્થે માતુશ્રી શારદાબેન જયંતીલાલ ગાંધી
- લીંબડી નિવાસી (હાલ - બોરીવલી) સ્વ. કુમારી વીરબાલાબેન પ્રીતમલાલ સંઘવીની વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે હસ્તે ચંદ્રીકાબેન બિપિનભાઈ શાહ અને પન્નાબેન સુનિલભાઈ શાહ તરફથી
- વઢવાણ નિવાસી માતુશ્રી સ્વ. હેમલતાબેન ખીમચંદ શાહના સ્મરણાર્થે હસ્તે ડૉ. નીતીનભાઈ શાહ - બોરીવલી

# વેવિશાળ

**મનન** — **મિતાલી** (વરપક્ષ કન્યા પક્ષ)

શ્રી સંજયભાઈ ગુણવંતભાઈ પારેખના સુપુત્ર જુનાગઢ નિવાસી (હાલ - મુંબઈ)

શ્રી રાકેશભાઈ ન્યાલચંદભાઈ ગોપાણીની સુપુત્રી રાણપુર નિવાસી (હાલ - મુંબઈ) — ૩૫૦૧ ૩૫૦૧

**સ્મીત** — **નિયતી**

અ સૌ. સોનલબેન વિજયભાઈ નાનાલાલ શાહના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ - બોરીવલી)

અ.સૌ. નિપાબેન હીતેનભાઈ હસમુખભાઈ શાહની સુપુત્રી લીંબડી નિવાસી (હાલ - અંધેરી) — ૧૦૦૦ ૧૦૦૦

**વિવેક** — **વિધિ**

શ્રી પ્રફુલ્લભાઈ શાંતીલાલ બેરાના સુપુત્ર બોટાદ નિવાસી (હાલ - કાંદિવલી)

શ્રી દિલીપભાઈ કાંતિલાલ ઝાંગડાની સુપુત્રી બોટાદ નિવાસી (હાલ - કાંદિવલી) — ૫૦૧ ૫૦૧

**પ્રિતકુમાર** — **મહિમા**

શ્રી દિપકભાઈ નગીનદાસ શાહના સુપુત્ર પાલીતાણા નિવાસી (હાલ - બોરિવલી)

શ્રી દર્શનભાઈ ગુણવંતલાલ શાહની સુપુત્રી દેહાદરા નિવાસી (હાલ - બોરિવલી) — ૨૧૦૧ ૨૧૦૨

**કરણ** — **ખ્યાતી**

શ્રી સંજયભાઈ બીપીનચંદ્ર કામદારના સુપુત્ર બોટાદ નિવાસી ચુનાભટ્ટી સાયન

શ્રી મનીષભાઈ જયસુખભાઈ શાહની સુપુત્રી બોટાદ નિવાસી (હાલ - દાદર) — ૫૦૦ ૫૦૦

**દેવ** — **સલોની**

શ્રી પ્રદિપભાઈ જયંતિલાલ મહેતાના સુપુત્ર દેડાણ નિવાસી (હાલ - ઘાટકોપર)

શ્રી સુબાહુ વિપિનચંદ્ર સંઘવીની સુપુત્રી ધાંગધ્રા નિવાસી (હાલ - વિદ્યાવિહાર) — ૧૦ ૧૦૦૦

**પૂજન** — **પ્રાચી**

શ્રી નિલેશભાઈ અનોપચંદભાઈ તુરખીયા (શાહના) સુપુત્ર સુદામડા નિવાસી (હાલ - ગોરેગામ)

શ્રી હિતેશભાઈ ભદ્રીકલાલ શાહની સુપુત્રી ખંભાત નિવાસી (હાલ - ગોરેગામ) — ૧૧૧૧ ૧૧૧૧

**નિશીત** — **સ્નેહા**

શ્રી પ્રદિપભાઈ જયંતિલાલ શાહના સુપુત્ર ધાંગધ્રા નિવાસી (હાલ - કાંદિવલી)

શ્રી હર્ષદભાઈ દેવચંદભાઈ શાહની સુપુત્રી સુરેન્દ્રનગર ઝોબાળા નિવાસી (હાલ - બોરીવલી) — ૫૦૧ ૫૦૧

**સ્મીત** — **પ્રેક્ષા**

શ્રી એમિથ જયંતિલાલ સંઘવીના સુપુત્ર ધાંગધ્રા નિવાસી (હાલ - કાંદિવલી)

શ્રી કિરણભાઈ નવીનચંદ્ર (નાનાલાલ) હરગોવિંદ શાહની સુપુત્રી વઢવાણ નિવાસી (હાલ- સુરેન્દ્રનગર) — ૧૦૦૧ ૧૦૦૧

**મહેક** — **મોક્ષા**

શ્રી વીરેનભાઈ અમૃતલાલ શેઠના સુપુત્રના ગોળધાણા નિમિત્તે લીંબડી નિવાસી (હાલ - ઘાટકોપર)

શ્રી પ્રદિપભાઈ ભાઈલાલ ખંધારની સુપુત્રી ધાંધલપુર (સુરેન્દ્રનગર) નિવાસી (હાલ - બોરીવલી) — ૫૦૧ ૫૦૧

**હર્ષિત** — **હેતલ**

શ્રી સુનિલભાઈ વિનયચંદ્ર શેઠ ના સુપુત્ર સાયલા નિવાસી (હાલ - મુલુંડ)

શ્રી પ્રકાશભાઈ પુરષોતમદાસ વોરાની સુપુત્રી બોટાદ નિવાસી (હાલ - ઘાટકોપર) — ૧૦૦૦ ૧૦૦૦

**ચિંતન** — **આલોકી**

શ્રી પ્રવિણભાઈ ભોગીલાલ શાહના સુપુત્ર ગોળધાણા નિમિત્તે સાયલા નિવાસી (હાલ - અમલનેર)

શ્રી સતીષકુમાર જમનાદાસ શાહની સુપુત્રી ગોળધાણા નિમિત્તે મુળી નિવાસી નંદરબારવાળા (હાલ - વાશી) — ૫૦૧ ૫૦૧

**ઋષભ** — **યેશા**

શ્રી રશ્મિકાન્ત જયંતિલાલ શાહના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ - રાજકોટ)

શ્રી હરેશભાઈ વાડીલાલ ગાંધીની સુપુત્રી વઢવાણ નિવાસી (હાલ - ભાયંદર) — ૫૦૧ ૫૦૧

# પ્રભુતામાં પગલાં

**નિકિશ - રિધ્ધિ**

શ્રી ભરતભાઈ રતીલાલ મહેતાના સુપુત્ર શિહોર નિવાસી (હાલ - સાંતાક્રુઝ)

શ્રી હરેશભાઈ જયંતિલાલ શાહની સુપુત્રી સાયલા નિવાસી (હાલ - ઘાટકોપર) — ૧૦૦૦ ૧૦૦૦

અ.સૌ. જ્યોત્સનાબેન મહેન્દ્રભાઈ શાહની દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે સાધર્મિક સહાય - રૂા. ૫૦૦/- હસ્તે : મહેન્દ્રભાઈ વાડીલાલ શાહ (વિકોલી, મુંબઈ)



# માનો સ્કેચ

☐ આશા વીરેન્દ્ર

નીરા અને આલોક પતિ-પત્ની બે જ. લગ્નનાં પંદરેક વર્ષ વીતી ગયાં પછીય ઘરમા પા પા પગલી પાડનારા કોઈ અણસાર ન લાગ્યા ત્યારે બેઉએ સાવ સહજતાથી એ વાતને ભુલાવી દીધી.

આલોકનો કેમિકલ્સનો જામેલો ધંધો. કામમાં ગળાડૂબ વળી દેશ-વિદેશથી મુસાફરી પણ ચાલ્યા કરે. એણે જ નીરાને સુઝાડેલું, 'નીરા તું ડબલ ગ્રેજ્યુએટ છે. કૉમ્પ્યુટર  સાયન્સ પણ ભણેલી છે. તારે માટે આપણે કંઈક એવું કામ વિચારીએ કે, તારા ભણતરનો અને આપણા આટલા મોટા બંગલાનો બંનનો ઉપયોગ થઈ શકે.'

ત્યારથી નીરાએ કૉમ્પ્યુટરના વર્ગો તો ચાલુ કરેલા જ પણ આગળના વિશાળ વરંડામાં ઝેરોક્સ મશીન અને પીસીઓ બૂથ નખાવીને એ કામ પણ શરૂ કરેલું. એક દિવસ હાથમાં પોતાના બનાવેલા સ્કેચીઝ લઈને સીમા આવી હતી. 'મેડમ, મારી પાસે કૉમ્પ્યુટરનો કોર્સ કરવા માટેની ફી ભરવાની તો સગવડ નથી પણ હું કૉલેજ જતાં પહેલાં અને સાંજે કૉલેજથી સીધી આવીને તમને કૉપી કાઢવામાં અને પીસીઓનો હિસાબ રાખવામાં મદદ કરી શકું.' નીરા ધ્યાનથી એની સામે જોઈ હતી. મધ્યમ બાંધાની, શ્યામ વર્ણી વીસ-બાવીસ વર્ષની છોકરી, દેખાવ ભલે સાવ સામાન્ય પણ આંખોમાં કંઈક અનોખી ચમક. નીરાએ પૂછ્યું, 'તારે શા માટે કૉમ્પ્યુટર કોર્સ કરવો છો ?'

સીમાએ પોતાના હાથમાંના સ્કેચીઝ આગળ ધરતા કહ્યું હતું, 'આ બધા સ્કેચ મેં કોઈની પાસે શીખ્યા વિના, જેવા આવડે એવા મારી જાતે જ કર્યા છે. પણ હવે જો હું ક્લાસમાં જઈને સર્ટિફીકેટ કોર્સ કરી લઉં તો મને નોકરી મળી શકે એમ છે. પણ એને માટે કૉમ્પ્યુટર શીખવું બહુ જરૂરી થે.' એણે બનાવેલા સ્કેચ એટલા સુંદર હતા કે, નીરાને ભરોસો ન બેઠો કે, એ એણે જ દોર્યા હશે. એણે ખાતરી કરવા પૂછ્યું, 'તું હમણાં જ મારો સ્કેચ દોરી શકે ?' 'હા મેડમ, એક કોરો આગળ આપશો. સીમાએ પર્સમાંથી પેન્સિલ કાઢતાં કહ્યું. નીરાનો એ સ્કેચ આલોકને પણ બહુ ગમ્યો.

એણે તરત જ કહ્યું, 'તું એને હા જ પાડી દે નીરા. છોકરીને નોકરી મળી જશે તો આશીર્વાદ આપશે.' ત્રણેક મહિનામાં સીમા નીરા સાથે ઘણી હળી-મળી ગઈ હતી. પોતાની, માતા-પિતાની, બહેનોની, બધી વાત એ નીરાને વિના સંકોચે કરતી. હવે તો તે નીરાને 'મેડમને બદલે 'દીદી' કહેવા લાગી હતી.

'દીદી, અમે ચાર બહેનો. હું સૌથી મોટી. બધાં કરતાં નાનીનો જન્મ થયો ત્યારે હું આઠેક વર્ષની હોઈશ. દીકરાની આશામાં ને આશામાં ચોથીય દીકરી જન્મી ત્યારે માતા પિતા ઘર છોડીને કયાં ચાલ્યા ગયા, કોણ જાણે. આજ સુધી મલ્યા નથી'. નીરાને આઘાત લાગ્યો. એણે પૂછયું, 'ને તારી મા ?'

'અમને ચાર ચાર બહેનોને એકલે માથે ઉછેરવામાં, ભણાવવા-ગણાવવામાં માએ પોતાની જુવાનીનાં બધાં વર્ષો હોમી દીધાં. એટલી સુંદર દેખાતી હતી કે, એક વાર જુઓ તો  એની સામેથી નજર ન ખસેડી શકો પણ હવે એ અકાળે ઘરડી દેખાવા લાગી છે. એક ડાઈંગ મિલમાં કામ કરે છે. બિચારીને કેટલીય વાર ઓવરટાઈમ પણ કરવો પડે છે.' નીરાને થયું, આ કુટુંબને કોઈ ન કોઈ રીતે મદદરૂપ થવું જોઈએ. એણે સીમાને કહ્યું, 'મારે તારી માને મળવું છે. ક્યારે આવું તારે ઘરે એને મળવા માટે ?'

'ના, ના, તમે શા માટે ? માને કહીશ, એ જ મળી જશેતમને.'

સીમાની મા એટલે જાણે હાલતું - ચાલતું હાડપિંજર, સાવ પાંખા થઈ ગયેલા વાળ અને ચીપકી ગયેલા ગાલ. નીરાએ સીમાના ડ્રોઈંગના, એની કામ કરવાની આવડતનાં વખાણ કર્યા પણ એને જેટલો આનંદ થવો જોઈએ એટલો થયો હોય એવું લાગ્યું નહીં. એ કહેવા લાગી.

'એ બધું તો ઠીક બહેન, ચિત્રો ચીતરીને કંઈ રોટલા ભેગા થોડું જ થવાય છે ? પણ મારી સીમા તો બહુ ડાહી, ઘરનું કામકાજ, નાની બહેનોની જવાબદારી - બધું એણે નાની ઉંમરથી સંભાળ્યું છે.' પછી અચાનક નીરાનો હાથ પકડીને કહેવા લાગી, 'બહેન, તમને એક વાત કહું. પણ જો જો સીમાને ભૂલેચૂકેય આ વાતની ગંધ ન આવે. મને... મને મોટા આંતરડાનું કેન્સર છે. ઝાડામાં લોહી પડે છે.

ઓવર-ટાઈમનું બહાનું કાઢીને હું ડૉક્ટર પાસે જાઉં છું. પણ એમણે કહી દીધું છે, હવે હું વધુ નથી જીવવાની, એની આંખમાંથી આંસુ વહી નીકળ્યાં. 'મારી

દીકરીને તમે સંભાળજો બહેન. આ મરતી મા પર મોટો ઉપકાર થશે. તમારા સિવાય અમારું કહેવાય એવું કોઈ નથી.'

નીરા સ્તબ્ધ થઈ ગઈ. એનાથી કશું બોલાયું નહીં. એણે માત્ર સામે બેઠેલી સ્ત્રીનો હાથ પોતાના હાથમાં લઇ હળવેથી દબાવ્યો. અઠવાડિયુંય નહીં થયું હોય ને સીમાનો ફોન આવ્યો, 'દીદી, માની તબિયત બહુ બગડી ગઈ છે. મ્યુનિસિપલ હૉસ્પિટલના આઈસીયુમાં દાખલ કરી છે. મારાથી આજે કામ પર નહીં અવાય'. બોલતાં બોલતાં એનાથી ધ્રુસકું મુકાઈ ગયું. 'તું ચિંતા નહીં કરતી હું હમણાં જ પહોચું છું.' નીરા પહોચી ત્યારે એણે સીમાના હાથમાં દવાનું પ્રિસ્ક્રીપ્શન જોયું.

'દીદી, તમે જરા બેસશો ? હું હમણાં માની દવા લઈને આવું.'

નીરાએ પોતાની પર્સમાંથી પૈસાનું કવર કાઢીને હાથમાં મૂકી દીધું. 'હમણાં તો લઈ લઉં છું દીદી, પણ જેવી મારી સગવડ થશે કે તરત...' એના ગયા પછી નીરાએ સામેના બાકડા પર બેઠેલી એની બહેનો સામે નજર કરી. સાવ ભાવરહિત, દુનિયાદારીની સમજણ વિનાના ચહેરા, નીરાને થયું કે હવે આ બધાની મા બનવાનું કપરું કામ સીમાને માથે આવવાનું છે.

મા જવાની જ હતી, ગઈ. નાની બહેનો રડારડ કરતી હતી ત્યારે સીમાએ શાંત, સ્થિર અવાજે નીરાને કહ્યું, 'દીદી, હવે હું ભણી નહીં શકું. માની ડાઈંગ મીલમાં એની જગ્યાએ મને નોકરી મળી જશે.'

રડવું દબાવતાં નીરા બોલી. 'સ્કેચ બનાવવાનું છોડતી નહીં.'

એકાએક નીરાને ભેટીને ડૂસકાં ભરતાં એ બોલી, 'દીદી, હું કેવી મૂરખી, આજ સુધી મેં માનો એક્કે સ્કેચ ન બનાવ્યો. એણે તો જિંદગીમાં કદી ફોટોય નથી પડાવ્યો' એટલે હવે તો એનો સ્કે...'

❖❖❖

# કર્મનો મર્મ પીછાણે એને જગત વખાણે

મનુષ્યો ધરતીના હૃદયને ક્રુરતાપૂર્વક વીંછતા જ રહ્યા, તોય ધરતી બધું જ સહેતી રહી, કાયાના શત શત ટુકડાઓ થવા છતાંય વૃક્ષો મૌન રહ્યાં. ???? છતાં સુમનોના મોઢે શિકાયતનો એક પણ શબ્દ નહીં ! આમ શા માટે ? એવો વિચાર કરીએ છીએ ત્યારે આપણને ખ્યાલ આવે છે, કે મહાનતાની પ્રાપ્તિ માટે મૂક સમર્પણની આવશ્યકતા છે. જે તપે અને ટિપાય, જે કપાય અને વિધાય તેની સહનશીલતાની દુનિયા કદર કરે છે.

દુનિયા પાસે આંખ છે - સૂક્ષ્મ નિરીક્ષણ કરનારી. તેથી જ જેઓ દુનિયાની આંખમાં ધૂળ નાખવાનો પ્રયત્ન કરે છે, તેઓ હંમેશાં ફાવી શકતા નથી !

દુનિયાની આંખમાં ધૂળ નાખી ઉચ્ચ પદ પર બેસવાનો લહાવો લેનાર પદપ્રાપ્તિનો ગર્વ ધારણ કરી શકે, પણ પદ તેનાથી પ્રતિષ્ઠિત થતું નથી ! પદ વ્યક્તિને મોટો બનાવી શકે, પણ મહાનતા તો સદાચાર દ્વારા જ પ્રાપ્ત થઈ શકે છે. મોટા થવા માટે મોકો જોઈએ, પણ મહાન બનવા માટે મહાન ગુણોનું પીઠબળ જ જોઈએ. પાણી જેવી પ્રવાહી મનોવૃત્તિવાળા લોકો મહાન હોવાના ભ્રમમાં રાચી શકે, પણ ખરેખર મહાન બની શકે નહીં.

ઘણા લોકો દુનિયાને મૂર્ખ બનાવવામાં જ પોતાની મહાનતા સમજે છે. ઘમંડ, દુષ્ટતા અને તુચ્છતાનો અંચળો ઓઢી દુનિયા પર શાસન કરી પોતાની જાતને 'મહાન' તરીકે ખપાવી દેવા તૈયાર લોકોને વીણી વીણીને આજપર્યંત જગતે ફેંકી દીધા છે. જેમની ઉપર પરાણે મહાનતાનો સિક્કો લગાવી દેવામાં આવ્યો છે, એમની અસલિયત હંમેશાં દુનિયા આગળ છતી જ થઈ છે.

લોકોની પ્રશંસા કે પ્રશસ્તિનાં લખાણો કોઈને મોટો બનાવી શકે, પણ મહાન બનાવી શકતાં નથી મહાન બનવાનો એકમાત્ર ઉપાય છે – પ્રત્યેક ક્ષણને માનવમાત્રના કલ્યાણની પ્રવૃત્તિમાં પ્રયોજવાની તત્પરતા જેના અંતઃકરણમાં નિર્મળતા હોય, જેની પ્રવૃત્તિમાં પવિત્રતા હોય, જેના મનમાં માલિન્ય ન હોય, તે મહાન બની શકે ! જે કર્મનો મર્મ પિછાણે તેની મહાનતાને વિશ્વ આખું વખાણે !

હે પ્રભુ ! મારી ધરતીને મહાન મનુષ્યોની જરૂર છે. મહાપુરુષોના પૂજારીઓ કે ખુશામતિયાઓની હરગીજ નહીં !

# વળતર

**સનતભાઈ મુનશી**



**અ**મદાવાદના એલિસ બ્રિજ વિસ્તારના વૈભવી મકાન સૂર્યકીર્તિ કોમ્પલેક્સના ત્રીજા માળે લિફ્ટ અટકી, લિફ્ટમાંથી બહાર આવી ફ્લેટ ૩૦૨ પાસે દુર્ગાપ્રસાદ ઊભો રહ્યો, પડખે જ લગાડેલ સાઈન બોર્ડમાં નામ વાંચ્યું, 'નવલકિશોર પાઠક - (એમ.એ.એલએલ.બી.)'

તેણે કૉલબેલનું બટન દબાવ્યું, અંદર મધુર સૂરાવલીમાં ઘંટડી રણકી ઊઠી.

'કોણ છે?' અંદરથી અવાજ આવ્યો.

'પાઠક સાહેબ છે? મારે મળવું છે...' સેફ્ટી ચેઈન લગાડેલ દરવાજો સહેજ ખુલ્યો. ફૂલ-પાનની ડિઝાઈનવાળો, આછા ગુલાબી રંગનો ગાઉન પહેરેલ ત્રીસેક વરસની સુંદર યુવતીએ જવાબ આપ્યો: 'એ તો બહારગામ ગયા છે. સાંજે આવશે.'

અને એક સાથે બંનેના મોઢામાંથી શબ્દો સરી પડ્યા.

'તમે?'... 'સવિતા તું?'...

એક ક્ષણ કાળ થંભી ગયો...

ત્રણ બહેનો પછી જન્મેલ દુર્ગાપ્રસાદ નાનપણથી જ તોફાની હતો. શેરીમાં રમતા ભાઈબંધો પાસેથી સારી ચીજો પડાવી લેવી, જેવાં તોફાનોથી શરૂ થયેલ તેની પ્રકૃતિ તે નિશાળમાં બેઠો ત્યાં સુધીમાં ભરાડી સ્વરૂપ પકડી ગઈ હતી, મારામારી, ગાળાગાળી અને દાદાગીરીમાં તેનું નામ ગાજતું થઈ ગયું હતું. શિક્ષકો, પડોશીઓ અને ઘરના માણસો સુદ્ધાં બધાં ત્રાહિમામ પોકારી ગયા હતા.

જીવનના ખેલ ન્યારા હોય છે. માણસનાં મોટા દુર્ગુણો, અપલખણો અને કુટેવો ક્યારેક આશીર્વાદ રૂપ બનતાં જોઈએ છીએ ત્યારે આપણને નવાઈ લાગે છે. દુર્ગાપ્રસાદ બહુ ભણે તેમ તો નહોતો, તેથી પોલિટેકનિકમાં મશીનિસ્ટનો નાનો કોર્સ કરી શક્યો અને એ ભણતરના જોર ઉપર તેણે મિલમાં સુપરવાઈઝરની જગ્યા માટે અરજી કરી! અને મિકેનિકલ ડિગ્રીવાળા બીજા ઉમેદવારોને બદલે જ્યારે તેની પસંદગી થઈ ત્યારે, ભલભલાનાં ભવાં ચડી ગયેલાં, પણ તેની નિમણૂકનું કારણ સ્પષ્ટ હતું. મિલના ખાતામાં કામ કરતા માથાભારે કારીગરોને અંકુશમાં રાખી શકે, તેમની પાસેથી કામ કઢાવી શકે તેવો ઉગ્ર સ્વભાવનો સુપરવાઈઝર જ મિલને ઉપયોગી થાયને?

મિલમાં દુર્ગાપ્રસાદની હાક વાગતી થઈ. શિફ્ટ ડ્યુટીમાં કોઈની દેન નહીં કે કામ પર મોડા આવે, કે ચાલુ કામે ચા-પાણી પીવા પણ બહાર જઈ શકે. નાઈટ ડ્યુટીમાં તેના ખાતાનાં મશીનો આખી રાત ધમધમાટ ચાલતાં હોય, કોઈની મજાલ નહીં કે બીડી પીવા પણ ખાતા બહાર કોઈ પગ મૂકી શકે. ઝોલાં ખાવાની કે ઊંઘી જવાની તો તેના ખાતામાં કોઈ કલ્પના જ કરી શકતું નહીં. પરિણામે ઉત્પાદનમાં તેનો ડિપાર્ટમેન્ટ હંમેશાં આગળ રહેતો. મૅનેજમેન્ટમાં તેની પ્રશંસા થવા માંડી, બઢતી અને ઈનામો મળતાં થયાં.

હું ઘણીવાર તેના બાપ પ્રેમશંકરને કહેતો, 'તમારા આ કુલદીપકને કન્યા કોણ દેશે? આનો સ્વભાવ તો હવે બધે જગજાહેર થઈ ગયો છે...'

પ્રેમશંકર જવાબ આપતા, 'સાહેબ એ બાબત મને જરાય ચિંતા નથી. અમારી શ્રીગોડ બ્રાહ્મણની નાત આમેય સાવ નાની છે અને ઉપરાંતમાં મુરતિયાઓની અછત પણ ઘણી છે. નોકરી-ધંધાસર મુરતિયાઓ તો બહુ જ ઓછા મળે, જુઓને, મારી બે દીકરીઓ હજી કુંવારી જ બેઠી છે ને? એટલે દુર્ગાપ્રસાદને પોતાની કન્યા દેવા એનો બાપ ગોતતો ગોતતો આવશે. અને આ સ્વભાવ જાણવા છતાં, જખ મારીને દઈ જશે તમે જોજો ને!'

અને ખરેખર એમ જ થયું.

સાબરકાંઠા બાજુના તાલુકા મથકમાં, ખાનગી ટ્રસ્ટમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતા બાપની એક માત્ર દીકરી સવિતા સાથે દુર્ગાપ્રસાદનાં લગ્ન થયાં. સંસ્કૃત સાથે ફર્સ્ટ ક્લાસમાં બી.એ. થયેલી, સવિતા દેખાવડી અને સુઘડ હતી, બુદ્ધિના તેજથી ઓપતી સવિતાને તેનાં સાસુ પોંખતાં હતાં ત્યારે સહુ તેના સામું જોઈ જ રહ્યા, 'કાગડો દહીંથરું તાણી ગયો' એમ બધાને લાગ્યું.

આવી પત્ની મળતાં દુર્ગાપ્રસાદ પણ લટ્ટુ થઈ ગયો.

'સવિતા આજે ઝૂલતો પુલ તને

દેખાડું.

સવિતા આજે બહાર હૉટલમાં જમવાનું છે.'

'સવિતા આજે...'

આમ ઘરમાં અને મિત્રમંડળમાં 'સવિતા' 'સવિતા' થવા માંડ્યું.

લગ્નના શરૂઆતના દિવસોમાં તો સવિતા પણ સરસ કપડાં પહેરી, તૈયાર થઈ તેની સાથે બધે જતી, પણ ધીમે ધીમે તેણે દુર્ગાપ્રસાદને સમજાવવા માંડ્યું:-

'હવે બહુ થયું, ઘણું હર્યાફર્યા, બેય નણંદોને આમ ઘરમાં મૂકીને હું હવે બહાર હરવાફરવા અને આનંદ કરવા નીકળું તે સારું ન લાગે અને હવે મારે સાંજની રસોઈ, ઘરકામ, વગેરે સંભાળી લેવાં જોઈએ. માટે હવે આ બધું બંધ કરો.'

'ના', સાંભળવાને ન ટેવાયેલ દુર્ગાપ્રસાદને આંચકો તો આવ્યો પણ કંઈ બોલી શક્યો નહીં અને ધૂંધવાતો ધૂંધવાતો પગ પછાડીને બહાર ચાલ્યો ગયો.

આવું અવારનવાર બનતાં, મિત્ર-મંડળમાં તેની મશ્કરી થવા માંડી.

'ભાઈ, મિલનો સિંહ, ઘરમાં શિયાળ થઈ ગયો. એમાં નવાઈ શું છે? મોહિની સ્વરૂપ જ એવું હોય. નારદ જેવા નારદ પણ મોહિત થઈને હાલી નીકળ્યા'તા ને?'

કોઈ અક્કલના ઓછા ભઈબંધે વળી નવો પોઈન્ટ કાઢ્યો: 'ભાઈ, અમે તો પહેલેથી જ જાણતા હતા. આજકાલની ભણેલી વહુ વહેલાં-મોડી પોત પ્રકાશ્યા વગર નહીં રહે.' ભાઈબંધોએ સલાહ આપી, દાબમાં રાખતો જા. 'વહુ' 'વહુ', કરીને વેવલાવેડા કરવાનું બંધ કર નહીંતર, આ ભણેલી તારે માથે ચડી બેસશે.'

મગજમાં વહેમનો કીડો બેઠો અને ભણતરમાં પોતાની ઓછપને લઈને આવતી લઘુતાગ્રંથિને દબાવવા દુર્ગાપ્રસાદે પોતાના મૂળ સ્વભાવનો પરચો દેખાડવાનું શરૂ કર્યું.

'સવિતા, આજે મારા ભાઈબંધો રફાળેશ્વર ફરવા જવાના છે, તૈયાર થઈ જા.'

'પણ આજે તો મંગળવાર છે.'

'તે શું છે?'

'ભૂલી ગયા? આજે વરસોથી બા તમારા ખાતર મંગળવારનો અપવાસ કરે છે. સાંજના માતાજીનાં દર્શન કર્યા બાદ જ પાણી પીએ અને થોડું ફરાળ કરે છે. એ બધું મૂકીને મારાથી ન અવાય, ગમે તેમ તોય હું ઘરની વહુવારુ છું.'

દુર્ગાપ્રસાદના મોઢામાંથી ભૂંડાબોલી ગાળ નીકળી પડી... 'રાંડ, મને ના પાડશે?' તારા મગજમાં ભણતરની રાઈ ભરાણી છે એ મને ખબર છે. પણ અહીં એ બધી ટડપડ હાલશે નહીં.'

જીવનમાં પહેલી જ વાર અપશબ્દ સાંભળતાં સંસ્કારી સવિતા રોઈ પડી.

'તમે આવી ભાષા બોલો છો ઘરમાં? બાની, બહેનોની અને મારી હાજરીમાં? શરમાતા નથી?'

જવાબ આપ્યા વગર દુર્ગાપ્રસાદ બહાર ચાલ્યો ગયો, મોડી રાતે પાછો આવ્યો ત્યારે મોઢામાંથી દારૂની વાસ આવતી હતી, આવા ઝઘડા થવાનું રોજનું થઈ પડ્યું, ઘરની શાંતિ હણાતી ગઈ.

ભણેલીને દાબમાં રાખવાનું ભૂત દુર્ગાપ્રસાદના મગજમાં એટલું દૃઢ થઈ ગયેલ કે પોતાનો કક્કો ખરો રાખવા તે તક ગોત્યા જ કરતો. નાતરિવાજ મુજબ સવિતાને પહેલે આણે પિયર તેડી જવા તેનાં મા-બાપ આવ્યાં તેમને પણ હડધૂત કરીને પાછાં વાળ્યાં, બધાએ બહુ સમજાવ્યો, છતાં પણ સવિતાને પિયર મોકલી નહીં.

સવિતા સમસમીને બેસી રહી અનેકડવો ઘૂંટડો ગળી ગઈ. જ્યારે દુર્ગાપ્રસાદે પોતાનો વટ રહ્યો તે બદલ મૂછ મરડી.

એકવાર, કોઈ નાની સરખી બાબતમાં ઉગ્ર બોલાચાલી કરી, દુર્ગાપ્રસાદે તમાચો મારવા હાથ ઉગાડયો પણ ગાલ પર તમાચો પડે તે પહેલાં સવિતાએ તેનું કાંડું ઝાલી લીધું. ''હું માર ખાવા તમને પરણી નથી. અપશબ્દો કે મારકૂટ હું સહન નહીં જ કરું, તમારે સુધરવું પડશે અને મારી હારે રહેવું હશે તો સ્વભાવ પણ બદલવો પડશે.''

તેનું ચંડી સ્વરૂપ જોઈ, એક મિનિટ તો તે શેહ ખાઈ ગયો, પણ પછી મૂળ રૂપમાં આવી ગયો.

'શું કીધું તેં? મારે સ્વભાવ સુધારવાનો? તારી હારે રહેવા માટે? શેના ઉપર તું આટલું બધું જોર કરશ? તારા ભણતર ઉપર?'

'ભણતરને વગોવો મા, મેં તમને શું નથી આપ્યું? તમારું ઘર ઉજાળ્યું, બા-બાપુજીને મારાં માવતર ગણીને સાચવ્યાં, નણંદોને સગી બહેનો ગણી છે. તમારી બધી સગવડો સાચવી છે. ચાર ચાર વરસ લગ્નને થયાં, છતાં હું એક વાર પણ પિયર ગઈ નતી. તમારું મન રાખવા શું નથી કર્યું મેં તમારા માટે?'

'તેં જે કર્યું છે તે કોઈ પણ પત્નીની ફરજ છે તેથી વિશેષ કાંઈ કર્યું નથી. બાકી તેં મને શું નથી દીધું તે સાંભળવું છે? સાંભળી શકીશ?'

'શું સંભળાવવું છે?'

'તેં મને સંતાન દીધું નથી, અને તું

અને હું બેય જાણીએ છીએ કે તને બાળક થાય તેમ નથી. મેડિકલ રિપોર્ટ મારા ખિસ્સામાં છે અને હવે તો તને બતાડી દઈશ, તેં મારી રીઝ જોઈ છે. ખીજ જોઈ નથી, હવે જોઈ લેજે...' અને છેલ્લે પાટલે બેઠેલા દુર્ગાપ્રસાદે સંતાનસુખ ન આપવા બદલ, વંધ્યત્વના કારણસર સવિતાને ન્યાયકોર્ટથી છૂટાછેડા આપી દીધા.

''હવે રોજે બેઠી બેઠી, કાયદાની કોર્ટમાં તને 'વાંઈણી'નો સિક્કો લાગી ગયો છે. હવે તારો હાથ કોણ ઝાલશે ?'' ભયંકર અટ્ટહાસ્ય સાથે તેણે સવિતાને ઘર બહાર કાઢી બારણાં બંધ કર્યાં...

'તમે મારી આવી કદર કરી ? ચાર ચાર વરસના તમારા ઘરવાસનું મને આ વળતર આપ્યું ?' ઊંડો નિસાસો નાખી સવિતાએ પિયરની વાટ પકડી.

પરંતુ, નિયતિના પ્લાન જુદા જ હતા તે વાત આ બે પાત્રો જાણતાં ન હતાં.

નવલકિશોર પાઠક ગામમાં 'પાઠક સાહેબ'ના હુલામણા નામથી જાણીતા હતા. પ્રામાણિક, કાર્યદક્ષ અને માયાળુ સ્વભાવના વહીવટી અધિકારી તરીકે તેમનાં માન અને મોભો બંને ઊંચા હતાં.

એમના ઉપર ઓચિંતી વીજળી ત્રાટકી. તેમનાં પત્ની સુવાવડમાં દીકરો અને દીકરીનાં જોડકાં બાળકોને બે વાસાનાં મૂકી હેમરેજ થતાં અવસાન પામ્યા.

કાળો કકળાટ થઈ પડ્યો.

'ઈશ્વરને ઘેર ન્યાય જેવું કાંઈ હશે કે નહીં? પાઠક સાહેબ માથે આવું દુઃખ ?' એ પ્રશ્નના સહુના મનમાં ઘોળાતો હતો. આખું ગામ તેમના દુઃખમાં સહભાગી થઈને ઊભું રહ્યું. વસમી ઉપાધિ બે વાસાનાં નમાયાં બાળકોને સાચવવાની આવી પડી. સાહેબને નજીકના કોઈ સગા નહોતા. 'શું કરવું ? શું રસ્તો કાઢવો ?'

બરાબર તે વખતે જ કુદરતે સવિતાને ત્યાં પહોંચાડી. હતાશ, નિરાશ અને પોતાના ગુણોની કદર થવાને બદલે મળેલા હડહડતા અન્યાયથી અને વર્તાવથી દુભાયેલી, દુણાયેલી સવિતા, હૂંફ અને સાચા દિલનું આશ્વાસન ઝંખતી સવિતા. પાઠક સાહેબ અને સવિતા બંનેને અરસપરસ જેની તાતી જરૂર હતી તેવું વાતાવરણ ઈશ્વરે ઊભું કરી દીધું હતું. આર્ય સમાજની વિધીથી અને ગામલોકોની શુભેચ્છા અને અંતરના આશીર્વાદ સાથે સવિતા અને પાઠક સાહેબે નવજીવનના પંથે ડગલાં પાડ્યાં.

લક્ષ્મી જેવી ગૃહલક્ષ્મીને હડધૂત કરીને હાંકી કાઢી, એ સાથે જ દુર્ગાપ્રસાદનાં જાણે પુણ્ય પરવારી ગયાં. પોતાના માની લીધેલા વિજયના કેફમાં તે આંકેલા સાંઢ જેવો ફરવા લાગ્યો, પણ ઘરમાં અને મનમાં સવિતાનો ખાલીપો વરતાવા માંડ્યો. હવે તાત્કાલિક બીજાં લગ્ન કરવાના મનસૂબા ચાલુ થયા.

જાહેર તહેવારની રજા હતી. મિલ બંધ હતી. પણ દુર્ગાપ્રસાદ ઘરમાં એકલુંલાગતાં, તૈયાર થઈ બહાર નીકળ્યો અને પગ સ્વાભાવિક જ મિલ તરફ વળ્યા, મિલ તો બંધ હતી. પણ કોઈ એક બીજા ખાતામાં મશીનનું રીપેરિંગ ચાલુ હતું ત્યાં તે જઈને ઊભો.

'વિધિ માણસને ભૂલ ખવડાવે છે' એ ન્યાયે ખાતું બીજું હતું. પોતાની જવાબદારી નહોતી. કોઈએ મદદ માગી નહોતી, તો પણ તેણે પાના-પક્કડ હાથમાં લીધાં અને કોઈ કાંઈ સમજે તે પહેલાં તેણે થોડી મરામત કરી, મશીન ચાલુ કર્યું અને કોઈ ગફલતથી ધ્યાન ન રહેતાં તેનો જમણો પહોંચો મશીનમાં આવી જતાં એજ ઝાટકે કાંડેથી કપાઈને નોખો પડી ગયો. દોડા-દોડી થઈપડી, હૉસ્પિટલમાં લઈ ગયા અને તાત્કાલિક રગો વગેરેની કાપકૂપ કરી ટાંકા લઈ લેવામાં આવ્યા, હાથ જન્મભરનો ઠૂંઠો થઈ ગયો.

પાપનો ઘડો ભરાઈ ગયો હતો, સતી જેવી પત્નીને દુભાવવાના કુદરતી દંડ હવે લાગવા શરૂ થયા હતા.

બે મહિના બાદ તે મિલમાં નોકરીએ ગયો ત્યારે તેને કહેવામાં આવ્યું કે, 'હવે તે કામ કરી શકે તેમ ન હોઈ તેનું પ્રૉવિડન્ટ ફંડ વગેરે આપીને તેને છૂટો કરવામાં આવે છે.'

તેનો મિજાજ ગયો.

'એમ છૂટો ક્યાંથી કરશો ? પહેલાં મન અકસ્માત થયા બદલનું વળતર તો ચૂકવો ?'

મિલના લેબર ઑફિસરે કાયદો સમજાવ્યો, 'એક તો તમે ડ્યુટી ઉપર નહોતા. મિલમાં રજા હતી, બીજા ખાતામાં બીજા મશીનમાં જ્યાં જવાની તમારે જરૂર નહોતી, ત્યાં તમે વગર બોલાવ્યા ગયા એ પણ કાયદામાં ગુનો ગણાય છે. એટલે આ અકસ્માતમાં મિલની કોઈ જવાબદારી નથી તેથી વળતરનો પ્રશ્ન રહેતો નથી.'

'હું કોર્ટમાં જઈશ, કેસ કરીશ. તમને એમ છોડીશ નહીં.' દુર્ગાપ્રસાદે હુંકાર કર્યો.

'તમારે જે કરવું હોય તે કરી શકો છો. અમે વકીલની સલાહ લઈ લીધી છે. અમારી કોઈ જવાબદારી થતી નથી.'

તણે મોરબી અને રાજકોટના નિષ્ણાત વકીલોની સલાહ લીધી, બધાએ એ જ મત આપ્યો. 'વાંક તમારો છે, કાયદેસર કાંઈ વળતર મળી શકે નહીં...'

'હવે ?'

અંધકારમય ભાવિની કલ્પના માત્રથી દુર્ગાપ્રસાદ જીવનમાં પહેલીવાર ધ્રૂજી ઊઠ્યો. 'હું કરીશ શું ? કોઈ રસ્તો બતાવે ? કોઈ વળતર અપાવે ?... કોઈ... કોઈ... કોઈ...'

ક્યાંકથી જાણવા મળ્યું: 'આવી જાતના કેસો માતે સરકારે અમદાવાદના પાઠક સાહેબનું' એક વ્યક્તિનું કમિશન 'One Man Commission' નીમેલ છે. તેમને અરજી કરવાથી જો તેમને વાજબી લાગે તો તે વળતર અપાવી શકે, બાકી કંઈ થઈશકે તેમ નથી.' 'અમદાવાદ પહોંચી જા સૂર્યકીર્તિ કોમ્પલેક્ષમાં, ભોળાનાથનું નામ લઈને...'

'તમે બહાર કાં ઊભા રહ્યા ? અંદર આવો.' સવિતાએ દરવાજો ખોલ્યો.

ડઘાઈ ગયેલો દુર્ગાપ્રસાદ ડ્રોઈંગરૂમમાં બેઠો, સાદી છતાં કલાત્મક રીતની ફર્નિચરની ગોઠવણી, ભીંતના કલર સાથે મેચ થતા બારી પરના પડદાનું સુંદર મેચિંગ આંખોને આહ્લાદક લાગતું હતું, ટેબલ પરની કાચની ડિઝાઈન ગોઠવેલી હતી. નાનામોટા કુંડાઓમાં સાફ ધોયેલ પાનોના ચળકાટ વચ્ચે વિધવિધ ફૂલછોડ ઝૂલી રહ્યા હતા.

સવિતા ચા બનાવીને લાવી, 'પોતાને ભાવતી કડક મીઠી ચા એટલે કેટલે વખતે મળી ?'

દુર્ગાપ્રસાદનો આત્મા જાગી ગયો.

'તમે ફરી લગ્ન કર્યાં ?' સવિતાએ પૂછ્યું, 'લગ્નની વાતચીત ચાલતી હતી. લગ્ન લગભગ નક્કી હતું ત્યાં આ અકસ્માત થયો. હવે ઠૂંઠા નો નોકરી-ધંધા વગરનાને તો કોણ પરણે ?' વાત બંધ થઈ ગઈ.

ફરી મૌન.

'એ સાંજના તો બહારગામથી આવી જશે. હું તમારી વાત તેમને કરીશ, નામથી તો એ તમને ઓળખે છે. નિયમની અંદર રહીને આવા કેસોમાં જેટલું વળતર આપી શકાય તેટલું આપવાનો તેમનો સ્વભાવ જ છે, તમે ચિંતા ન કરશો.'

દુર્ગાપ્રસાદ ઊભો થયો.

'ના, સવિતા, હવે હું નહીં આવું, મારી આંખ ખૂલી ગઈ છે, વળતર તો આપણને બંનેને મળી જ ગયું છે ને ? તને ગમતો વર અને મનગમતું ઘર મળ્યાં. વાંઝણી કહીને મેં ધક્કો માર્યો હતો, આજે તું એક નહીં, બે છોકરાંની મા બનીને સામે ઊભી છો. સામે મારા કર્મનું વળતર મને મળી ગયું છે. તને તમાચો મારવા ઉગામેલ હાથ જ કુદરતે કાપી નાખ્યો છે. હવે કાયદાથી મળતા વળતરની કોઈ ઈચ્છા રહી નથી. તારી માફી માગું છું. આવજે...'

લિફ્ટ આંખ સામેથી અદૃશ્ય થઈ ત્યાં સુધી સવિતા જોતી રહી.

લિફ્ટની બહાર નીકળી દુર્ગાપ્રસાદે નક્કર ધરતી પર પગ માંડ્યો.

❖❖❖



# સાંજને સમે...

ઢળતો સૂરજ મૂંઝવે ત્યારે
સૌત અજવાળાં બૂઝવે ત્યારે
શ્વાસનું સગું સાવ નિકટમાં હોય તો ગમે
સાંજને સમે -

ચાક ચઢેલો એક ભમરડો અટકી ગોથાં ખાય
દી' આખાનો થાક આ પાછો મનમાં ખાલી થાય;
પાછા આવી, પંડની વચ્ચે પડછાયાઓ ભમે
સાંજને સમે -

દવ લાગેલા ડુંગરા વચ્ચે ઝાડવા જેવું જીવું
પવન પીઠે પાંદડું ભાગે, હું ઊખડતાં બ્હીવું;
હાથમાં લઉં હાથ હું તારો
આરણ-કારણ શમે
સાંજને સમે -

સાવ અદેહી અંધારાંનો એકલા ખમવો બોજ
હોય તો ક્યાંથી તું મારી સાથે સાંજે રોજ ?
હોય નહીં વરસાદ ને મારું નેજવું એવું ઝમે
સાંજને સમે
તું નિકટમાં હોય તો ગમે.

# મુઠ્ઠી ઊંચેરો માનવી

□ ચન્દ્રવદન જી. આચાર્ય

રૂપિયા પચીસના ભાડાવાળા એક ઓરડાને ખૂણે ચીંથરેહાલ થયેલો મનસુખ, પંદરવીસ મિનિટના અંતરે બીડીની ઝૂડીમાંથી એક એક બીડી સળગાવી, મોઢામાંથી ધુમાડા કાઢી, અડધી કે પોણી બીડી પીને જમીન સાથે ઘસી બુઝાવી નાખતો... ને પાછો વિચારે ચડી જતો કે હવે મારે શું કરવું ?

બે રાતના સતત ઉજાગરા અને આજનો આખો દિવસ પસાર થવા છતાં મનસુખને કોઈ દિશા દેખાતી નહોતી... ઉજાગરાને હિસાબે આંખો સૂજીને દડા જેવી થઈ ગઈ હતી. પત્ની સવિતાએ પણ પતિની મૂંઝવણ પામવા બેત્રણ વાર પ્રયત્ન કર્યો. પોતાની વ્યથા કહેવાને બદલે પત્ની સામે વડચકાં ભરી લેતો.

ત્રીજા દિવસની રાત્રે મનસુખે સવિતાને કહ્યું : ''અડધી રકાબી ચા કરી દે.''

''હું આમ ને આમ ત્રણ દિવસ-રાતથી જોયા કરું છું કે બબ્બે કલાકે તમે અડધી રકાબી ચા પીએ રાખો છો. ત્રણ દિવસમાં તો પાંચ-સાત બીડીની ઝૂડી ખાલી કરી નાખી. શું મસાણ ભેગું થાવું છે ?''

''આના કરતાં તો ભગવાન મસાણભેગો કરે તો સારું.'' કહી મનસુખ ભૂતકાળ વાગોળતો વર્તમાનનો વિચાર કરતો અને ભવિષ્યની ચિંતામાં એની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. તેણે એક નજર ભૂતકાળ તરફ કરી.

આ ગામમાં પોતે બોલ-બેરિંગ બનાવવાનો ઉત્તમ કારીગર હતો. સહેલાઈથી મહિનેદહાડે સાડાત્રણ - ચાર હજાર રૂપિયાની મજૂરી કરી લેતો. તે પણ માત્ર સાત કલાકની મહેનતથી અને અત્યારે સવારના નવથી રાત્રિના દસ સુધીમાં કરિયાણાનો વેપારી આપે છે શું ? બપોરે બે કલાક જમાવાનો સમય ઉપરાંત મહિને પગાર પેટે રૂપિયા સાતસો. એવામાં એની નજર પોતાના પુત્ર કનુ ઉપર પડી. પડખું



ફરીને સૂતો હતો. તેના પાટલૂનની પાછળના ભાગમાં થીંગડું મારેલું જોઈ ભગતની લૉન્ડ્રી યાદ આવી ગઈ. મારા, કનુના ને બાર વરસની પુત્રી પ્રવીણાના ઘરમાં પહેરવા સિવાયનાં કપડાં સવિતાએ કદી ધોયાં નહોતાં... અરેરે બે દિવસ પહેલાં નિશાળના માસ્તરે કનુને ડબલ લાઈનની નોટમાં લેસન કરવા આપ્યું હતું. ખિસ્સામાં ફદિયું હતું નહીં તો નોટબુક ક્યાંથી આવે ? તેના માટે માસ્તરે કનુને એક પિરિયડ ઊભા રહેવાની સજા કરી હતી. ત્યારે તેને કેવી વેદના થઈ હશે ? ત્યાં જ બાર વરસની પુત્રી પ્રવીણા પાણી પીવા ઊભી થઈ. આ જ મારી લાડલી દીકરી નાટક, સિનેમાની શોખીન. એના એક વચને અમે કુટુંબના ચારેય સભ્યો બાલ્કનીમાં જ બેસતા. વાર-તહેવારે તહેવારો મુજબની મીઠાઈનાં પડીકાં અઠવાડિયા સુધી ચાલતાં. છોકરાઓના વૅકેશનમાં દૂર-દૂર ઐતિહાસિક ને ધાર્મિક સ્થળોના પ્રવાસ ગોઠવતા. દસ-બાર કપડાંની જોડની શોખીન પ્રવીણા પાસે આજે શું હતું ? ઘરમાં પહેરવાનું એક જૂનું ફ્રોક અને શાળાનો યુનિફૉર્મ.

ત્યાં પાછું યાદ આવતાં સવિતાને કહ્યું : ''સવિતા, અડધી રકાબી ચા કરી દે.''

''હવે હાઉં કરો. ઘરમાં ચા-ખાંડ અને દૂધ સવાર પૂરતાં જ છે. સવારે છોકરા નિશાળે જાશે ત્યારે શું પિવરાવશું ?''

મનસુખ મનોમન સમસમી ઊઠ્યો. એક નજર સવિતા ઉપર નાખી. આ એ જ સવિતા છે ? બે વરસ પહેલાં બોલ-બેરિંગનું કારખાનું બંધ થયું. હું બેકાર બન્યો છતાં આવી કારમી ગરીબીમાં હિમાલયની જેમ અચલ અને એટલી જ શાંત રહી છે. કામવાળી રાખનાર આજ ખુદ આડોશપાડોશનાં બે-ત્રણ ઘરકામ કરી રૂપિયા ત્રણસો-ચારસોનો પતિનો ટેકો બની હતી. સવિતા ફાનસમાં ગ્યાસતેલ પૂરી દે. ખલાસ થવા આવ્યું હોય તેમ લાગે છે.

સવિતાએ એક નજર ઘરની ટ્યુબલાઈટ ને છતમાં ટીંગાતા પંખા તરફ કરી, તો

બીજી નજર ઘરના ઓરડાના એક ખૂણામાં લગાડેલ મીટર તરફ કરી. ઈલેક્ટ્રિક બિલ ન ભરવાને કારણે પોતાના ઓરડાનું વીજજોડાણ કપાઈ ગયું હતું. હવે સવિતાએ મનસુખ પાસે આવી શાંતિથી પૂછ્યું : ''જુઓ સુખદુ:ખ એ તો કર્મોના પડછાયા છે. તમારી નોકરી દરમિયાન મેં તમને ઘણી વાર ચેતવણી આપી હતી કે આમ મૂડી ઉડાડે રાખશો તો કુબેરના ભંડાર પણ ખાલી થઈ જાય, તો પછી તમે શું હિસાબમાં ? હું દાઝ્યા ઉપર ડામ દેવા નથી માગતી પણ મારે એ ઘા ઉપર મલમ લગાડવો છે. હું જોઉં છું કે તમે બે રાત અને આજ આખો દિવસ સૂતા નથી.બે-ત્રણ કલાક બહાર જઈ નિરાશ થઈ પાછા ફરો છો, કહો આખરે છે શું ?''

હવે મનસુખને કાંઈક હિંમત આવી. મુઠ્ઠીમાં બચેલી ચાર બીડીમાંથી એક પેટાવી ભવિષ્ય તરફ નજર કરી.

''સવિતા, તને યાદ છેને વરસ પહેલાં મંદિરના પૂજારી પાસેથી રૂપિયા ત્રણ હજાર દોઢ ટકા લેખે ઉછીના લીધેલા ?''

''દેણાં તો મરદ માથે હોય. શું કામ મૂંઝાવ છો ? હું બેઠી છુંને... પણ તેનું વ્યાજ તો તમે દર મહિને આપી આવો છો !''

''પૂજારીએ ચાર દિવસ પહેલાં મને કહ્યું કે મનસુખભાઈ, મંદિરના. ટ્રસ્ટીઓ હિસાબકિતાબ કરવા આવવાના છે. તમે તો મને જ્યારે જોઈતા હોય ત્યારે બે દિવસ અગાઉ કહેવાનું કીધેલું. હું તમને અઠવાડિયા અગાઉ જાણ કરું છું મારા જૂના શેઠ પાસે જઈ આવ્યો. બેત્રણ વ્યાજવટાવવાળા પાસે પણ જઈ આવ્યો. ઘરના ઓરડામાં ઉગમણી દિશાએ રાખેલ રામ-લક્ષ્મણ-જાનકીની મૂર્તિ સામે જોઈ હતાશાપૂર્વક મનસુખે કહ્યું : ''આ મારો રામ ખોટું હસે છે. મારો રામ મારાથી રૂઠ્યો છે, ત્યાં હું શું કરું ?''

હું હમણાં જ આવી. કહી સવિતા પડોશમાં ગઈ ને મનસુખના મિત્ર નરેન્દ્રને ફોન કરી અત્યારે ને અત્યારે પોતાના ઘરે આવવા જણાવ્યું. મિત્ર નરેન્દ્રએ ફોનમાં જ દશ મિનિટમાં આવું છું કહી ફોન મૂકી દીધો.

મનસુખ જે મકાનમાં રહેતો હતો તે વિશાળ મકાન હતું તેમાં દશ-બાર ભાડૂતો રહેતા હતા.

એક ફળિયામાં સવિતા નરેન્દ્રની રાહ જોતી ઊભી હતી.

નરેન્દ્ર આવ્યો : ''શું છે ભાભી ?''

અને સવિતાએ મનસુખની વિતક-કથા કહી કે મૂંઝવણમાં ન કરે નારાયણ ને તમારા ભાઈને કાંઈક થઈ જશે. તો પત્ની તરીકિનું મારું જીવન ઝેર થઈ જશે. કાંઈક મારગ કાઢી તેમને હિંમત આપો.

''મનસુખિયા, જૂના શેઠ પાસે જઈ આવ્યો, વ્યાજવાળા પાસે જઈ આવ્યો, મારી પાસે આવતાં શું તારા ટાંટિયા તૂટતા હતા ?''

''નરેન્દ્ર, તું ક્યાંથી ? મને લાગે છે કે તારી ભાભીએ તને બધી વાત કરી લાગે છે. તું જ કહે, હવે મારે શું કરવું ?''

''મનસુખ, જે કરવાનું છે તે હવે તારે નહીં મારે કરવાનું છે, ભલે મારી સ્થિતિ પણ સારી નથી. જો અત્યારે સાડાનવ થયા છે. સાડાઅગિયાર સુધી મારી રાહ જોજો. સહુ સારાંવાનાં થઈ રહેશે,'' કહી નરેન્દ્ર ત્યાંથી વિદાય થયો.

નરેન્દ્ર ધનસુખરામશેઠની કાપડ-મિલમાં સામાન્ય કારકુન હતો. ત્રણ ભાઈ, એક બહેન, મા-બાપ, પત્નીના કુટુંબનો કારભાર તેના ખભા ઉપર હતો.

ધનસુખરામશેઠની નજરમાં નરેન્દ્ર એક નેકદિલ ઈન્સાન હતો.

કોઈ દિવસ નહીં ને રાત્રિના પોણાદસે પોતાના બંગલે નરેન્દ્રને આવેલો જોઈ શેઠ બે ઘડી વિસ્મય પામ્યા. નરેન્દ્ર બે હાથ જોડી. અદબ વાળી શેઠ સામે ઊભો રહ્યો.

''નરેન્દ્ર, મારી ઑફિસમાં અદબવાળી ઊભો રહે તે તો ઠીક છે, પરંતુ આ તો મારું ઘર છે. બેસ. સામેના સોફા ઉપર બેસ. બોલ, શું કામ છે ?''

નરેન્દ્રએ પોતાના ભાઈથી પણ વિશેષ એવા મનસુખ અને તેના પરિવારની સુખથી માંડી દુ:ખ સુધીની વાત માત્ર વીસ મિનિટમાં કહી રૂપિયા ત્રણ હજાર જોઈએ છે અને એ રકમ પોતાના પગારમાંથી ધીમે ધીમે કપાત કરવાની ખાતરી આપી. ધનસુખશેઠે કહ્યું : ''નરેન્દ્ર તું આવતી કાલે ઑફિસે આવે ત્યારે મનસુખભાઈને સાથે લાવી, રૂપિયા ત્રણ હજાર લઈ જજે.''

નરેન્દ્ર શેઠના ચરણે પડવા જતો હતો, ત્યાં જ તેના બે હાથ પકડતાં શેઠે કહ્યું : ''દીકરા, આ શું કરે છે ? સુખીસંપન્ન માણસ જો દુ:ખી માણસને કામ ન લાગે તો તેની લક્ષ્મીને લાંછન છે. તારા પગારમાંની કપાત બાબત કાલે વિચારીશું.'' મનસુખ, સવિતા નરેન્દ્રની રાહ જોતાં હતાં. મનસુખને તો વિશ્વાસ જ નહોતો કે નરેન્દ્ર પાછો આવે. માત્ર સવા કલાકમાં નરેન્દ્રને પાછો આવેલો જોઈ મનમાં કાંઈ આશાનું કિરણ જાગ્યું.

''મનસુખ, ઈશ્વરે બધું સાંગોપાંગ ઉતાર્યું છે. આવતીકાલે સવારે દસ વાગે તું મારે ઘેર આવી જજે. ત્યાંથી મારી ઑફિસે જઈશું. મારા શેઠે પૈસા દેવાનું વચન આપ્યું છે.''

બીજે દિવસે મનસુખ તથા નરેન્દ્ર ધનસુખશેઠની ઑફિસે પહોંચ્યા. શેઠે નરેન્દ્રને બહાર જવાનો ઈશારો કર્યો. બે હાથ જોડી ઊભેલા મનસુખને પોતાની સામેની ખુરશી ઉપર બેસવા કહ્યું.

શેઠની સામે બેસવું કે નહીં. તેની અવઢવમાં ધ્રૂજતા શરીરે મનસુખ બેઠો.

''જુઓ મનસુખભાઈ, નરેન્દ્રએ મને તમારી બધી વાતથી વાકેફ કર્યો છે. સમય

સ્થિર નથી. સમયીંસમય બદલાય છે એ ધ્યાનમાં રાખી માણસે પોતાની સુખી આવકને સાચવતાં શીખવું જોઈએ. ખેર જે થવાનું હતું તે થઈ ગયું. તમારે રૂપિયા ત્રણ હજાર જોઈએ છેને ? પોતાના ખાનામાંથી રૂપિયા સો-સોનું આખું બેંક બંડલ મનસુખના હાથમાં મૂકતાં કહ્યું : ''આ રૂપિયા દશ હજાર છે એનાથી એવી સવાર પાડો કે જેની કોઈ દિવસ સંધ્યા ન દેખાય. મારી એક શિખામણ યાદ રાખજો, બુદ્ધિથી કમાયેલો જાત પરસેવાનો પૈસો કદી કરમાતો નથી. ઊલટાનો ખીલે છે... છતાં ન મળે તો ભાગ્યનો વાંક.''

''પણ શેઠ, હું ગરીબ આટલા બધા પૈસા પરત...''

વચમાં જ શેઠે કહ્યું : ''તમને આપેલી આ લક્ષ્મી ઉપર મને ગળાડૂબ વિશ્વાસ છે. જ્યારે જીવનમાં સગવડ થાય ત્યારે પરત કરી જજો.''

✦✦✦

આ વાતને આજે પંદર વર્ષનાં વહાણાં વહી ગયાં. કનુ ને પ્રવીણા બન્નેએ મદ્રાસમાં ભણી ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરી. મનસુખની ત્રણસો કામદારોવાળી ત્રણ પાળીમાં ચાલતી 'સવિતા બોલ-બેરિંગ ઈન્ડસ્ટ્રીઝ' ધમધોકાર ચાલતી હતી. મનસુખની દયાદષ્ટિના આધારે કારખાનામાં કામદાર યુનિયનની હસ્તી હતી જ નહીં ભારતમાં તો શું વિદેશોમાં પણ તેના માલની અછત રહેતી.

વિદેશનો કારભાર મનસુખનો મિત્ર નરેન્દ્ર સંભાળતો હતો.

એક દિવસ ધનસુખરામશેઠને બંગલે એક મોટર આવી ઊભી રહી. ડ્રાઈવરે દરવાજો ખોલ્યો. જે દિવસે મનસુખશેઠની ઑફિસમાં તેમને મળવા ગયો હતો ત્યારે જે જર્જરિત ધોતિયું, થીંગડાંવાળું ખમીસ અને એક બંડી પહેરી ગયો હતો એ જ પહેરવેશે અત્યારે હાથમાં એક સૂટકેસ લઈ બંગલાના કમ્પાઉન્ડમાં હીંચકા ઉપર બેઠેલા શેઠના ચરણારવિંદ લઈ અદબવાળી ઊભો રહ્યો.

''ભાઈ બન્ને આંખે મોતિયા આવ્યા છે. ઝાંખપ છે. વળી સમીસાંજ છે. તેથી મેં તમને ઓળખ્યા નહીં.''

''ક્યાંથી ઓળખો મારા પ્રભુ... પંદર પંદર વરસનો સમય પસાર થઈ ચૂક્યો છે.

''હા હવે અવાજ ઓળખાયો... નરેન્દ્રના મિત્ર મનસુખભાઈ તો નહીં!''

''હા, હે દયાના સાગર, તમે મને દસ હજાર રૂપિયા આપી કહ્યું હતું કે ''બુદ્ધિથી કમાયેલો જાત પરસેવાનો પૈસો કદી કરમાતો નથી. ઊલટાનો એ ખીલે છે'' એ શિખામણનું આ ફળ છે. આ સૂટકેસમાં દસ લાખ રૂપિયા છે. જે કંઈક મરતા ગરીબોને જીવતા કરશે તેવા દઢ વિશ્વાસ સાથે આવ્યો છું. જો તમે ન સ્વીકારો તો તમને અમારા આખા કુટુંબના સોગન છે.''

''તમે મને આટલી રકમ આપો છો તો વરસેદહાડે તમારું ટર્નઓવર કેટલું ?'' અને તમે શું વ્યવસાય કરો છો ?''

''વરસેદહાડે વીસ કરોડનું ટર્નઓવર છે. તમે આપેલી રકમમાંથી બાકી વધેલી રકમમાંથી નાની દુકાન ભાડે રાખી, થોડીક લોન સરકાર પાસેથી લઈ બોલ-બેરિંગનું કારખાનું શરૂ કર્યું. રાત-દિવસ જોયા વગર આગળ ને આગળ ધંધા પાછળ એટલી બધી હડી કાઢી - કે હવે હું થાકી ગયો છું. બન્ને સંતાનોએ પણ મદ્રાસમાં ભણી કૉમર્સમાં ઉચ્ચ ડિગ્રી મેળવી. હવે મને ધંધામાં થાક ખાવા બેસાડ્યો છે. જમાઈના પણ ટેકો છે. ''ત્રણસો કામદારો ધરાવતી 'સવિતા બોલ - બેરિંગ ઈન્ડસ્ટ્રીઝ'નો અત્યારે હું માલિક છું.''

''હીંચકા ઉપર ટીંગાડેલી ટ્યુબલાઈટ હવે થઈ. મનસુખ તથા તેનો પહેરવેશ શેઠને દેખાયો ને કહ્યું : ''આવું કંજૂસાઈભર્યું જીવન જીવો છો ?''

''ના શેઠ, આમ તો હું પૅન્ટ, શર્ટ, ટાઈ બાંધું છું. પણ મારા આ ડ્રેસને મેં જીવન જેમ જતન કરી સાચવી રાખ્યો છે. આજે તમારી પાસે આવવું હતું પણ એક મોટા માણસ તરીકે નહીં. હું તો તમારી પાસે એક મનસુખ છું. જે પહેલાં હતો.'' સૂટકેસ શેઠને સુપરત કરતાં કહ્યું : ''સુદામાના આ તાંદુલનો મારા પ્રભુ સ્વીકાર કરો.'' ધનસુખશેઠને બે હાથ જોડી દસ લાખ રૂપિયા ભરેલી સૂટકેસ આપી સડસડાટ બંગલા બહાર આવી મોટરમાં બેસી ગયો. ડ્રાઈવરે ગાડી હંકારી મૂકી.

મોટર પોતાનો માર્ગ કાપ્યે જતી હતી. ત્યાં જ રસ્તામાં એક સૂનું મકાન આવતાં ડ્રાઈવર પાસે ગાડી રોકાવી પોતે અંદર ગયો. પ્રથમ તો પોતે જ ભાડાના ઓરડામાં રહેતો હતો ત્યાં જઈ જોયું તો એક દરજી દંતી ભાડે રહેતું હતું. ત્યાંથી સીધો ઉપર જઈ મકાનમાલિકને મળી ક્ષણ વારમાં મકાન ખરીદી લીધું. મકાનમાલિકનો એક ઓરડો ખાલી હતો તેમાં દરજી દંપતીને ખસેડી પોતાના હાથે પોતાનું તાળું માર્યું.

પોતાના બંગલે આવી પૂજાના ઓરડામાંથી રામ-લક્ષ્મણ-જાનકીની મૂર્તિ લઈ. સવિતા સાથે પોતાના જૂના ઓરડામાં જે જગ્યાએ સ્થાપિત હતી તે જ જગ્યાએ સ્થાપિત કરી સવિતાને કહ્યું કે જ્યાં સુધી આપણે જીવીએ છીએ ત્યાં સુધી સવારની પૂજા મારા ઉપર... સાંજની પૂજા તારા ઉપર.

સવિતાને સૂચના આપી પોતે જે જગ્યાએ બે રાત ને એક દિવસનો ઉજાગરો કર્યો હતો ત્યાં એ જ રીતે ઊભા પગે બેસી ભગવાન શ્રી રામની મૂર્તિ સામે જોયું તો...

દુ:ખમાં પણ ભગવાનની મૂર્તિ હસતી હતી. અને આજે સુખમાં પણ હસી રહી છે.

❖❖❖

# નવરાત્રિ ઉત્સવ

નવરાત્રિ ભારતભરમાં ઊજવાતો મોટો હિંદુ તહેવાર છે, પણ તેની સૌથી મોટા પાયે ઉજવણી કદાચ ગુજરાતમાં થાય છે. નવ દિવસ ચાલતાં નૃત્યો એ નૃત્યની દુનિયામાં વિશ્વભરમાં લાંબામાં લાંબું 'ડાન્સ ફેસ્ટિવલ' છે. ગુજરાતનાં શહેરોના અને ગામડાંમાં લોકો એકઠા થઈ શક્તિમાતાની આરાધના કરે છે.



આ સમૂહ નૃત્ય 'રાસગરબા' નામથી ઓળખાય છે. તાળી અને દાંડિયા સાથે ગોળાકાર રચી થતાં આ નૃત્યોમાં કૃષ્ણ-રાધાના ગોપજીવનની ઝલક સાથે સૌરાષ્ટ્ર કચ્છના ખેડૂજીવનનો અણસાર પણ દેખાય છે. હવે તેમાં આધુનિક શહેરી મૂલ્યો અને ફિલ્મી સંગીતનો રંગ પણ સારો એવો ચડ્યો છે.

આસો મહિનાના શુક્લ પક્ષના પ્રથમ નવ દિવસ આ ઉત્સવ ઊજવાય છે. શરદ ઋતુના ઉજ્જ્વળ આકાશ નીચે મંડપ બાંધી વચ્ચે માતાજીનું સ્થાપન કરી રોજ રાત્રે દેવીનાં નવ રૂપોની પૂજા-આરતી થાય છે અને પછી મોડી રાત સુધી રાસગરબાની રંગત જામે છે. ચોમાસાના પાકથી ભૂમિ લીલીછમ હોય છે. મહેનત-મજૂરી કરી થાકેલા ખેડૂતો શાંતિ અને આનંદની સ્થિતિમાં હોય છે.

આ નવ દિવસ ત્રણ ભાગમાં વહેંચાયેલા છે. પ્રથમ ત્રણ દિવસ દુર્ગાના, બીજા ત્રણ લક્ષ્મીના અને છેલ્લા ત્રણ સરસ્વતીના ગણાય છે. દુર્ગા અનિષ્ટના નાશનું, લક્ષ્મી સમૃદ્ધિનું અને સરસ્વતી બુદ્ધિમત્તાનું પ્રતીક છે. ગોળાકારમાં થતાં નૃત્યોની શૈલી સરળ અને પરંપરાગત છે. જોકે, છેલ્લાં થોડાં વર્ષોમાં તેમાં નવી નવી ઘણી શૈલીઓ ઉમેરાઈ છે. સંગીત પણ ઘણું બદલાયું છે. વડોદરાની નવરાત્રિ વર્ષોથી વખણાય છે. તેમાં પરંપરાગતથી માંડી આધુનિક તમામ શૈલીઓ જોવા મળે છે.

દસમો દિવસ દશેરા તરીકે ઓળખાય છે. શ્રીરામે રાવણ પર આ દિવસે વિજય મેળવ્યો એટલે વિજયાદશમી કહેવાય છે. તે દિવસે વાહનોની પૂજા કરવામાં આવે છે. ફાફડા-જલેબી ખાવાનો અને ખરીદી કરવાનો મહિમા છે.

ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાના પ્રતીકરૂપ ગરબાનું આધ્યાત્મિક રહસ્ય પણ છે. ગમે તેટલા જૂનવાણી વાતાવરણમાં જીવતી સ્ત્રીને આ દિવસોમાં મુક્ત રીતે બહાર નીકળવા મળે છે અને શક્તિની પૂજા દ્વારા પોતાના અસ્તિત્વમાં છુપાયેલા દૈવી તત્ત્વનો સાક્ષાત્કાર કરવાનો મોકો મળે છે. આ દિવસોમાં તેઓ પરંપરાગત રીતે જે વ્યંજનો બનાવે છે તે પણ જો સાચી રીતે બનાવવામાં આવે તો તે એક વિશુદ્ધીકરણ પ્રક્રિયા બની રહે છે. ગરબા ધીમી ગતિએ શરૂ થાય છે અને ઉત્તરોત્તર તેની ઝડપ વધતી જાય છે. બ્રહ્માંડના સર્જનાત્મક સત્ત્વના પ્રતીકરૂપ દેવીના સ્થાપનની આજુબાજુ તાલબદ્ધ વર્તુળમાં થતાં સમૂહ નૃત્યનો હિસ્સો જે બને તેને જ તેનો મહિમા સાચા અર્થમાં સમજાય. દરેક એક જ પ્રકારની શૈલીમાં ઘૂમે છે, દરેકની ઊર્જા સક્રિય છે અને દરેક તાલબદ્ધ છે, લયબદ્ધ છે. નવરાત્રિ સાથે મહિષાસુર મર્દન અને રામ-રાવણ યુદ્ધની દંતકથાઓ સંકળાયેલી છે. શક્તિપીઠોની પાછળ શિવ અને સતીની પુરાણકથા રહેલી છે. કહે છે કે સખીઓના રૂપમાં દેવીમાતાઓ પોતાનાં બાળકોને લઈ ગરબા રમવા આવે છે.


❖❖❖



## ગરબો

ગાય તેનો ગરબો ને ઝીલે તેનો ગરબો;  
ગરબો ગુજરાતની ગરવી મિરાત છે.  
ઘૂમે તેનો ગરબો તો ઝૂમે તેનો ગરબો;  
ગરબો ગુજરાતની ગરવી મિરાત છે.  
સૂર્યચંદ્ર ગરબો ને ઋતુઓ પણ ગરબો;  
ગરબો ગુજરાતની ગરવી મિરાત છે.  
દિવસ પણ ગરબો ને રાત પણ ગરબો;  
ગરબો ગુજરાતની ગરવી મિરાત છે.  
સંસ્કૃતિ ગરબો ને પ્રકૃતિ ગરબો;  
વાંસળી છે ગરબો, મોરપીંછ ગરબો;  
ગરબો મતિ છે, ગરબો સહમતિ  
વીરનોય ગરબો, અમીરનોય ગરબો;  
કાયા પણ ગરબો ને જીવ પણ ગરબો;  
ગરબો જીવનની હળવી નિરાંત છે,  
ગરબો સતી છે ને ગરબો ગતિ છે,  
ગરબો નારીની ફૂલની બિછાત છે,  
ગરબો સત છે ને ગરબો અક્ષત છે;  
ગરબો માતાજીનું કંકુ રળિયાત છે.

# બારભાયા કુટુંબનું ગૌરવ



અ.સૌ. જીગ્ના સંજીવ બારભાયાની સુપુત્રી કુ. રૂત્વી એ ICSE Board ની દશમાં ધોરણની પરીક્ષામાં ૯૫% માર્કસ સાથે ઝળહળતી ફતેહ મેળવીને બારભાયા પરીવારની શાન વધારી છે.

ચિ. રૂત્વી ને અમારા હાર્દિક અભિનંદન. અમારી દીકરીને ભવિષ્યની ઉજજવળ કારકીર્દી માટે અંતરના આશીર્વાદ

**વિનોદ રતીલાલ બારભાયા – દાદા**
**સુધા વિનોદ બારભાયા – દાદી**

ADVT

## પારેખ તથા વોરા પરિવારનું ગૌરવ



વઢવાણ નિવાસી, (હાલ વિલેપારલા) સ્વ. કંચનબેન – સ્વ. વાડીલાલ જગજીવનદાસ પારેખની પૌત્રી, વિરેન્દ્રભાઈ – દિવ્યાબેનની પુત્રી, સ્વ. કાંતીલાલ કમળશીભાઈ વોરા (હાલ બોરીવલી) ની દોહિત્રી **ચિ. મૈત્રી માસ્ટર્સ ઓફ આર્કિટેક્ચર (આર્કિટેક્ચરલ કંઝરવેશન) સ્કૂલ ઓફ પ્લાનીંગ એન્ડ આર્કિટેક્ચર, (ન્યુ દિલ્હી)** માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ મેળવી પરિવારનું ગૌરવ વધારેલ છે.

ચિ. મૈત્રી જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરી ખૂબ ખૂબ આગળ વધે તેવી શુભેચ્છા.

**દિવ્યા – વિરેન્દ્ર પારેખ** **હંસાબેન કાંતિલાલ વોરા**
**નીધી – યશ પારેખ** **અમીતા – રોહિત વોરા**
**પ્રિતી કે. શાહ (માસી)**

ADVT

નોમિનેશન દ્વારા, નોમિની વ્યક્તિ ફકત ટ્રસ્ટી છે, માલિક નથી બનતા, માટે વસિયત અનિવાર્ય છે.

| વસિયત | ગિફ્ટ ડીડ | રીલીઝ ડીડ |
|---|---|---|

વધુ માહિતી માટે સંપર્ક : ધર્મેશ શાહ

**9594385838 / 8080336335**

- હાઉસિંગ સોસાયટી ના શેર સર્ટિફિકેટમા મારા પત્ની કે સંતાન નું નામ જોઈન્ટમા હોય તો શુ તે માલિક બની જાય?
- શુ હું મારુ વસિયત ધારું ત્યારે બદલી શકું ?
- જ્યાં વ્યક્તિ નોમિનેશન વિના ગુજરી ગઈ હોય તો હવે શુ કરી શકાય?

આવા સવાલો ના માર્ગદર્શન માટે :


તમારે હાથે કરાયેલું સદ્કાર્ય- વસિયત

WILL JUNCTION ™

(Advt.)

# સાચા સુખની ચાવી

પદ્મા ફડિયા




માનવી સતત સુખને શોધતો આવ્યો છે. એ હરપળે સુખની ઝંખના કરે છે. એ સુખને શોધવા માટે જીવનના અંત સુધી ઝઝૂમે છે; પરંતુ સાચું સુખ ક્યાં છે? ક્યાંથી મળી શકે તેમ છે? આ રહસ્ય એ કેમ કરીને શોધી શકતો નથી. એ તો સત્તા અને ધન દ્વારા મનના ભોગવિલાસમાં જ સાચું સુખી માની બેઠો છે. પણ એમાંય એને શાંતિનો અનુભવ થતો નથી. એ જ્યારે એ મોજ વિલાસને માર્ગે જાય છે, ત્યારે અનેક પછડાટો ખાય છે, પતનની ઊંડી ખીણમાં ધકેલાઈ જાય છે, અને દુ:ખના કૂવામાં અપાર સબડ્યા કરે છે ત્યારે એને ખ્યાલ આવે છે કે ભોગવિલાસ એ સાચું સુખ નથી એ તો એક માત્ર માયા છે, માયાનો આભાસ છે.

તો સાચું સુખ ક્યાં છે? સુખી થવાની ચાવી ક્યાં છે? કઈ છે કે જેનાથી જીવન શાંતિમય- સુખમય બની શકે? સુખી અને જીવનમાં સરળ થવાની ચાવી છે પ્રેમ, કરુણા અને સત્ય.

સુખી અને સફલ થવાની ચાવી તો પ્રેમામાં છે. જીવનના બંધ તાળામાં પ્રેમની એક કળ ફેરવો તો તાળું અર્ધું ખૂલી જાય. કરુણાની બીજી કળ ફેરવો તો બંધ જીવનનું સંપૂર્ણ તાળું ખૂલી જતાં જીવન જાગૃત થઈ જાય, જે જીવન અંધકારમય હતું તે પ્રકાશમય બની જાય ત્યારે માનવી સાચું સુખ મેળવી શકે છે, એ સાચું સુખ એટલે પ્રેમ, કરુણા અને સત્ય.

ભગવાન મહાવીર, ભગવાન બુદ્ધ અને આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ આપણને જીવન-સફળતાની ચાવી-પ્રેમ, કરુણા અને સત્યની આપી છે. આ ત્રણેય મહાન વિભૂતિઓએ સમગ્ર વિશ્વને આ ચાવીઓ આપી છે જે જીવનને પરમ શાંતિ અને સંતોષ આપે છે.

ભગવાન મહાવીર સ્વામી કહે છે કે, સૌને પ્રેમ કરો, જીવ માત્રને પ્રેમ કરો, પ્રેમ કરો અને કરાવો. એ પ્રેમથી જ સૌ એકબીજા સંપીને રહેશએ. ઝેર-વેર ભૂલી જશએ, ઈર્ષા કરશે નહિ, હિંસા થશે નહિ, સૌ સહકારથી કામ કરશે, ભાઈચારો આવશે, મારા મારી થશે નહિ, સૌ સંપીને રહેશે અને સંપીને રહેવાથી એકતા આવશે. જીવો અને જીવવા દો, જીવનનું સાચું સુખ એકતામાં છે. આ એકલા પ્રેમમાંથી નીપજે.

જે સૌ જીવોને પ્રેમ કરે છે તે સુખી થાય છે. તેના અંગેઅંગમાં આનંદ છલકાય છે. કારણ પ્રેમમા અહિંસા છે. અહિંસા પરમો ધર્મ, અહિંસા એ પ્રેમનું જ બીજું સ્વરુપ છે. અહિંસાથી ત્યાગ-શક્તિ વધે છે. મોહનો ત્યાગ પ્રેમમાં પરિણમે છે, એ ત્યાગના મહિમાથી સમગ્ર વિશ્વમાં નાના-મોટા તમામ જીવો એકત્વને પામશે એટલે જ ભગવાન મહાવીરે સાચા સુખ માટે પ્રેમની ચાવી આપી છે.

પ્રેમનું બીજું સ્વરુપ કરુણા છે. કરુણાથી -ભાવનાથી માનવીનું હૈયું જયારે છલકાય છે ત્યારે ક્લેશ, કંકાશ, દુશ્મનાવટ, સત્તા, મોહ-માયાનાં આવરણો જીવનમાંથી દૂર થાય છે. ભગવાન બુદ્ધ તો કહે છે માનવીમાં જ્યારે કરુણા જાગે છે ત્યારે તે પશુ - પક્ષીઓના અંતરાત્માને ઓળખે છે. ત્યારે જ તેને ખ્યાલ આવે છે કે સૌનો આત્મા એક જ છે. વસુધૈવ કુટુમ્બકમ્- સમગ્ર વિમા એક કુટુંબ છે. આ કુટુંબ જો કરુણાભાવથી રહે તો સૌને શાંતિ મળે. પરમ શાંતિ મળે. જે દુ:ખી હોય તેને સુખી કરો. કોઈ પ્રત્યે ક્રોધ ન કરો. ઈર્ષા ન કરો, વેર ન કરો, ઝેર-વેર-ક્રોધ-ઈર્ષા એ માનવીને અધ:પતનના માર્ગે લઈ જાય છે. માટે જ ગૌતમબુદ્ધ કહે છે આપણે માનવ છીએ. માનવતાને અપનાવો, કરુણા દાખવો. કરુણાથી આપણે સુખી થઈશું અને બીજાને પણ સુખી કરી શકીશું.

સત્ય એ જ પરમેશ્વર છે. ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ સત્યને જ પરમેશ્વર માન્યા છે. સત્ય બોલો જેથી અસત્ય કદાપિ બોલવાનું મન થાય નહીં. એક અસત્ય કદાપિ બોલવાનું મન થાય નહીં. એક અસત્ય હજારો પાપકર્મો કરાવે છે. એ પાપકર્મોથી માનવીનું પતન થાય છે અને પતિત થયેલો માનવી ઊંડી ગર્તામાં ધકેલાઈ જતાં એનો કદી ઉદ્ધાર થતો નથી.

ગાંધીજીનો મન સત્ય એ અમૃત છે. અસત્ય એ ઝેર છે. કવિ ન્હાનાલાલે ગાયું છે:

'અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા,
એવા અસત્યના અંધકારમાંથી,
ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા.'

આમ પ્રેમ-કરૂણા અને સત્ય આ ત્રણેય તત્ત્વો માનજીવનને ઊંચે લઈ જનારાં સોપાનો છે. એ સોપાનો ઉપર ચઢીને એ સુખ, શાંતિ અને મોક્ષને મેળવે છે. હવે જો જરા જાગૃત રહી નિહાળીએ તો આ સુખની ચાવી આપણા જ હાથમાં છે.

માગશર વદ દસમના દિવસે જૈન ધર્મના ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથનો જન્મ વારાણસીમાં થયો હતો. તેમના પિતાનું નામ અશ્વસેન અને માતાનું નામ વામાદેવી હતું. રાજા અશ્વસેન વારાણસી નગરીના રાજા હતા. જૈન પુરાણો અનુસાર તીર્થંકર બનવા માટે પાર્શ્વનાથે નવ જન્મ લેવા પડયા હતા. પૂર્વ જન્મનાં સંચિત પુણ્યો અને દસમા જન્મના તપના ફળસ્વરૂપ તેઓ ત્રેવીસમા તીર્થંકર બન્યા.

ભગવાન પાર્શ્વનાથ સમવશરણના માધ્યમથી દેશનાં વિવિધ ક્ષેત્રોમાં વિહાર કરતાં કરતાં ૬૯ વર્ષ તથા ૭ માસ સુધી ધર્મોદ્યોત કરતા રહ્યા. જ્યારે તેમના આયુષ્યમાં એક માસ શેષ રહ્યો ત્યારે તેઓ છત્રીસ મુનિઓ સાથે સમ્મેતશિખર જઈને પ્રતિમા યોગ ધારણ કરીને બિરાજમાન થયા. શ્રાવણ સુદ આઠમના દિવસે વિશાખા નક્ષત્રમાં પ્રાતઃકાળે અઘાતિયાં કર્મોનો ક્ષય કરીને મુક્ત થયા, ત્યારે ઈન્દ્રોએ આવીને તેમના નિર્વાણ કલ્યાણકનો ઉત્સવ કર્યો.

(૧) સમ્યકત્વ પામ્યા પછીના ભવ-દસ
(૨) જન્મ અને દિક્ષા સ્થળ-વાણારસી નગરી.
(૩) તીર્થંકર નામકર્મ-સુવર્ણબાહુ ના ભવમાં.
(૪) દેવલોકનો અંતિમ ભવ- પ્રાણત વિમાન.
(૫) ચ્યવન કલ્યાણક- ફાગણવદ-૪ વિશાખા નક્ષત્ર .
(૬) માતાનું નામ- વામાદેવી અને પિતાનું નામ-અશ્વસેન રાજા.
(૭) વંશ- ઈક્ષ્વાકુવંશ અને ગોત્ર કાશ્યપ.
(૮) ગર્ભવાસ - નવ માસ અને છ દિવસ.
(૯) લંછન-સર્પ અને વર્ણ- નીલવર્ણ.
(૧૦) જન્મ કલ્યાણક -માગસર વદ-૧૦ વિશાખા નક્ષત્રમાં.



(૧૧) શરીર પ્રમાણ -નવ હાથ.
(૧૨) દિક્ષા કલ્યાણક -માગસરવદ-૧૧ અનુરાધા નક્ષત્ર માં.
(૧૩) કેટલા જણ સાથે દિક્ષા-૩૦૦ રાજકુમાર સાથે.
(૧૪) દિક્ષાશીબીકા- વિશાલા અને દિક્ષાતપ- છઠ.
(૧૫) પ્રથમ પારણું- કોપકટનગર માં ધન્યકુમારને હસ્તે ક્ષીરથી થયું.
(૧૬) છદ્મસ્થા અવસ્થા- ૮૪ દિવસ .
(૧૭) કેવલજ્ઞાન કલ્યાણક- અઠમતપ, ઘાતકીવૃક્ષની નીચે ફાગણવદ-૪ વિશાખા નક્ષત્રમાં વાણારસી નગરીમાં થયું.
(૧૮) શાશનદેવ-પાર્શ્વયક્ષ અને શાશનદેવી - પદ્માવતી દેવી.
(૧૯) ચૈત્યવૃક્ષ ની ઉંચાઈ-૨૭ ધનુષ્ય.
(૨૦) પ્રથમ દેશનાનો વિષય - બારવ્રત તથા કર્માદાન નું વર્ણન.
(૨૧) સાધુ- ૧૬૦૦૦ અને સાધ્વી પુષ્પચુલા આદિ- ૩૮૦૦૦.
(૨૨) શ્રાવક-૧૬૪૦૦૦ અને શ્રાવિકા ૩૭૭૦૦૦.
(૨૩) કેવળજ્ઞાની-૧૦૦૦, મનઃપર્યાવજ્ઞાની-૭૫૦ અને અવધિજ્ઞાની-૧૪૦૦.
(૨૪) ચૌદપૂર્વધર-૩૫૦ અને વૈક્રિય લબ્ધિધર- ૧૧૦૦ તથા વાદી ૬૦૦.
(૨૫) આયુષ્ય -૧૦૦ વર્ષ.
(૨૬) નિર્વાણ કલ્યાણક- શ્રાવણ-સુદ ૮, વિશાખા નક્ષત્રમાં.
(૨૭) મોક્ષ-સમેતશિખર, મોક્ષતપ માસક્ષમન અને મોક્ષાસન કાર્યોત્સર્ગાસન.
(૨૮) મોક્ષ સાથે-૩૩ સાધુ સાથે.
(૨૯) ગણધર- આદિ દિન્ન વિગેરે-૧૦.
(૩૦) શ્રી મહાવીર પ્રભુનું અંતર-૨૫૦ વર્ષ.

શ્રી પાર્શ્વનાથ સ્વામી ભગવાનની જય જયકાર

જાપ-૨૦ નવકારવાળી

મોક્ષ કલ્યાણકે

ૐ હ્રીં શ્રી પાર્શ્વનાથસ્વામી
પારંગતાય નમઃ

---

*(ક્રમશઃ પાના નં...૩૬ થી)*

તેથી જ આપણા હૈયામાં પ્રેમની સરવાણી સદા વહેતી રાખીએ. આંખોમાં, વાણીમાં, અંતરમાં અરે આપણા દેહની રગેરગમાં કરુણા છલકાવી દઈએ અને સત્યને અનુસરીએ. સત્ય જ માનવીને માનવ બનાવે છે. આમ પ્રેમ, કરુણા અને સત્ય માનવીને સંપૂર્ણ માનવ બનાવે છે. અને એના જીવનને શાંતિ-પરમ શાંતિ અર્પે છે.

પ્રેમ કરો અને કરાવો,
કરુણા હૈયામાં ભરો અને ભરાવો,
સત્ય બોલો અને બોલાવો.

આ ત્રણેય ગુણોથી માનવીને અપાર શાંતિ મળશે.

❖❖❖

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા–મુંબઈ

સંચાલિત

## શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રય–નાલાસોપારા
## શ્રીમતી મંગળાબેન જશવંતલાલ શાહ જૈન ભુવન–નાલાસોપારા

☐ દિલીપભાઈ એ. શાહ

શ્રી સંઘના સવાયા સદ્‌ભાગ્યે, જ્ઞાનગચ્છ સંપ્રદાયના પંડિતરત્ન પ.પૂ. પ્રકાશચંદ્રજી મ.સા. ના આજ્ઞાનુવર્તી આગમજ્ઞાતા પ.પૂ. બસંતીમુની મ.સા., પ.પૂ. સંજયમુનિ મ.સા. આદિ ૪ સાધુભગવંતોના શાતાકારી સાંનિધ્યમાં પર્વાધિરાજ પર્યુષણ પર્વની સાધના-આરાધનામાં ઝાલાવાડી, મારવાડી, કાઠિયાવાડી, શ્રમણસંઘ આદિ સર્વ ધર્માનુરાગી શ્રાવક-શ્રાવિકાઓ ઉત્સાહભેર જોડાઈ તપ-ત્યાગ વડે પર્યુષણ પર્વને મહોત્સવ બનાવી ધન્યતા અનુભવી રહ્યા છે.

ચાતુર્માસ પ્રારંભથી જ પૂ. બસંતીમુની મ. આદિ ગુરુભગવંતો સતત જિનવાણી પ્રવચન ધારા, વાંચણી, આગમજ્ઞાન, તત્વજ્ઞાન, શિબિરો, ધર્મચર્ચા, પ્રશ્નોત્તર દ્વારા ધર્મપ્રેમી ભાઈ બહેનોને ધર્મના મર્મ, કર્મના સિધ્ધાંતો, માનવભવની દુર્લભતાઓ, સમજાવી શાસન પ્રભાવના માટેનો અથાગ પુરુષાર્થ કરી રહ્યા છે. જ્ઞાનગચ્છ સંપ્રદાયના ૧૦૫ સાધુ-ભગવંતોમાં જેમનો નંબર પાંચમો છે એવા પૂ. બસંતીમુનિ મ.સા.નુ ચાર્તુમાસ ગુરુકૃપાએ મળી જતા બૃહદ મુંબઈના મારવાડી સમાજમાં અત્યંત આનંદ-આનંદ છવાયો છે. પયુષણપર્વમાં પણ મુંબઈના દુર સુદૂર પરાઓમાંથી તેમજ રાજસ્થાન, દિલ્હી, મહારાષ્ટ્ર, ચેન્નાઈ વિ. જુદા જુદા ગામોમાંથી પૂ. ગુરુભગવંતોનો લાભ લો પધાર્યા છે. શાતાકારી, વિશાળ, ઉપાશ્રય, ઉપર રહેવા તથા જમવાની સુંદર વ્યવસ્થાથી ખુબજ સંતુષ્ટ બની ધર્મઆરાધના કરી રહ્યા છે. પરઠવાની ભૂમિની તેમજ ઝાલાવાડી સભા તેમજ દિલીપભાઈ શાહનો આભાર સાધર્મિક ભાઈ-બહેનોએ વ્યક્ત કરેલ. ઝાલાવાડી સમાજ તેમજ મારવાડી સમાજ સાથે મળી સહકાર અને સંગઠન દ્વારા ચાતુર્માસને શોભાવી રહ્યા છે. સેવાભાવી પંકજભાઈ , પ્રદીપજીભાઈ, સુનિલભાઈ, વિનોદભાઈ વિ. મારવાડી ટીમ તન, મન, ધનથી સાધર્મિકોની સેવા-ભક્તિ કરી રહ્યા છે. તેમની પ્રશંસનીય સેવાને દિલીપભાઈ શાહે ધન્યવાદ સાથે બિરદાવેલ.

દર શુક્રવારે પ.પૂ. વિક્રાંતમુની મ.સા. નારી સંસ્કાર શિબિરમાં 'પંચાચાર' નુ મહત્ત્વ ગુજરાતીમાં સરળ શૈલીમાં સમજણ આપી રહ્યા છે. બહેનો સારી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે.

જૈન દર્શન સ્વાધ્યાય સંઘ આયોજિત તા. ૧૩ ઑગસ્ટે ૧ દિવસ આરાધના માટે બૃહદ્ મુંબઈમાંથી આ દ્વિત્તીય શિબિરમાં લગભગ ૧૨૫ ભાઈ-બહેનો પૂ. ગુરુદેવનો લાભ લેવા પધારેલ. દિવસ દરમ્યાન છ ક્લાસ રાખવામાં આવેલ. ત્રણ ગુરુ ભગવંતોએ છ વ્યાખ્યાન આપી પરિશ્રમ ઊઠાવેલ. દર્શનાબેને પણ પહેલે માળે સ્વાધ્યાયીઓને અણગારપ્રેમી બનાવવા માટે ૧ ક્લાકનો ક્લાસ લીધેલ.

તા. ૬/૮ અને ૭/૮ બે દિવસ વ્યાખ્યાતા શિબિરનુ આયોજન કરવામાં આવેલ.

શાસનોદ્‌ધારક પ.પૂ. અજરામર સ્વામીના અઠ્ઠમ તપની આરાધનામાં પણ બહેનોએ લાભ લીધેલ. અનુમોદના રૂા. ૯૦૦/- તેમજ પારણા બન્નેનો લાભ પાનબાઈનગર સંઘે (વેસ્ટ) લીધેલ. જ્યાં અજરામર સંપ્રદાયના આચાર્ય ભગવંત પ.પૂ. પ્રકાશમુનિ મ.સા.ના સુશિષ્યા પ.પૂ. મલ્લિકાબાઈ, પ.પૂ. વૈભવીબાઈ બિરાજમાન છે તેમના સાનિધ્યમાં

અઠ્ઠમ તપના આરાધકોના પારણા કરાવવામાં આવેલ.

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભાએ ઉપાશ્રય જૈન ભુવન બિલ્ડીંગના ટેરેસ ઉપર પતરા બેસાડીને સાડા સાત લાખનો ખર્ચ કરી ઉપાશ્રય બિલ્ડીંગની મજબુતાઈ વધારેલ છે.

ઉપાશ્રય હૉલ, પૌષધશાળા, પંપરુમ અને પહેલા માળે બેઈઝમેન્ટ રૂમોના જનરલ રીપેરીંગ માટે ઝાલાવાડી સભાને માતુશ્રી કાંતાબેન તારાચંદ વોરા પરિવારે રૂા. બે લાખ ડોનેશન આપેલ છે.

ઉપાશ્રય વિભાગને મેઈન રોડ ઉપર અલગ ગેઈટ બનાવી ફોટા બેસાડી આપેલ છે અને આગળની બાજુ છજા પાસે પતરા બેસાડી આપેલ છે આ કામનો ખર્ચ ડાયરેક્ટ મારવાડી સમાજે આપેલ છે. શ્રી દિલિપભાઈ શાહે સૌનો આભાર વ્યક્ત કરેલ.

❖❖❖

### મહત્ત્વની સૂચના

સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને ડોનેશન તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.

## ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન

**શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં તા. ૨૫-૦૫-૨૦૨૨ પછી મળેલ રકમની વિગત**

# સી. યુ. શાહ એજ્યુકેશન ફાઉન્ડેશન હસ્તે મીનલબેન રોહિતભાઈ શાહ

# ૩૫,૦૦,૦૦૦/-

| | |
|---|---|
| શ્રી કિરીટભાઈ વિ. શેઠ / ભારતીબેન કે. શેઠ તરફથી (હાલ - અંધેરી) | ૫,૦૦,૦૦૦/- |
| શ્રીમતી વિભાબેન ગીરીશભાઈ સંઘવી તરફથી (હાલ - વિલેપાર્લા) | ૨,૦૦,૦૦૦/- |
| શ્રી રાહિલ ચેતનભાઈ શાહ તરફથી (હાલ - વિલેપાર્લા) | ૧,૫૦,૦૦૦/- |

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા – મુંબઈ

### સંસ્થાના વાર્ષિક સભ્યો (YM) સંબંધી

સંસ્થાના વાર્ષિક સભ્યો (YM) મેમ્બર્સને જણાવવાનું કે રિન્યુવલ લવાજમ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ જે મેમ્બરોએ પર્યુષણમાં ન ભર્યુ હોય અને મેમ્બરશીપ રીન્યુ ન કરાવી હોય તે મેમ્બર્સ ને વિનંતી કે તમારૂ લવાજમ રૂા. ૭૦૦/- તારીખ ૨૫-૦૯-૨૨ સુધીમાં ભરી દેવા વિનંતી.

જે મેમ્બરનું લવાજમ ઉપરોક્ત તારીખ સુધીમાં ન ભરાયુ હોય તેમની પત્રિકા ઓક્ટોબર માસથી બંધ કરવામાં આવશે તેની નોંધ લેશો.

માનદ મંત્રીશ્રી

## માસક્ષમણના તપસ્વીની ભૂરી ભૂરી અનુમોદના



સુરેન્દ્રનગરનું શ્રી સી. યુ. શાહ સેનેટોરિયમ સંભાળતા શ્રી કેતનભાઈ સોમચંદ શાહે પૂજ્ય શ્રી હંસાબાઈ મહાસતીજીની નિશ્રામાં માસક્ષમણ તપસ્યા નિર્વિઘ્ન પૂર્ણ કરી છે. સુરેન્દ્રનગર સેનેટોરિયમના કન્વીનર શ્રી અતુલભાઈ શાહે ઝાલાવાડી સભા તરફથી તેમનું હાર, શાલ તથા ૨૫૦૦ રૂા. નું કવર આપીને સન્માન કર્યું હતું.



**બોરિવલી વેસ્ટ મોટા તપસ્વીનું બહુમાન**

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે, ૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ, (કોલભાટ લેન) ચીરાબજાર, મુંબઈ–૪૦૦ ૦૦૨.

૭૨૦૮૪૭૨૭૪૪ • ૭૨૦૮૪૭૨૮૮૪ • ૭૨૦૮૪૮૧૭૯૧

## દિવાળી વેકેશન – લોનાવલા, પંચગીની, દેવલાલી, માથેરાન

**માત્ર સંસ્થાના સભ્યો માટે**

**શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા**

**શ્રીમતી કમળાબેન ગંભીરચંદ ઉમેદચંદ શાહ આરોગ્યધામ, લોનાવલા**

ઓલ્ડ મુંબઈ - પુના રોડ, હરિ ઈન્ટરનેશનલ હૉટલ સામે, લોનાવલા - ૪૧૦ ૪૦૧. Tel. : 02114273107

**ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન**

**શ્રીમતી ઈન્દુમતીબેન ધીરજલાલ છોટાલાલ શાહ આરોગ્યધામ – પંચગીની**

ખીનગર રોડ, ભારતીય વિદ્યાપીઠ સામે, પંચગીની, જિલ્લો : સતારા. Tel. : 02168241277

**શ્રી સી.યુ. શાહ આરોગ્યધામ – દેવલાલી**

દુરઝાડ માલા રોડ, કોરલ ગાર્ડન પાસે, ઓફ-લામ રોડ, દેવલાલી, જિલ્લો - નાસિક પીન-૪૨૨ ૪૦૧. Tel. : 02532492014

**શ્રીમતી હંસાબેન આશકરણભાઈ શાંતિલાલ શાહ આરોગ્યધામ – માથેરાન**

અશોકા હોટલની બાજુમાં તા. કરજત, જિલ્લો -રાયગડ, માથેરાન પીન - ૪૧૦ ૨૦૧

- ઉપર મુજબ ચારેય આરોગ્યધામના દિવાળી વેકેશન માટે લક્કી ડ્રો કરવામાં આવશે. શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા – મુંબઈ તથા સુરેન્દ્રનગર સંસ્થાના મેમ્બરો માટે અરજી ફોર્મ સ્વીકારવાની તા. ૨૬–૦૯–૨૦૨૨ થી ૩૦–૦૯–૨૦૨૨. (રવિવાર તથા રજાના દિવસો શિવાય)
- **લક્કી ડ્રો માટે બુકિંગ**
  દિવસ – ૪ : સોમવારથી ગુરૂવાર તા. ૨૪–૧૦–૨૦૨૨થી ૨૭–૧૦–૨૦૨૨
  દિવસ – ૩ : શુક્રવારથી રવિવાર તા. ૨૮–૧૦–૨૦૨૨થી ૩૦–૧૦–૨૦૨૨
- **લક્કી ડ્રો તા. ૪–૧૦–૨૦૨૨ ના રોજ સાંજે ૫ કલાકે સભાની મુંબઈ ઓફિસે કરવામાં આવશે.**
- આરોગ્યધામના દાતાઓએ ડોનર્સ રાઈટ ક્વોટા બુકિંગ માટે ઉપર મુજબની તારીખે અરજી કરવા વિનંતી. 33% થી વધારે અરજી આવશે તો ડોનર ક્વોટાની અરજીનો લક્કી ડ્રો કરવામા આવશે.
- લક્કી ડ્રોમાં જેમને રૂમ એલોટ થઈ હશે તેમને જાણ કરવામાં આવશે અને મોકલાવેલ બેંક Detailsમાં બુકિંગની રકમ ત્રણ દિવસમાં જમા કરાવવાની રહેશે. જો આપના તરફથી આ રકમ જમા નહી થાય તો બીજા સભ્યને આ રૂમનું Allotment થઈ જશે તેની ખાસ નોંધ લેવી. રકમ આવ્યા બાદ આપને રસીદ મોકલવામાં આવશે.
- સંસ્થાના ફોર્મ પર જ અરજી કરવાની રહેશે. ફોર્મ પાછળ છાપેલ છે.

**શ્રી સી.યુ. શાહ અતિથિ ભવન – સુરેન્દ્રનગર**

'મહાવિરાલય' બીજે માળે, કમળ મંદિર પાસે, (ઘર હો તો ઐસા) સુરેન્દ્રનગર ૩૬૩૦૦૨. મો. ૯૦૯૯૩૫૦૬૪૪/ ૯૪૨૬૭૫૬૧૦૦

**સુરેન્દ્રનગર અતિથિ ભવન માટે લક્કી ડ્રો માં બુકિંગની જરૂર નથી, સુરેન્દ્રનગર અથવા મુંબઈના આપેલ મોબાઈલ નંબર પર Booking કરાવી શકો છો.**

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ

# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે, ૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ, (કોલભાટ લેન) ચીરાબજાર, મુંબઈ-૪૦૦ ૦૦૨.

સંચાલિત

**લોનાવલા - પંચગીની - દેવલાલી - માથેરાન સેનેટોરિયમના દિવાળી વેકેશન માટે અરજી ફોર્મ**

(કોઈપણ એક સેનેટોરિયમ માટે ફૉર્મ ભરવું)

આપને જે સેનેટોરિયમનું બુકિંગ કરાવવું છે તે નામ આ બૉક્સમાં લખવું. રૂમ ટાઈપ કુલ રૂમ

**ફક્ત કાર્યાલયે ભરવાની વિગત**

રજાચિઠ્ઠી નં. ________ તારીખ________ રૂા. ________

ડિપોઝિટ રસીદ નં. ________તારીખ ________ રૂા. ________

તારીખ ________ થી તારીખ________ સુધી, કુલ દિવસ ________

રિમાર્ક ________ સભ્ય નંબર ________ ☐ સભ્યના ગેસ્ટ તરીકે

☐ મંજૂર

☐ નામંજૂર

રૂમ નંબર :

કુલ રૂમ :

(અધૂરી વિગત સાથેનું અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.)

૧. રહેવા જનાર મુખ્ય વ્યક્તિનું નામ ________ઉંમર ________

૨. ઘરનું પૂરું સરનામું ________

________

________ ફોન નં. (ઘર) : ________

ફોન (ઓફિસ) ________ ઈ-મેલ : ________ મોબાઈલ ________

૩. મૂળ વતન ________ તાલુકો ________ જીલ્લો ________

૪. ઝાલાવાડી સભાના સભ્ય હો તો ક્યા નામથી ? ________ LM/YM No. ________

સભ્યપદની લવાજમ ભર્યાની (છેલ્લી) રસીદની ઝેરોક્ષ આ અરજી ફોર્મ સાથે મોકલવી જરૂરી છે.

૫. રહેવા જનારની સંસ્થાના સભ્ય સાથે સગાઈ ________

૬. આરોગ્યધામ કઈ તારીખથી કઈ તારીખ સુધી જોઈએ છે ? તા. ૨૪.૧૦.૨૦૨૨ થી તા. ૨૭.૧૦.૨૦૨૨ *અથવા* તા.૨૮.૧૦.૨૦૨૨થી તા. ૩૦.૧૦.૨૦૨૨

સેનેટોરિયમ બુકિંગ : સોમવારથી ગુરૂવાર (ચાર દિવસ) શુક્રવાર થી રવિવાર (ત્રણ દિવસ) જે તારીખનું બુકીંગ જોઈતુ હોય તે તારીખ લખવી.

(અ) તારીખ ________ થી તારીખ ________ સુધી, કુલ દિવસ ________

નીચેના નામની પૂરી વિગત અરજદારે લખવી ફરજિયાત છે. સેનેટોરિયમમાં રહેવા માટેની અરજી કરનારનું નામ, રહેવા જનારના નામો, ઉંમર અને અરજી કરનાર સભ્ય સાથેનું સગપણ (સગાઈ) પૂરી વિગત સાથે લખવું જરૂરી છે.

| ક્રમ | મુખ્ય અરજી કરનાર તથા રહેવા જનારના નામો | ઉંમર | મુખ્ય અરજદારની સાથેની સગાઈ | મેમ્બરશિપ નંબર/ ગેસ્ટ / ડોનર ગેસ્ટ | રહેઠાણ અને પરાનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |
| ૪ | | | | | |
| ૫ | | | | | |
| ૬ | | | | | |
| ૭ | | | | | |
| ૮ | | | | | |

આપ આપનું તેમ જ જો એકથી વધારે રૂમ હોય તો દરેક રૂમમાં રહેનાર મુખ્ય વ્યક્તિનું ફોટો આઈ કાર્ડ સાથે લેવાનું ભૂલશો નહી...

સેનેટોરિયમના નિયમો સંપૂર્ણપણે મને તથા મારી સાથે આવનારને કબૂલ મંજૂર છે અને તે નિયમોનો અમલ કરવા અમો બંધાયેલ છીએ.

અરજદારનું પૂરું નામ ________ સહી ________

તારીખ : ________ મોબાઈલ નં. :________

# SHREE ZALAWADI STHANAKWASI JAIN SABHA - MUMBAI
# ZALAWADI SABHA CHARITABLE FOUNDATION

301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.
Mobile No. : 7208472884 • 7208481791 • 7208472744

## New RATE CARD Effective from April 2021

**LONAVALA SANATORIUM CHARGES + GST 12% WHICHEVER APPLICABLE FOR PER DAY PER ROOM**

| રૂમ ના પ્રકાર | ROOM NUMBER | ZALAWADI MEMBER | GUEST CHARGES | PERSON | EXTRA 1 PERSON |
|---|---|---|---|---|---|
| વન રૂમ કિચન | 2, 3, 4, 5, 6 | 520 | 720 | 4 PERSON | 150 |
| ડાયમંડ રૂમ (એસી) | 7, 8, 9, 10, 11, 12 | 1020 + GST | 1320 + GST | 4 PERSON | 150 |
| ગોલ્ડન રૂમ (એસી) | 33, 24, 25, 14 | | | | |
| ગોલ્ડન રૂમ (એસી) | 32 | 1320 + GST | 1620 + GST | 4 PERSON | 150 |
| ગોલ્ડન રૂમ (નોન એસી) | 15, 16, 17, 18, 19, 20, 21, 22, 23, 26, 27, 28, 29, 30, 31, 34, 35, 36 | 620 | 920 | 3 PERSON | 150 |

**PANCHGINI SANATORIUM CHARGES + GST 12% WHICHEVER APPLICABLE FOR PER DAY PER ROOM**

| રૂમ ના પ્રકાર | ROOM NUMBER | ZALAWADI MEMBER | GUEST CHARGES | PERSON | EXTRA 1 PERSON |
|---|---|---|---|---|---|
| ડિલક્સ રૂમ (એસી) | 2, 3, 4, 6-A, 6-B, 7, 8, 9, 10, 11, 12, | 970 | 1220 + GST | 3 PERSON | 150 |
| ડિલક્સ રૂમ (એસી) | 5, 13, 14, 15, 16, 17, 18, 19, 20, 21, 22,23,24, 25 | 970 | 1220 + GST | 3 PERSON | 150 |

**DEVLALI SANATORIUM CHARGES + GST 12% WHICHEVER APPLICABLE FOR PER DAY PER ROOM**

| રૂમ ના પ્રકાર | ROOM NUMBER | ZALAWADI MEMBER | GUEST CHARGES | PERSON | EXTRA 1 PERSON |
|---|---|---|---|---|---|
| સ્ટુડિયો રૂમ (એસી) | 102,103,108,109,202, 203,208,209,302,303, 308,309 | 820 | 1120 + GST | 3 PERSON | 200 |
| સ્ટુડિયો રૂમ બાલ્કની (એસી) | 101,110,201,210, 301,310 | 870 | 1170 + GST | 3 PERSON | 200 |
| સ્ટુડિયો એસી બી, બિલ્ડિંગ | 102,103,302,303,309 | 820 | 1120 + GST | 3 PERSON | 200 |
| એક બેડરૂમ હોલ કિચન (એસી) | 104,105,106,107,204,205, 206,207,304,305,306,307 | 1120 + GST | 1370 + GST | 4 PERSON | 200 |

**SURENDRANAGAR SANATORIUM CHARGES FOR PER DAY PER ROOM**

| રૂમ ના પ્રકાર | ROOM NUMBER | ZALAWADI MEMBER | GUEST CHARGES | PERSON | EXTRA 1 PERSON |
|---|---|---|---|---|---|
| ડિલક્સ રૂમ (એસી) | 1,2,3,4,5,6,7,8 | 750 | 750 | 3 PERSON | 150 |

**MATHERAN SANATORIUM CHARGES FOR PER DAY PER ROOM**

| રૂમ ના પ્રકાર | ROOM NUMBER | ZALAWADI MEMBER | GUEST CHARGES | PERSON |
|---|---|---|---|---|
| ડિલક્સ રૂમ (એસી) | 01,02,03, 05, 07 | 1020 | 1220 | 2 PERSON |
| સ્ટુડિયો બાલ્કની (એસી) | 08, 09, 10, 11 | 1120 | 1320 | 3 PERSON |
| સ્યુટ (એસી) | 06 | 1220 | 1420 | 4 PERSON |
| For Matheran Food Coupon Compulsory for 3 Days Rs. 500/- Per Day, Per Person | | | | |

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ
## ભાવભરી શ્રદ્ધાંજલિ



## સ્વ. કિરીટભાઈ શાંતિલાલ શેઠ

**જન્મ : તા. ૨૮-૧૧-૧૯૫૦**

**અરિહંતશરણ : તા. ૧૯-૦૯-૨૦૨૧**

**(લીંબડી નિવાસી, હાલ કાંદિવલી)**

ખીલી હતી વસંત, ત્યાં પાનખર છવાઈ ગઈ
હસીને હસાવનારા, સૌને રડાવીને ચાલ્યા ગયા
પાંપણના પલકારે પંખીની જેમ ઉડી ગયા
ભૂલી શકાય નહિ તેવી યાદોના સ્મરણ છોડી ગયા
તમારૂં અચાનક છોડીને ચાલ્યા જવું,
એ જ અમારી જિંદગીની કરુણતા છે.
રહે તમારો આત્મા શાંત,
અને જલ્દીથી પામો અરિહંતની શરણાગતિ
એ જ અમારી અંતરની અભ્યર્થના,
એ જ અમારા સર્વેની ભાવભરી શ્રદ્ધાંજલિ

**શોકાતુર સ્વજનો**

| | | |
|---|---|---|
| પત્ની | : | ગં.સ્વ. સ્નેહલતા કિરીટભાઈ શેઠ |
| પુત્ર-પુત્રવધૂ | : | જિજ્ઞેશ - બિનિતા |
| પુત્રી-જમાઈ | : | પાયલ - નિરવભાઈ મણિયાર |
| પૌત્ર - દોહિત્રી | : | દેવાંશ - મહેક તથા |

**સ્વ. શારદાબેન શાંતિલાલ શેઠ પરિવાર (લીંબડી) અને**
**સ્વ. મંગળાબેન ડુંગરશીભાઈ મણિયાર પરિવાર**
**(જોરાવરનગર)**

(Advt.)

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ

**ભાવપુર્વક શ્રદ્ધાંજલિ**

**ઝાલાવાડી દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જન્મ
૦૯.૦૪.૧૯૭૨



અરિહંતશરણ
૨૨.૦૯.૨૦૨૧

## સ્વ. જયના (જયશ્રી) કલ્પેશ શાહ

**(બરવાળા (ઘેલાશાહ) નિવાસી - હાલ વિલેપાર્લે)**

સદાય હસતો ચહેરો રાખી કાયમી લીધી વિદાય,
આપ એવું જીવન જીવી ગયા કે સૌના હૈયામાં વસી ગયા.
કુટુંબ માટે ફૂલો પાથર્યા, સર્વત્ર ફેલાવી સુવાસ
અગણિત ઉપકાર આપના, સદાય રહેશું ઋણી તમારા
છોડી સ્વજનોનો સાથ, તમો વસ્યા પ્રભુને પાસ
નથી હયાત પણ છો સાથ એવો અમને રહે છે ભાસ.
છલકાવ્યું નહીં સુખ અને દેખાડયું નહીં દુઃખને
આપનો આત્મા જ્યાં હોય ત્યાં શાશ્વત શાંતિ પામે,
જન્મોજન્મ જૈન ધર્મ અને નવકાર મહામંત્રનું શરણ પામે એવી
પરમકૃપાળુ પરમાત્મા પાસે અમારી પ્રાર્થના

**પ્રેમાળ સ્મૃતિમાં**

| | | |
|---|---|---|
| પતિ | - | કલ્પેશ અશ્વિનકુમાર શાહ |
| પુત્ર | - | નિલય - પાર્શ્વ |
| સાસુ-સસરા | - | સ્વ. હંસાબેન અશ્વિનકુમાર શાહ |
| માતા-પિતા | - | સ્વ. શોભનાબેન મહાસુખરાય શાહ |
| દેરાણી - દેર | - | યુગ્માબેન નિર્ભીકભાઈ શાહ |
| નણંદ-નણંદોઈ | - | જાગૃતીબેન અશ્વિનભાઈ ગોસલીયા |
| નણંદ-નણંદોઈ | - | કવિતાબેન ચીરાગભાઈ શાહ |
| ભાભી - ભાઈ | - | રાજુલબેન કમલેશભાઈ શાહ |
| ભાભી - ભાઈ | - | ભાવિકાબેન નરેશભાઈ શાહ |

**મનસુખલાલ કાનજીભાઈ શાહ પરિવાર**

(Advt.)

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ
# ભાવભરી શ્રદ્ધાંજલિ



## સ્વ. શ્રી વિનોદરાય ચત્રભુજ શાહ

**જન્મ : તા. ૦૮-૦૨-૧૯૩૫**
**અરિહંતશરણ : તા. ૦૮-૦૯-૨૦૨૧**
**(પાડિયાદ નિવાસી, હાલ મુંબઈ)**

સમય જીંદગીનો ઓછો હશે તે કયા ખબર હતી
વિદાય આટલી અપધારી હશે તે કયા ખબર હતી
સરી જાશે સમય આપની સ્મૃતિને સંભારતા
આપની યાદોનો વાગોળતા, જીવન મજાનુ જીવી ગયાને
પાર કરી ગયા ભવસાગર!
સત્કાર્યો તમારા સંસ્કાર હતા
સજ્જનતા તમારી સુવાસ હતી
ધર્મમય તમારૂ જીવન હતું
પરોપકાર તમારું રટણ હતું
**પરમકૃપાળુ પરમાત્મા આપના પવિત્ર આત્માને**
**શાશ્વત સુખ આપે તે જ પ્રાર્થના**

**સ્મરણાંજલિ અર્પણ કરનારા**

**માતા-પિતા : સ્વ. ચંચલબેન ચત્રભુજ નાનચંદ શાહ**
**સાસુ-સસરા : સ્વ. કંચનબેન છોટાલાલ પુનાતર**
**ધર્મપત્ની : સ્વ. વાસંતીબેન વિનોદરાય શાહ**
**પુત્ર-પુત્રવધુ : પ્રિતીબેન અભયભાઈ શાહ**
**નેહાબેન શિતલભાય શાહ**
**દિકરી-જમાઈ : પ્રિતીબેન નિતીનકુમાર શેઠ**
**જિગ્નાબેન વિપુલકુમાર શેઠ**
**પૌત્રવધૂ : ચાર્મીબેન જેનીલ શેઠ**
**દોહિત્ર-જમાઈ : જેસિકા સિદ્ધાર્થભાઈ ગાંધી**
**પૌત્ર-પૌત્રી : રોહન, જેસિકા, જેનીલ, આશુમી, ઝીલ,**
**દિવયમ પ્રિયાંશી, રાજવી**

**સમસ્ત પરિવારજનોના જય જિનેન્દ્ર**

(Advt.)

**SHREE ZALAWADI STHA. JAIN SABHA**
**301, Bay View (East), 3rd Floor,**
**47, Dr. M.B. Velkar Street,**
**(Kolbhat Lane) Chira Bazar,**
**Mumbai - 400 002.**
**7208472884 • 7208481791**
**7208472744**

## New RATE CARD Effective from April 2021

(1) YEARLY MEMBERSHIP FEES (RENEWAL) RS.350/ With Patrika (including GST) RS 100 EXTRA FOR NEW MEMBER REGISTRATION FEES

(1-A) LIFE MEMBERSHIP FEES Rs. 6000/- including GST 18%

(2) *PATRIKA ADVERTISEMENTS* RATE + 5% GST

**LAST PAGE COLOUR** RS.10000+500 =10500/-
(Size = 171 x 199 mm)
**FULL PAGE COLOUR** RS.8000 + 400 = 8400/-
(Size = 171 x 234 mm)

**FULL PAGE B/W** RS.4100 + 205 = 4305/-

**HALF PAGE B/W** Rs.2100 + 105 = 2205/-

**QUARTER PAGE B/W** RS.1100 + 55 = 1155/-

SINGAL PANEL B/W RS.600 + 30 = 630/-
**ONLY PATRIKA FEES**
FOR 3 YEARS RS.1000 + 180 = 1180/-

(3) **SANATORIUM BOOKING**
ROOM CHARGES+12% GST

(4) *MATRIMONIAL SERVICES* 18% GST
Rs.1000+180=1180

**Please send your Advertisement in Advance last Date of Advertisement on or before 25th Every month**

**(Inclusive of GST)**
**Please send Artwork in JPEG Format Only**

(Advt.)

# દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



જન્મ
૨૩-૧૧-૧૯૫૫

અરિહંતશરણ
૨૬-૦૮-૨૦૨૦

## અ. સૌ. જ્યોત્સનાબેન મહેન્દ્રભાઈ વાડીલાલ શાહ

**મૂળ વતન : ગેડી (ઝાલાવાડ) હાલ : વિક્રોલી (મુંબઈ)**

જીવ્યા આપ જિંદાદીલીથી અને સદાય હસતો રાખ્યો ચહેરો, હસીને હસાવનાર આપ,
અમ સૌને રડાવી ગયા... અકાળે અંધકાર છવાઈ ગયો, જીવન ટૂંકુ પણ શ્રેષ્ઠ રીતે જીવી ગયા...
અંજલી આપતા હૈયુ તુટે છે, શ્રદ્ધાંજલી આપતા શબ્દો ખૂટે છે. કુદરતના ખજાનાને ખોટ પડે છે,
ત્યારે ધરતીના મધમધતા ફૂલોને ચૂંટે છે.

*આપનો શોકાતુર પરિવાર*

**મહેન્દ્રભાઈ વાડીલાલ નાનચંદ શાહ પરિવાર**

**પુત્રી : જમાઈ**
નેહા આશિષભાઈ શાહ
ધરા મહેશભાઈ નંદુ
હિરલ હાર્દિકભાઈ હકાણી

**ભાઈ -ભાભી**
સ્વ. રમેશભાઈ-હંસાબેન
સ્વ. સુધીરભાઈ- અલ્કાબેન
જીતેન્દ્રભાઈ - ગીતાબેન

**સાળા**
સ્વ. નલિનભાઈ બાબુલાલ દોઢીવાળા
અશોકભાઈ બાબુલાલ દોઢીવાળા

**દોહિત્ર** : દિશાંત, હિત, તીર્થ
**દોહિત્રી** : વૃદ્ધિ, ક્રિશા, આધ્યા

Advt.

# ભાવભીની સ્મરણાંજલિ



**નાગરદાસ દેવચંદ ટોળીયા–શાહ**
(સ્વર્ગવાસઃ ૨૨.૦૨.૧૯૫૪)



**નીરંજનાબેન રમેશભાઈ ટોળીયા–શાહ**
(સ્વર્ગવાસઃ ૨૦.૦૯.૨૦૧૪)



**ધીરજબેન નાગરદાસ ટોળીયા–શાહ**
(સ્વર્ગવાસઃ ૦૮.૦૮.૧૯૮૬)

---

પ્રતિદિન તમે છો અમારી સંગ,
કરતા સદૈવ અમારું માર્ગદર્શન,
તમે અમારો તેજસ્વી સૂર્ય,
અમારી ઊર્જાનો ઓજસ્વી સ્ત્રોત.

---

**સ્વ. અનીલભાઈ નાગરદાસ ટોળીયા – સ્વ. મધુબેન અનીલભાઈ ટોળીયા**
**ચંદ્રકાંતભાઈ નાગરદાસ ટોળીયા – સ્વ. પ્રવિણાબેન ચંદ્રકાંતભાઈ ટોળીયા**
**જસવંતભાઈ નાગરદાસ ટોળીયા – નીલાક્ષીબેન જસવંતભાઈ ટોળીયા**
**રમેશભાઈ નાગરદાસ ટોળીયા – અનીષ – કેજલ, મેઘના – રીતેશભાઈ**
**રીઆના – આર્યન – વિવાન**
**નરેશભાઈ નાગરદાસ ટોળીયા – ચંદ્રીકાબેન નરેશભાઈ ટોળીયા**
**સ્વ. ધીરજબેન નાગરદાસ ટોળીયા પરિવાર**
**સ્વ. કમળાબેન તારાચંદભાઈ શાહ પરિવાર**

(Advt.)

# SAGAR BHUPEN DOSHI

## BIO DATA



| | | |
|---|---|---|
| Phone | : | 8080885518 |
| Residential Add. | : | B-701, Piri Majestic, Plot No. 148, Sindhi Society, Chembur East, Mumbai - 400071. |
| E-Mail | : | bdoshi.supreme@gmail.com |

### PERSONAL DETAILS

| | | |
|---|---|---|
| Date of Birth | : | 2nd March, 1995 |
| Time of Birth | : | 10:03 AM |
| Place of Birth | : | Mumbai |
| Height | : | 5 ft. 8 in. |
| Weight | : | 70 Kgs |
| Religion | : | Zalawadi Visa Shrimali Sthanakwasi Jain |
| Native Place | : | Surendranagar, Gujarat (Valambhai Leherabhai Wala) |

### EDUCATION

- B. Com from Mumbai University (Jai Hind College)
- M. Com from Mumbai University (Jai Hind College)

### OCCUPATION

- Family Business = SUPREME STEEL INDUSTRIES
  (Steel Importers & Stockist with value added services in Automotive industry)
  - Office Add.: 25, Fancy Chambers, Surat Street, Masjid Bunder (E), Mumbai – 400009.
  - Factory Add.: C-12, M.I.D.C. Taloja, Sub District Panvel, District Raigad – 410208.

### INTERESTS

- Music, Playing Guitar and Drum
- Sports (Cricket & Football)
- Travelling

### FAMILY DETAILS

| | | |
|---|---|---|
| Grandfather | : | Late Shri. Pritamlal Himatlal Doshi |
| Grandmother | : | Late Smt. Kusumben Pritamlal Doshi |
| Father | : | Bhupen Pritamlal Doshi (9821041796) |
| Mother | : | Vibha Bhupen Doshi (9821177464) |
| Elder Brother | : | Ashish Bhupen Doshi |
| Sister-in-law | : | Queena Ashish Doshi |

### RELATIVES DETAILS

| | | |
|---|---|---|
| Kaka | : | Digant Pritamlal Doshi |
| Khaki | : | Harsha Digant Doshi |
| Fua | : | Naresh Chandrakant Shah (Nathabhavan) |
| Faiba | : | Panna Naresh Shah |

Advt.

## BIO DATA

### PERSONAL DETAILS



| | | |
|---|---|---|
| Name | : | Sagar Tushar Shah |
| Birth Date | : | 11th February, 1994 |
| Time/Place | : | 9.05 pm / Bombay |
| Height | : | 5' 6'' |
| Cast | : | Zalawadi Vishashrimali Sthanakwasi Jain |
| Native Place | : | Botad |
| Hobbies | : | Travelling, Movies & Music |
| Education | : | Bachelor of Management Studies (BMS) |
| Occupation | : | Business (Iron & Steel) & Manufacturing of Surgical Item |

### FAMILY DETAILS

| | | | |
|---|---|---|---|
| Grand Father | : | Late Manharlal Mohanlal Shah | |
| Grand Mother | : | Late Madhukanta M Shah | |
| Father | : | Tushar Manharlal Shah | Cell No. 9820194320 |
| Occupation | : | Business (Iron & Steel) - Manu Impex Pvt Ltd. | |
| Mother | : | Rajul Tushar Shah | Cell No. 9869555160 / 7021074396 |
| Elder Brother | : | Nemish Tushar Shah (B.Arch) - Married<br>Ami Nemish Shah (CA) | |
| Address | : | 12-B, 6th Floor, Hira-Manek Society<br>Baptista Road, Vile-Parle West, Mumbai - 56 Tel No. 26155427 | |
| Uncle | : | Hiteshbhai Manharlal Shah | Cell No. 9820087742 |
| Aunty | : | Alkaben Hitesh Shah Cell No. 9869609613 | |
| Faiba/Fuva | : | Harshaben Kamleshbhai Mehta | Cell No. 8369079719 / 9821044482 |

### MOSAL

| | | |
|---|---|---|
| Nana | : | Late Hasmukhlal Shantilal Shah (Dedara) |
| Mami / Mama | : | Rupa Hitesh Shah - Surendra Nagar Cell No. 7016395172 |

Advt.

# BIO DATA

**Personal Details**

## *Varun Bhavesh Gandhi*



| | | |
|---|---|---|
| Date of Birth | : | 6 December 1995 |
| Time of Birth | : | 10:19 AM |
| Place of Birth | : | Mumbai |
| Height | : | 5 feet 8 inches |
| Education | : | B.Com (B.F.M.) Hinduja College<br>M.Com (Mumbai University)<br>C.F.Te (Association of Chartered Market Technicians)<br>Diploma in Financial Management<br>(Welingkar's Institute) |
| Religion/Caste | : | Sthanakwasi Zalawadi Jain |
| Occupation | : | Universal Watch & Gramophone Company Parel,<br>Mumbai -12 (Family Business)<br>Kundan Collection<br>Parel, Mumbai - 12 (Family Business)<br>Independent Trade & Investment Analyst |
| Native | : | Thangadh (Saurashtra) |
| Blood group | : | B+ |

**Family Details**

| | | |
|---|---|---|
| Father Name | : | Bhavesh Pravinchandra Gandhi |
| Father's Occupation | : | Universal Watch & Gramophone Company Parel,<br>Mumbai - 12 (Family Business)<br>Kundan Collection<br>Parel, Mumbai - 12 (Family Business) |
| Mother Name | : | Parul Bhavesh Gandhi |
| Mother's Occupation | : | Universal Watch & Gramophone Company Parel,<br>Mumbai - 12 (Family Business)<br>Kundan Collection<br>Parel, Mumbai - 12 (Family Business) |
| Grandparents | : | Paternal :- Late Pravinchandra Gulabchand Gandhi<br>Late Kundanben Pravinchandra Gandhi<br>Maternal :- Late Popatlal Mohanlal Ajmera<br>Nirmalaben Popatlal Ajmera |
| Extended Family | : | Paternal : Rajesh Doshi & Chaya Doshi (Fuva & Faiba) Contact : 9820665433<br>Manish Dhruva & Priti Dhruva (Fuva & Faiba) Contact : 9821068201<br>Maternal :<br>Bharat Ajmera & Amita Ajmera (Mama & Mami) Contact : 9819987345 |
| Residence | : | Address 1<br>303, Shatrunjay Tower, Vitthal Chavan Marg, Parel, Mumbai - 400012<br>Address 2 (Possession 2024)<br>1004, TMGL Five gardens, Wadla Village, Wadala, Mumbai - 400031. |

**CONTACT DETAILS**

| | | |
|---|---|---|
| Contact Number | : | Bhavesh Gandhi - 9833467456<br>Parul Gandhi - 9969349655<br>Varun Gandhi - 9769093301 |
| Instagram ID | : | varungandhi95 |

Advt.

purna shakti
Holistic Wellness

- નેચરોપથી
- આયુર્વેદ
- યોગ
- મેડીટેશન
- પ્રાણીક હિલીંગ

ગિર વિસ્તારમાં આવેલું
વિશાળ નૈસર્ગિક સંકુલ

**ડાયાબીટીસ - બ્લડપ્રેશર - ઓબેસિટી**
**વા/સાંધાના દુઃખાવા - હૃદય રોગ**
**સ્ટ્રેસ - ડિપ્રેશન જેવા રોગોની દવા રહિત સચોટ સારવાર.**



**વધુ માહિતી માટે સંપર્ક : 94096 05705**

www.purnashakti.co.in

ચાપરડા ગામ, તા. વિસાવદર, જી. જૂનાગઢ, ગુજરાત, ભારત – ૩૬૨ ૧૨૦
E : info@purnashakti.co.in



માતુશ્રી મુકતાબેન જયંતિલાલ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ
(Reg. NO 23022 M)

**MAYUR STEEL CORPORATION**
(૧૧૦૭ યોગી ટાવર, યોગી નગર,એકસર રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ -૯૨)
D/9 Shop No.5, Yogi Laxmi C H S Yoginagar Eksar Road, Borivali (W), Mumbai - 400091
Mob: 09820177209 / 09820810782
mehtamayursteel@gmail.com



Advt.

# દ્વિતીય વાર્ષિક પુણ્યતિથીએ ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મતારીખ :
૧૧-૯-૧૯૫૩

અરિહંતશરણ :
૬-૯-૨૦૨૦

## સ્વ. પ્રદિપભાઈ નવીનચંદ્ર સોગઠી

દરિયા જેવું નિર્મળ હૃદય, સૂર્ય જેવું તેજસ્વી જીવન, ચંદ્ર જેવો શીતળ સ્વભાવ,
મહેનતું જીવન વ્યતીત કરી સ્નેહની સૌરભ મૂકી ગયા....
તમારા આજીવન પરોપકારી કાર્યોને સદા યાદ રાખીશું.
સજ્જનતા તમારુ કર્તવ્ય હતું, એવા કર્તવ્યનિષ્ઠ પુણ્ય આત્મા ને
પ્રભુ શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

**આપના વ્હાલા પરિવારજનો**

| | | |
|---|---|---|
| ધર્મપત્ની | : | નીલાબેન પ્રદિપભાઈ સોગઠી |
| પુત્ર-પુત્રવધુ | : | કૃણાલ-શીતલ |
| દીકરી-જમાઈ | : | રૂપાલી-જગદીશ |
| | | સોનાલી-તેજસ |
| પૌત્ર | : | પાર્શ્વ |
| દોહિત્ર-દોહિત્રી | : | પ્રથમ, સ્મીત, આર્યન, પ્રીશા |

સ્વ. નવીનચંદ્ર વાડીલાલ સોગઠી પરિવાર
સ્વ. ચીમનલાલ વાડીલાલ સોગઠી પરિવાર (જલગાંવ)
સ્વ.નવીનતલાલ નરોત્તમદાસ શાહ પરિવાર (સસરાપક્ષ)

ફર્મ
N. P. Developers, M : 98212 19008/93222 18513

Advt.

To,

Registered with register of Newspaper under RNI No. 6489/57, Postal Registration No. MCS/046/2021-23. WPP Licence No. MR/Tech/WPP - 341/South/2021-23 Published on 5th of every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.

# ૨૫ મી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ





**સ્વ. પ્રેમચંદ ફૂલચંદ અદાણી**
(ગામ-સુદામડા, હાલ-ઘાટકોપર-મુંબઈ)
જન્મ : તા. ૧૦-૨-૧૯૧૦
સ્વર્ગવાસ : તા. ૨૮-૮-૧૯૯૭

**સ્વ. હેમકુંવર પ્રેમચંદ અદાણી**
(ગામ-સુદામડા, હાલ-ઘાટકોપર-મુંબઈ)
જન્મ : તા. ૧૫-૦૩-૧૯૧૯
સ્વર્ગવાસ : તા. ૦૮-૦૩-૨૦૦૯

આપનું સરળ જીવન, પરિવાર પ્રત્યેનો સ્નેહ, સમાજના સાધર્મિક પ્રત્યેનો પ્રેમ, દિનદુ:ખીયા પ્રત્યેની હમદર્દી અને આપના કર્તવ્યનિષ્ઠ સ્વભાવે અમારા જીવનમાં પ્રકાશ પાથર્યો છે. તમારું સ્મરણ અદાણી પરિવારના સર્વે અબાલ વૃદ્ધમાં અકબંધ છે. સંસ્કાર, સાદાઈ, ધર્મ અને સદાચારના આપે ચીંધેલા માર્ગે, જીવનના પ્રત્યેક ક્ષેત્રે આગળ વધતાં આપના આશીર્વાદ અમારી સાથે જ છે.

માતા-પિતા સ્વર્ગ છે, માતા-પિતા ધર્મ છે અને માતા-પિતા તપ છે. એવાં માતા-પિતા કુટુંબવાત્સલ્ય બનીને સામાજિક અને આધ્યાત્મિક સ્થંભ બની ગયેલા.

પ્રભુ આપના દિવંગત આત્માને પરમ શાંતિ આપે તેવી પ્રાર્થના.

લિ.

| | | |
|---|---|---|
| **પુત્રો** | : | સુરેશભાઈ, કિશોરભાઈ, સતીષભાઈ, કિરીટભાઈ, ગિરીશભાઈ |
| **પુત્રવધૂઓ** | : | સર્યુબેન, સ્વ. અરૂણાબેન, સુરેખાબેન, વર્ષાબેન, કોકીલાબેન |
| **પુત્રીઓ** | : | ભાનુબેન રમેશચંદ્ર શાહ, ભારતીબેન મહેન્દ્રકુમાર શાહ |
| **પૌત્ર** | : | રાજેશ-અમીત-દેવેન-રિતેશ |
| **પૌત્રી** | : | દિપ્તી, પિના, વિભા, નેહા, નિરાલી, ઉર્વી, બોસ્કી, નીધી |

**તથા સમસ્ત અદાણી પરિવારજનો**

Advt.

Printed & Published by Pravinchandra G. Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 47, Dr. M. B. Velkar Street, 1st Floor,Mumbai - 400 002. Printed at : RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Mobile : 98675 40524. Editor : Sandhya B. Shah